BAOU
Education for All

**યુનિવર્સિટી ગીત**

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-81-953732-2-2

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ


## પેપર - ૩

(મુખ્ય તથા ગૌણ)

HISM / HISS - ૨૦૩

## ભારત નો ઈતિહાસ

(ઈ. સ. ૬૫૦ થી ૧૫૨૬ સુધી)



## વિભાગ-૧ ઈ.સ. ૬૫૦ થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધી

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

*પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* — *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. પ્રફુલ નવાકર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**વિષય સમિતિઃ**

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* — *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. લલિત પટેલ* — *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ*

**પરામર્શન (વિષય):**

*ડૉ. પ્રદ્યુમન ખાચર* — *એસોસીએટ પ્રોફેસર ,ઈતિહાસ વિભાગ , મહિલા કોલેજ ,જૂનાગઢ*

*પ્રો. (ડૉ). પ્રફુલા રાવલ* — *નિવૃત પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.*

*પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* — *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.*

**લેખનઃ**

*ડૉ. વિક્રમ અમરાવત* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.*

**પરામર્શન (ભાષા):**

*ડૉ.જાગૃતિ મહેતા* — *આસિસ્ટન્ટ પ્રોફેસર,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*શ્રી પ્રવીણ વણકર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ.ધ્વનિલ પારેખ* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાતી વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા.*

*ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.*



**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**ISBN : 978-81-953732-2-2**

**પ્રકાશન વર્ષ : 2021-પ્રથમ આવૃતિ**

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

BAOU
Education for all

દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ
પેપર-૩ ભારતનો ઈતિહાસ
**(ઈ.સ.650 થી ઈ.સ.1526)**
**HISM/HISS-203**( મુખ્ય તથા ગૌણ)

## વિભાગ – 1 ઈ.સ. 650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધી


**એકમ-1** **01**
ઈતિહાસ જાણવાના સ્રોતો

**એકમ-2** **19**
ચાલુક્ય (વાતાપી), પલ્લવ અને ચૌલ

**એકમ-3** **40**
પરમાર, રાષ્ટ્રકૂટ, ગુજરાતના ચાલુક્યો અને ગૂર્જર પ્રતિહાર

**એકમ-4** **65**
રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ

**એકમ-5** **77**
દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની ભારતની રાજકીય સ્થિતિ

## વિભાગ-1 ઈ.સ. 650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધી

---

**ભારતનો ઈતિહાસ (ઈ.સ. 650 થી ઈ.સ. 1526સુધી) પેપર-3** *ના વિભાગ-1 માં ઈ.સ.650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધીમાં કુલ 5 એકમોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઈ.સ. 650 થી દિલ્હી સલ્તનતની સ્થાપના સુધીના ઈતહાસમાં રાજકીય,સામાજિક,આર્થિક,ધાર્મિક,સાંસ્કૃતિક બાબતોને આવરી લેવામાં આવી છે*

**એકમ-1***માં ઈતિહાસ જાણવાના સ્રોતોમાં ઈતિહાસની જાણકારી માટેના પુરાવાસ્તુકીય અને સાહિત્યિક સાધનોની ચર્ચા કરવામાં આવી છે.જેમાં શિલાલેખો,અભિલેખો,સિક્કાઓ,પ્રશસ્તિપત્રો, તામ્રપત્રો ઉપરાંત તે સમય માં રચાયેલી સાહિત્યિક કૃતિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે.*

**એકમ-2***માં ચાલુક્ય (વતાપી), પલ્લવ અને ચૌલ જેવા રાજ્યો ની ઉત્પતિ તેમનો રાજકીય,સામાજિક,આર્થિક,ધાર્મિક,અને સાંસ્કૃતિક ઈતિહાસની વિગતે માહિતી આપવામાં આવેલી છે*

**એકમ-3***માં ભારતમાં રાજપૂતો દરમ્યાન ઉત્તર અને દખ્ખણ ભારતના ચાર પ્રમુખ રાજ્યો પરમાર,રાષ્ટ્રકૂટ,ગુજરાતના ચાલુક્ય,અને ગુર્જર પ્રતિહાર રાજવંશોની રાજકીય બાબતોની ચર્ચા કરવામાં આવી છે જેમાં રાજ્યોની સ્થાપના તેમના આંતરિક કલહો,આરબ આક્રમણો સામેની તેમની નિષ્ફળતા અને ભારતમાં મજબુત બનતી મુસ્લિમ સત્તા વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે*

**એકમ- 4***માં રાજપૂત શાસનકાળ દરમિયાન સામાજિક,આર્થિક,ધાર્મિક સ્થિતિ વિશેની ચર્ચા કરવામાં આવી છે. જેમાં રાજપૂતકાલીન સામજિક રીવાજો , ખેતી અને સિંચાઈ અંગેની માહિતી તથા આ સમયના ધર્મો વગેરેની વિગતે માહિતી આપવામાં આવી છે.*

**એકમ-5***માં દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની ભારતની રાજકીય પરિસ્થિતિ માહિતગાર થશો.જેમાં મહેમુદ ગઝનવી નું આક્રમણ,મહમદ ઘોરીનું આક્રમણ,તરાઈના બે યુધ્ધો, દિલ્લી સ્લતનતની સ્થાપના પૂર્વે ભારતા રાજ્યો વગેરેની વિગતે માહિતી આપવામાં આવી છે.*

| એકમ-1 | ઈતિહાસ જાણવાના સ્રોતો |
|---|---|

**રૂપરેખા :**


**1.0 ઉદ્દેશ્યો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ઈતિહાસ જાણવાના સ્રોતો**

**1.2.1 પુરાવસ્તુકીય સ્રોતો**

**I. અભિલેખો**

**II. સિક્કાઓ**

**III. ઈમારતો**

**1.2.2 સાહિત્યિક સ્રોતો**

**I. ભારતીય ભાષા સાહિત્ય**

**II. વિદેશી ભાષા સાહિત્ય**

**તમારી જાતે ચકાસો**

**1.3 સારાંશ**

**1.4 શબ્દાવલી**

**સ્વાધ્યાય**

**1.5 સંદર્ભ ગ્રંથો**


## 1.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સાધનો અને સાહિત્યિક સાધનો અંગેનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *ભારતીય ઈતિહાસના પૂર્વ મધ્યકાળીન ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સાધનો અંગે માહિતગાર થશે.*
- *ભારતીય ઈતિહાસના પૂર્વ મધ્યકાળીન ઈતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો અંગે માહિતગાર થશે.*
- *ભારતીય ઈતિહાસના પૂર્વ મધ્યકાળની વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ વિશે માહિતગાર થશે.*

## 1.1 પ્રસ્તાવના

*ભારતીય ઈતિહાસમાં હર્ષવર્ધનની મૃત્યુ પછી ઉત્તર ભારતમાં જે રાજકીય વિખંડન થયું તેનાથી એક નવીન રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિસ્થિતિ*

*ઉભી થઈ હતી જેને કેટલાંક ઈતિહાસકારો ભારતમાં સામન્તવાદના યુગ તરીકે જણાવે છે. રામશરણ શર્મા જેવા ઈતિહાસકારોએ આ સ્થિતિને ભારતીય સામન્તવાદ તરીકે જણાવે છે. કેટલાંક ઈતિહાસકારો ઈ.સ. 650થી દિલ્હીમાં તુર્કી સલ્તનતની સ્થાપનાના સમય ઈ.સ.1206 સુધીના સમયને રાજપૂત યુગ તરીકે પણ જણાવે છે. આ સમય દરમ્યાન ઉત્તર અને દક્ષિણ ભારતમાં અનેક રાજકીય સત્તાઓનો ઉદય, વિકાસ અને પતન થયો હતો. ગુપ્તો પછી ઉત્તર ભારતની રાજકીય સત્તાનો કેન્દ્ર મગધથી કન્નૌજ તરફ ખેંચાયો. હર્ષવર્ધન પછી કન્નૌજ પર અધિકાર મેળવવા માટે આઠમી અને નવમી સદીમાં જે સંઘર્ષ થયો તે ભારતીય ઈતિહાસમાં ત્રિ-રાષ્ટ્ર સંઘર્ષના નામે ઓળખાએ છે જેમાં ગૂર્જર પ્રતિહાર, પાલ અને રાષ્ટ્રકૂટ શાસકો વચ્ચે કન્નૌજ પર પ્રભાવ સ્થાપિત કરવા માટેની હરીફાઈ જોવા મળે છે. ઉત્તર ભારતમાં સાતમીથી બારમી સદી દરમ્યાન કેટલાંક નવીન રાજપૂત રાજ્યોનો ઉદય થાય છે જેમાં માળવાના પરમારો, ગુજરાતના સોલંકી, મેવાડના ગોહિલ, જેજાકભુક્તિના ચંદેલ, શાકમ્ભરીના ચૌહાણ વગેરે પ્રમુખ છે. હર્ષવર્ધનના સમયમાં જ દક્ષિણ ભારતમાં બાદામીના ચાલુક્ય વંશનો પ્રભાવ હતો, તેના પછી રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી, આ જ સમયમાં સૂદૂર દક્ષિણમાં કાંચીમાં પલ્લવ વંશના શાસકોનો રાજ્ય હતો. બાદામીના ચાલુક્યો પછી દક્ષિણમાં રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી, નવમી સદી પછી ચોલ રાજ્યનો ઉદય થાય છે. ત્યારે કલ્યાણીના ચાલુક્ય વંશનો પણ ઉદય થાય છે. પશ્ચિમી ભારત તરફથી આઠમી સદીની શરૂઆતથી વિદેશી આક્રમણોની શરૂઆત થઈ જાય છે જેનો સફળ પ્રતિરોધ બારમી સદીના અંત સુધી ક્ષેત્રીય રાજ્યો દ્વારા કરવામાં આવે છે. બારમી સદીના અંતમાં તરાઈનના બીજા યુદ્ધમાં શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાની પરાજય પછી દિલ્હીમાં તુર્કી સલ્તનતની સ્થાપના થાય છે. એ ભારતીય ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે જેના પછી ભારતના ઈતિહાસના બધા ક્ષેત્રોમાં પરિવર્તનો જોવા મળે છે. રાજકીય જ નહીં પણ, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, વહીવટીય ક્ષેત્રે એક નવીન યુગનો આરંભ થાય છે. જે તુર્કી સત્તાની સ્થાપના ઈ.સ. 1206માં દિલ્હીમાં થાય છે તેના પછી ઈ.સ. 1526 સુધીમાં પાંચ જુદા-જુદા વંશના તુર્ક-અફગાન શાસકો દિલ્હી પર શાસન કરે છે. ઈ.સ. 1206થી 1526 સુધીનો આ યુગ ભારતના ઈતિહાસમાં સલ્તનત યુગના નામે ઓળખાય છે. આ અધ્યાયમાં રાજપૂત યુગ અને સલ્તનત યુગના ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોની ચર્ચા કરવામાં આવશે.*

## 1.2 ઈતિહાસ જાણવાના સ્ત્રોતો

*ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના ઈતિહાસ જાણવા માટે હવે પ્રચુર માત્રામાં પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનો મળે છે. રાજપૂતકાળ દરમ્યાન સંપૂર્ણ ભારતમાં જે વિવિધ રાજકીય સત્તાઓનો ઉદય થયું તેના સમયમાં અને તુર્ક-અફગાન શાસન દરમ્યાન સલ્તનત કાલમાં શાસક વર્ગ દ્વારા પોતાના સંરક્ષણમાં અને અન્ય દરબારી સાહિત્યકારો અને ઈતિહાસકારો દ્વારા જે ગ્રંથોની રચના કરવામાં આવી તે તત્કાલીન*

ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ સાધનો છે. ઉપરાંત શાસક વર્ગ દ્વારા જે નિર્માણ કાર્ય કરાવવામાં આવ્યું તેના અવશેષો અને તે ઈમારતો જેમાં કે મંદિરો, મહલો, કિલ્લાઓ, મસ્જિદો, મકબરાઓ, દરવાજાઓ વગેરે શામેલ છે, તે પણ તત્કાલીન સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ પુરાવસ્તુકીય સાધનો છે. આ સમયગાળાના ઈતિહાસ જાણવા માટેના સાધનોને મુખ્યત્ત્વે બે ભાગમાં વંહેચી શકાય છે – (1) પુરાવસ્તુકીય સ્રોત અને (2) સાહિત્યિક સ્રોત.

### 1.2.1 પુરાવસ્તુકીય સ્રોતો

ઈતિહાસ જાણવા માટેના સાધનોમાં પુરાવસ્તુકીય સાધનો સાહિત્યિક સાધનો કરતા વધારે મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. પુરાવસ્તુકીય સ્રોતોમાં રચનાકાલ વિશે સચોટ માહિતી મળવાની સંભવાના વધારે રહે છે. પુરાવસ્તુકીય સાધનોની બીજી નકલ કરી શકાતી નથી એટલે તે સાધનો પોતાના મૂલ સ્વરૂપમાં જ હોય છે જેનાથી ઈતિહાસ લેખનમાં તેને પ્રાથમિક સ્રોત તરીકે ગણી શકાય છે. પ્રાગૈતિહાસિક યુગ અને આદ્યૈતિહાસિક યુગના ઈતિહાસ જાણવા માટે તો પુરાવસ્તુકીય સાધનો સૌથી મહત્ત્વના છે. ઐતિહાસિક યુગના ઈતિહાસ જાણવા માટે સાહિત્યિક સાધનો પણ સહાયક સામગ્રી તરીકે આવી જાય છે તો પણ પુરાવસ્તુકીય સ્રોતોનો મહત્ત્વ આધાર સામગ્રી તરીકે છે. ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સ્રોતોમાં મુખ્યત્ત્વે અભિલેખો, જૂની ઈમારતો, અવશેષો, સિક્કાઓ, ચિત્રો આદિનો સમાવેશ થાય છે.

#### I. અભિલેખો

પુરાવસ્તુકીય સાધનોમાં સૌથી મહત્ત્વના સાધન તરીકે અભિલેખો છે. અભિલેખો મુખ્યત્ત્વે પત્થર અથવા તો ધાતુ પર કોતરેલા હોય છે. અભિલેખો પર જે લખાણ હોય છે તે સાહિત્યિકિ સામગ્રીની જેમ જ હોય છે પરંતુ તેમાં કોઈ પણ રીતે ફેરફાર સંભવ નથી. અભિલેખોના અનેક પ્રકાર હોય છે. કોઈ રાજ્યાદેશ, શાસકની પ્રશસ્તિ, દાનપત્ર વગેરે, જનતા માટે સૂચનાઓ વગેરે અભિલેખોમાં હોય છે જે તત્કાલીન ઈતિહાસ જાણવા માટે આધાર સામગ્રી હોય છે. પૂર્વમધ્યકાળીન ભારતના ઈતિહાસ જાણવા માટેના કેટલાંક મહત્ત્વપૂર્ણ અભિલેખો નીચે મુજબ છે –

#### 1) મિહિરભોજનો ગ્વાલિયર અભિલેખ

ઈ.સ. 880નો આ અભિલેખ ગૂર્જર-પ્રતિહાર વંશીય શાસક મિહિરભોજની પ્રશસ્તિ છે જે સંસ્કૃત ભાષા અને ઉત્તરી બ્રાહ્મી લિપિમાં છે. ગૂર્જર પ્રતિહાર વંશની વંશાવળી જાણવા માટે આ પ્રશસ્તિ મહત્ત્વપૂર્ણ સ્રોત છે. ગૂર્જર પ્રતિહાર વંશના શાસકોના બીજા રાજ્યો સાથેના સંબંધોની ચર્ચા આ પ્રશસ્તિમાં કરવામાં આવી છે. આ અભિલેખમાં ગૂર્જર-પ્રતિહાર શાસક નાગભટ્ટ, કક્કુક, દેવરાજ, વત્સરાજ અને મિહિરભોજના રાજકીય કાર્યો અને સિદ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**2) બાઉકનો જોધપુર અભિલેખ**

*ઈ.સ. 837નો આ અભિલેખ સંસ્કૃત ભાષામાં અને ઉત્તરી બ્રાહ્મી લિપિમાં છે. આ અભિલેખ એક પ્રશસ્તિ તરીકે છે અને સંસ્કૃત ભાષાના કુલ 31 શ્લોક છે. આ અભિલેખથી પ્રતિહાર વંશની ઉત્પત્તિ અને તેના શાસકોની રાજકીય સિદ્ધિઓ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે. પ્રશસ્તિની રચના સ્વર્ણકાર વિષ્ણુરવિના પુત્ર કૃષ્ણેશ્વરે કરી હતી. અભિલેખથી જાણવા મળે છે કે પ્રતિહાર વંશના મૂળ પુરૂષ હરીશચંદ્ર એક બ્રાહ્મણ હતો અને તેની પત્નિ ભદ્રાક્ષત્રીય હતી તેનાથી ઉત્પન્ન પુત્ર પ્રતિહાર વંશી થયા.*

**3) બુચકલા અભિલેખ**

*આ અભિલેખ ગૂર્જર-પ્રતિહાર વંશના શાસક નાગભટ્ટના સમયનો છે. ઈ.સ. 816નો આ અભિલેખ સંસ્કૃત ભાષામાં છે જો રાજસ્થાનના જોધપુર પાસે બુચકલા ગામમાંથી મળી આવ્યો છે. આ અભિલેખમાં પ્રતિહારકાલીન સામન્તીય વ્યવસ્થાની અને પ્રતિહારવંશીય શાસકોની ધાર્મિક નિષ્ઠાની માહિતી મળે છે.*

**4) ધર્મપાલનો ખલીમપુર તામ્રપત્ર અભિલેખ**

*નવમી સદીનો આ તામ્રપત્ર વર્તમાન બાંગ્લાદેશના ખલીમપુરથી મળી આવ્યો છે. તેની ભાષા સંસ્કૃત છે અને તે એક દાનપત્ર છે જે બૌદ્ધ ધર્મથી સંબંધિત છે. જેમાં જાણવા મળે છે કે ધર્મપાલ પોતે બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો ઉપરાંત વૈષ્ણવ મંદિર માટે દાન આપે છે. પાલ વંશના પ્રથમ શાસક ગોપાલને જનતાએ શાસક બનાવ્યો હતો તેની માહિતી પણ આ અભિલેખથી મળે છે. પાલ શાસકોના વહીવટીય અધિકારીઓ વિશેની પણ આ અભિલેખમાં માહિતી મળે છે.*

**5) નારાયણપાલનો ભાગલપુર તામ્રપત્ર અભિલેખ**

*ઈ.સ. 873નો આ તામ્રપત્ર સંસ્કૃત ભાષામાં અને દેવનાગરી લિપિમાં છે. આ ગદ્ય અને પદ્યમાં લખાયેલ છે. આ અભિલેખમાં પાલ વંશીય શાસક નારાયણપાલ દ્વારા 100 મંદિરોના નિર્માણ વિશે માહિતી મળે છે અને નારાયણપાલના પિતામહ જયપાલ દ્વારા ઉત્કલ રાજ્યની વિજય અંગેની માહિતી પણ મળે છે. પાલ સૈનામાં જુદી-જુદી જ્ઞાતિઓ વિશેની પણ માહિતી મળે છે.*

**6) દેવપાલનો નાલન્દા દાનપત્ર અભિલેખ**

*આ દાનપત્ર પાલ શાસક દેવપાલના શાસનના 31માં વર્ષનો છે. આ દાનપત્રમાં દેવપાલ દ્વારા જાવાના શાસક બાલપુત્રદેવ દ્વારા બનાવેલ બૌદ્ધ વિહાર માટે પાંચ ગામ દાન આપતુ વિવરણ છે. દાનપત્ર સંસ્કૃત ભાષામાં છે અને નાગરી લિપિમાં લખાયેલ છે જેમાં કુલ 66 લીટીઓ છે. અભિલેખ દ્વારા બૃહત્તર ભારત સાથે ભારતીય શાસકોના સંબંધો વિશે મહત્ત્વની માહિતી મળે છે.*

### 7) વિજયસેનનો દેવપરા અભિલેખ

*સેન વંશીય શાસક વિજયસેનના સમયનો (11મી સદી) આ અભિલેખ સંસ્કૃત ભાષામાં અને નાગરી લિપિમાં છે જે વર્તમાન બાંગ્લાદેશના દેવપરાથી મળી આવ્યો છે. આ એક પ્રશસ્તિ છે જેમાં કુલ 36 શ્લોક છે અને 32 લીટીઓ છે. સેન વંશના સંસ્થાપક સામન્તસેન વિશે માહિતી મળે છે. વિજયસેન દ્વારા એક શિવ મંદિર નિર્માણ વિશે માહિતી મળે છે. સેન વંશીય શાસકોના રાજકીય અને સાંસ્કૃતિક જીવન વિશે માહિતી મળે છે.*

### 8) સીયક બીજાનો હરસોલ અભિલેખ

*ઈ.સ. 949 નો આ તામ્રપત્ર માળવાના પરમાર શાસક સીયક બીજાના સમયનો છે જે સંસ્કૃત ભાષામાં અને નાગરી લિપિમાં છે જે ગદ્ય અને પદ્યમાં છે. કુલ બે તામ્રપત્ર છે જેમાં 16 અને 13 લીટીઓમાં લખાણ છે. એ તામ્રપત્ર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હરસોલ ગામથી મળી આવ્યા છે. એ તામ્રપત્ર ગ્રામદાન માટેનો છે જેમાં કુમ્ભારોટક ગામ લલ્લોપાધ્યાયને અને સિહાકા ગામની દિક્ષિતાને આપવાનું વિવરણ છે. એ બન્ને પિતા અને પુત્ર હતા અને આનન્દપુરના બ્રાહ્મણ હતા.*

### 9) મુંજનો ઉજ્જૈન દાનપત્ર અભિલેખ

*ઈ.સ. 980નો એ દાનપત્ર પરમાર શાસક મુંજ દ્વારા આપેલ દાન વિશેની માહિતી આપે છે. આ અભિલેખમાં પરમાર વંશની વંશાવળીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુંજ દ્વારા ધારણ કરેલ ઉપાધીઓ વિશેની માહિતી મળે છે – પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર. ભટ્ટેશ્વરી દેવીના મંદિરના બાંધકામ અને નવીનીકરણ માટે આપેલ દાનનું વર્ણન છે.*

### 10) ભોજની ઉદયપુર પ્રશસ્તિ

*ઉદયપુરમાંથી મળી આવેલ આ પ્રશસ્તિમાંથી પરમાર વંશીય શાસક ભોજ દ્વારા મંદિર નિર્માણ વિશેની માહિતી મળે છે. પરમાર શાસક ભોજ દ્વારા ભોજપુર નામક નવીન નગરના નિર્માણ વિશે અને ભોજાસર નામક તળાવના નિર્માણ વિશેની માહિતી મળે છે.*

### 11) અમોઘવર્ષનો સંજાન તામ્રપત્ર અભિલેખ

*ઈ.સ. 871નો આ તામ્રપત્ર રાષ્ટ્રકૂટ નરેશ અમોઘવર્ષ પ્રથમના સમયનો છે. આ તામ્રપત્રમાં અમોઘવર્ષ પ્રથમ દ્વારા દ્રવિડ઼ પ્રદેશ પર મેળવેલ વિજય વિશેની વિશેષ માહિતી મળે છે. ગંગ વંશીય શાસકો સાથે રાષ્ટ્રકૂટોના સંબંધો વિશે પણ માહિતી મળે છે.*

### 12) મણિમંગલમ અભિલેખ

*આ અભિલેખ ચોલ શાસક રાજાધિરાજના સમયનો છે જેમાં ચોલ શાસકોની વંશાવળી આપવામાં આવી છે. અભિલેખમાં ચોલ શાસક રાજાધિરાજની રત્તમણ્ડલ રાજ્ય*

*પર મેળવેલ વિજયની માહિતી મળે છે અને ચોલ શાસકોના શ્રીલંકા સાથેના સંબંધો વિશેની માહિતી પણ મળે છે.*

**13) રાજેન્દ્ર ચોલનો તાંજૌર અભિલેખ –**

*ચોલ શાસક રાજેન્દ્ર ચોલ પ્રથમનો આ અભિલેખ ઈ.સ. 1030નો છે. આ અભિલેખમાં ચોલ શાસકોના જાવા, સુમાત્રા, મલાયા, મલક્કા સુધીની વિજયોનો વિવરણ મળે છે.*

**14) ધ્રુવનો ભોર તામ્રપત્ર અભિલેખ –**

*ઈ.સ. 780નો આ તામ્રપત્ર રાષ્ટ્રકૂટ નરેશ ધ્રુવનો છે જે મહારાષ્ટ્રના પૂનાના નજીક ગામમાંથી મળી આવ્યો છે. અભિલેખમાં રાષ્ટ્રકૂટ શાસકોના રાજકારણ અને ત્રિરાષ્ટ્ર સંઘર્ષ વિશે વિસ્તારથી માહિતી મળે છે.*

**15) ધંગદેવનો ખજુરાહો અભિલેખ**

*આ અભિલેખ ચંદેલ શાસક ધંગદેવના સમયનો છે જે ઈ.સ. 954નો છે. ભાષા સંસ્કૃત અને લિપિ દેવનાગરી છે. અભિલેખમાં ચંદેલ શાસકો વિશે માહિતી મળે છે. ચંદેલોના સામ્રાજ્ય વિસ્તારની માહિતી આ અભિલેખથી મળી આવે છે.*

**I. સિક્કાઓ**

*ઈતિહાસ જાણવાની પુરાવસ્તુકીય સામગ્રીમાં સિક્કાઓનું વિશેષ મહત્ત્વ છે. મૌર્યો પછીથી સાતવાહનો સુધીના ઈતિહાસ માટે તો સિક્કાઓ પર વધારે નિર્ભર રહેવું પડે છે. ગુપ્તકાળના ઈતિહાસ માટે પણ સિક્કાઓનું વિશેષ મહત્ત્વ છે. રાજપૂતકાળ અને સલ્તનતકાલના ઈતિહાસ જાણવા માટે પણ આ સમયમાં વિભિન્ન શાસકો દ્વારા જારી સિક્કાઓ બહુ મહત્ત્વના છે. સિક્કાઓમાં રાજાઓના વંશ-વૃક્ષ, તેની સિદ્ધિઓ, તેના શાસનકાલ દરમ્યાન થયેલ રાજકીય, ધાર્મિક ઘટનાઓ વિશે મહત્ત્વની માહિતી મળે છે. ક્યારેક તો સિક્કાઓ પર અંકિત ચિત્રો કોઈ વિશેષ ઘટનાઓ વિશે પણ માહિતી આપે છે. સિક્કાઓ પર અંકિત શાસકોના નામ, સમયકાળ વગેરે તત્કાલીન ઈતિહાસ જાણવા માટેની પ્રાથમિક સામગ્રી ગણી શકાય છે. સિક્કાઓ સાંસ્કૃતિક, રાજકીય અને સામાજિક ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના સાધન હોય છે પરંતુ સૌથી વધારે તો આર્થિક ઈતિહાસ જાણવા માટે સિક્કાઓનું મહત્ત્વ છે. રાજપૂતકાળ અને સલ્તનતકાળ ના સિક્કાઓ આ સમયના ઈતિહાસના મહત્ત્વના સ્રોત છે. એ સિક્કાઓ લોકોના વ્યક્તિગત સંગ્રહમાં અથવા તો સંગ્રહાલયોમાં સંરક્ષિત છે. અંગ્રેજોના ભારતીય ઈતિહાસમાં રસના લીધે એવા ઘણા સિક્કાઓ બ્રિટિશ સંગ્રહાલયો અને અંગ્રેજ અધિકારીઓના પોતાના સંગ્રહોમાં સંગ્રહિત છે.*

*ગુપ્તોત્તર કાલમાં સુવર્ણ સિક્કાઓ બહુ જ ઓછા જોવા મળે છે અને ચાંદીના સિક્કાઓમાં પણ ભારી કમી જોવા મળે છે. કેટલાંક ઈતિહાસકારો સુવર્ણ અને ચાંદીના સિક્કાઓની કમીનું કારણ વિખંડિત રાજકીય પરિસ્થિતિ અને*

તેનાથી ઉદ્ભવેલી નવીન આર્થિક અને સામાજિક સંરચનાને માને છે. રામશરણ શર્મા માને છે કે ભારતમાં આ સમયમાં સામન્તવાદની પરિસ્થિતિના લીધે વેપાર અને વાણિજ્યમાં પતન જોવા મળે છે. પરંતુ આ સમયમાં જ ચાંદી અને તામ્રના મિશ્રિત સિક્કાઓ અને તામ્ર અને કાંસ્યના સિક્કાઓ પર્યાપ્ત માત્રામાં મળે છે જેનાથી આ સમયના વેપાર વાણિજ્યમાં તત્કાલીન પ્રચલનો વિશે જાણી શકાય છે અને રામશરણ શર્માના આ તર્કનું ખંડન પણ કરવામાં આવે છે કે આ સમય દરમ્યાન વેપાર-વાણિજ્યનો પતન થયો હતો. કેટલાંક ઈતિહાસકારો આ સમયમાં રાજકીય વિકેન્દ્રીકરણના લીધે થએલ પરિવર્તન અને તેનાથી સ્થાનીય વેપાર-વાણિજ્યના વિકાસની પણ ચર્ચા કરે છે. રાજપૂતકાળ અને સલ્તનતકાળ દરમ્યાન ઉત્તર ભારતમાં પ્રચલિત ઈંડો-સાસાનીય સિક્કાઓ જેને ગદહિયા પણ કહેવામાં આવે છે, પણ મહત્ત્વના છે. એ સિક્કાઓ ચાંદી અથવા તો તામ્રના હતા. આ સમયમાં દ્રમ્મ સિક્કાઓનું પણ પ્રચલન હતું. એ સિક્કાઓ સુવર્ણ, ચાંદી, તામ્ર અને મિશ્રિત ધાતુઓના બનાવવામાં આવતા હતા. ગુર્જર પ્રતિહાર શાસકોના દ્રમ્મ સિક્કાઓ ઉત્તરભારતના વિભિન્ન સ્થળોથી મળી આવ્યા છે.

મુહમ્મદ બિન કાસિમના આક્રમણ પછી ભારતમાં સિંધ અને આરબ સાથે વેપાર વિશે પણ સિક્કાઓના આધારે કેટલીક માહિતી મળે છે. આ સમય દરમ્યાનમાં ઉત્તર ભારતમાંથી ચાંદીના દિરહમ અને સુવર્ણના દિનાર મળી આવ્યા છે જે ભારતમાં આરબ લોકો સાથે વેપારિક સંબંધોની માહિતી આપે છે. આઠમી સદી પછીના કશ્મીરના કર્કોટક વંશના સિક્કાઓ, બંગાળના ચંદ્ર વંશના સિક્કાઓ, દસમી સદીમાં ભારતના પશ્ચિમી દરિયા પર પ્રચલિત લારી સિક્કાઓ આ સમયનો આર્થિક જાણવા માટે મહત્ત્વના છે. ભારતમાં સલ્તનતની સ્થાપના પછી કુતુબુદ્દીન ઐબકના સમયમાં પ્રચલિત દેહલીવાલ સિક્કાઓ અને તેના પછી ઈલ્તુતમિશથી ફિરોજશાહ તુગલક સુધીના શાસકોના સમયમાં પ્રચલિત સુવર્ણ, ચાંદી, તામ્ર અને મિશ્રિત ધાતુના સિક્કાઓ આ સમયના આર્થિક, સામાજિક ઈતિહાસ વિશે પર્યાપ્ત માહિતી આપે છે.

## II. ઈમારતો

પુરાવસ્તુકીય સાધનોમાં વિભિન્ન ઈમારતો જેમ કે મંદિરો, ભવનો, મહલો, કિલ્લાઓ, મસ્જિદો, મકબરાઓ, દરવાજાઓ જેવા બાંધકામ વિશેષ મહત્ત્વના છે. રાજપૂતયુગ અને સલ્તનતયુગ દરમ્યાન શાસકો દ્વારા અથવા તો શાસકોના સંરક્ષણમાં જે બાંધકામો થયા તે વર્તમાનમાં પૂર્ણ સ્વરૂપ અને ભગ્નાવશેષ સ્વરૂપમાં મળે છે જે તત્કાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના પ્રાથમિક સ્રોત છે. રાજપૂત યુગમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્થાપત્ય અને વાસ્તુકલાનું પર્યાપ્ત વિકાસ થયું હતું. જેમાં મંદિર સ્થાપત્યનો વિશેષ મહત્ત્વ છે.

એવી જ રીતે સલ્તનતકાળ દરમ્યાન પણ સ્થાપત્યકલાનો વિકાસ થયો જેમાં મસ્જિદો, મકબરાઓ જેવી ઈમારતો મહત્ત્વની છે.

રાજપૂતકાળ દરમ્યાન જે મંદિરોની વિવિધ શૈલીઓનું વિકાસ થયો જેમાં સંપૂર્ણ ભારતમાં વિવિધ પ્રકારના મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું. નાગર, બેસર અને દ્રવિડ઼ એ ત્રણ શૈલીઓમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું. એ મંદિરો વર્તમાનમાં પણ પૂર્ણ અથવા ભગ્નાવશષોમાં મૌજૂદ છે જે સમકાલીન ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના છે. ઉત્તર ભારતમાં સૌથી પ્રસિદ્ધ મંદિર ઓરિસ્સા શૈલીના છે. પર્સી બ્રાઊન જેનો સમયગાળો આઠમીથી તેરમી સદી નક્કી કરે છે. આ શૈલીના મંદિરોને ત્રણ શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે. પ્રથમ શ્રેણી (ઈ.સ. 750-900 સુધી નિર્મિત)માં પરશુરામેશ્વર, વેતાલ દેવલ, શત્રુઘ્નેશ્વર, ભરતેશ્વર, ઈશ્વરેશ્વર અને ઉત્તરેશ્વર મંદિર છે. દ્વિતીય શ્રેણી (ઈ.સ. 900-1100 સુધી નિર્મિત)માં ભુવનેશ્વરનો મુક્તેશ્વર અને લિંગરાજ મંદિર અને પૂરીનું જગન્નાથ મંદિર છે. તૃતીય શ્રેણી (ઈ.સ. 1100-1250 સુધી નિર્મિત)માં અનન્તવાસુદેવ મંદિર, રાજારાણી મંદિર અને કોણાર્કનું સૂર્ય મંદિર છે. ખજુરાહોના મંદિરોનો પણ ઉત્તર ભારતના મુખ્ય મંદિર સમૂહોમાં સમાવેશ થાય છે. ત્યાં કુલ 25 મંદિરો છે જે શૈવ, વૈષ્ણવ અને જૈન મંદિરોના સમૂહમાં છે. ત્યાનાં પ્રમુખ મંદિરોમાં કંદરીય મહાદેવ મંદિર, વિશ્વનાથ મંદિર, કુઁવરમઠ મંદિર, ચતુર્ભુજ મંદિર, દેવી જગદમ્બા મંદિર, ચૌંસઠ યોગિની મંદિર, જિનનાથ મંદિર, પાર્શ્વનાથ મંદિર, ઘટઈ મંદિર પ્રમુખ છે. મધ્યભારતમાં ગ્વાલિયર મંદિર સમૂહમાં વેલી અને સાસ-વહૂના મંદિર દસમી અને અગિયારમી સદીના છે. એરણ અને ઓસિયાંના મંદિર સમૂહ પણ રાજપૂતકાળના મહત્ત્વપૂર્ણ મંદિર સમૂહ છે. આબુના વિમલસંગ વસ્તુપાલ અને તેજપાલના મંદિર દસમી અને અગિયારમી સદીના મહત્ત્વપૂર્ણ જૈન મંદિર છે. પશ્ચિમી ભારતમાં કાઠિયાવાડ, મારવાડ અને પાટણના મંદિરોમાં ધુમલીનું નવલખા મંદિર, સેજકપુરનું મંદિર, મોઢેરાનું સૂર્ય મંદિર, સિદ્ધપુરનો રૂદ્રમહાલય, સોમનાથ મંદિર અને કિરાડૂના મંદિર મહત્ત્વપૂર્ણ છે. પૂર્વી ભારતના બંગાળના મયૂરભંજનો મંદિર, બાંકુડા તથા બર્દવાનના મંદિર પ્રમુખ છે. દક્ષિણ ભારતમાં પણ આ સમયગાળા દરમ્યાન મંદિર સ્થાપત્યનો પર્યાપ્ત વિકાસ જોવા મળે છે. પૂર્વી ચાલુક્ય શૈલીના અયહોલ, બાદામી અને પટ્ટતકલ મંદિર સમૂહો છે જેમાં લાડખાઁ મંદિર, હુચીમલ્લીગુડી મંદિર, મેગુતિનો જૈન મંદિર, મહાકૂટેશ્વર મંદિર, માલેગિટ્ટી મંદિર, પાપનાથ મંદિર અને વિરૂપાક્ષ મંદિર પ્રમુખ છે. ઉત્તરકાલીન ચાલુક્ય શૈલીના કક્કાનૂરના મંદિર, ચૌદાદમપુરનું મંદિર મહત્ત્વના છે. હોયસલ શૈલીના મંદિરોમાં હર્નહલ્લીનો કેશવ મંદિર, બેલૂરના મંદિરો અને હલેવિદનો હોયશલેશ્વરનું મંદિર પ્રમુખ છે. પલ્લવ રાજ્યમાં સ્થાપત્યની ચાર શૈલીઓનો વિકાસ થયો. મહેન્દ્ર શૈલી, નરસિંહ શૈલી, રાજસિંહ શૈલી અને

નંદીવર્મન શૈલી. પલ્લવ શૈલીના મંદિરો મુખ્યત્ત્વે કાંચી, તાંજૌર અને પુટુકોટ્ટાઈમાં છે. કાંચીનો કૈલાશનાથ અને વૈકુણ્ઠ પેરૂમલનું મંદિર પ્રમુખ મંદિર છે. ચોલ શૈલીના મંદિરોમાં વિજયાલાય, મુવર્કોઈલ, કોરંગનાથ અને વૃહદેશ્વરનું મંદિર પ્રમુખ છે. રાષ્ટ્રકૂટ મંદિરોમાં બ્રાહ્મણ મંદિરોમાં ઈલોરાના કૈલાશનાથ, દશાવતાર, રામેશ્વર, રાવણ કી ખાઈ અને સીતાનહાનીના મંદિરો પ્રમુખ છે. જૈન મંદિરોમાં છોટા કૈલાસ, ઈન્દ્રસભાનું  મંદિર અને જગન્ના સભાનું મંદિર પ્રમુખ છે.

સલ્તનતકાળની ઈમારતોમાં મુખ્યત્ત્વે મીનારા, મસ્જિદો, મકબરાઓ વગેરે એવી ઈમારતો છે જે ઈતિહાસ જાણવાના મહત્ત્વના પુરાવસ્તુકીય સાધનો છે. ભારતમાં તુર્કી સલ્તનતની સ્થાપના પછી વાસ્તુકલાની જે એક નવીન શૈલીનો ઉદ્ભવ થયો તેને ઈતિહાસકાર પર્સી બ્રાઉન ઈન્ડો-ઈસ્લામિક કલા કહે છે. આ ઈમારતોથી સમકાલીન રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક ઈતિહાસ ઉપર પર્યાપ્ત પ્રકાશ પડે છે. ઈમારતોની શૈલી, તેની નિર્માણ સામગ્રી, તેની ભવ્યતા, તેના હેતુઓ વગેરેથી સમકાલીન ઈતિહાસની કેટલીક બાબતો જાણી શકાય છે. સલ્તનતકાળ દરમ્યાન દિલ્હીમાં પાંચ વંશો દ્વારા શાસન કરવામાં આવ્યું હતું જેમાં મમલૂક અથવા ગુલામ વંશ, ખિલજી વંશ, તુગલક વંશ, સૈય્યદ વંશ અને લોદી વંશ છે. આ જ સમયમાં ભારતના વિવિધ ક્ષેત્રોમાં કેટલાંક નવીન રાજ્યોનો ઉદય પણ થયો. જેમ કે જોનપુર, અમદાવાદ, માલવા, બહમની સામ્રાજ્ય, વિજયનગર સામ્રાજ્ય વગેરે. ત્યાં પણ આ યુગમાં રાજકીય સંરક્ષણમાં જે ઈમારતોનો નિર્માણ કરવામાં આવ્યું હતું તે ઈતિહાસ જાણવાના પુરાવસ્તુકીય સાધનો તરીકે ગણી શકાય છે. વાસ્તુકલાના નમુના તરીકે એ ઈમારતો ઈતિહાસના કેટલાંક પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે મહત્ત્વના છે જેમ કે, મધ્યકાળીન સમાજના અંતસંબંધો સમકાલીન વાસ્તુકલાના માધ્યમથી કેવી રીતે અભિવ્યક્ત થાય છે, આર્થિક સ્થિતિ અને તકનીકી વિકાસ પર એવી ઈમારતોની કલા-શૈલી કેવી રીતે પ્રકાશ પાડે છે, કલાના સંરક્ષણ અને સામાજિક-રાજકીય સત્તા વચ્ચેના સંબંધો વગેરે જેવા કેટલાંક પ્રશ્નો સમજવા માટે સમકાલીન સ્થાપત્યની એવી ઈમારતો સહાયક સિદ્ધ થઈ શકે છે.

મમલૂક વંશના શાસન દરમ્યાન બનેલી એવી ઈમારતોમાં દિલ્હીમાં નિર્મિત કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ, કુતુબમીનાર, ઢાઈ દિનકા ઝોંપડા, નાસીરુદ્દીન મોહમ્મદનો મકબરો, ઈલ્તુતમિશનો મકબરો, બલબનનો મકબરો પ્રમુખ છે. એવી જ રીતે બદાયૂઁમાં ઈલ્તુતમિશના સમયમાં બનાવવામાં આવેલ હૌજે શમ્શી, શમ્શી ઈદગાહ અને જામા મસ્જિદ પણ પ્રમુખ છે. ખિલજી વંશના શાસકોના સમયમાં નિર્મિત ઈમારતોમાં અલાઉદ્દીન ખિલજી દ્વારા બનાવવામાં આવેલ અલાઈ દરવાજો સૌથી મહત્ત્વની ઈમારત છે. ઉપરાંત હૌજ ખાસ, હૌજ અલાઈ, સીરીનો કિલ્લો, હજાર સિતૂન મહલ પણ મહત્ત્વની ઈમારતો છે.

*તુગલક કાલ દરમ્યાન કેટલાંક નવીન નગરો પણ નિર્માણ કરાવવામાં આવ્યો હતો જેમાં ફિરોજશાહ કોટલા, જૌનપુર અને દૌલતાબાદ પ્રમુખ છે. આ સમયની અન્ય પ્રમુખ ઈમારતોમાં ગિયાસુદ્દીનનો મકબરો, ફિરોજશાહ તુગલકનો મકબરો, ફિરોજશાહ કોટલાની જામા મસ્જિદ, તુર્કમાન દ્વારની કલાઁ મસ્જિદ અને ખાનેજહાઁ તેલંગાનીનો મકબરો પ્રમુખ છે. સૈય્યદ અને લોદી શાસકોના સમયમાં બનેલી ઈમારતોમાં મુબારકખાઁ લોહાનીનો મકબરો, મુબારક સૈય્યદનો મકબરો, મુહમ્મદ સૈય્યદનો મકબરો, સિકન્દર લોદીનો મકબરો આવેછે.*

*સલ્તનતકાળીન અન્ય ઈમારતોમાં દિલ્હીમાં આવેલ કેટલાંક મકબરાઓ, બડાખાઁ કા ગુમ્બદ, લાલ ગુમ્બદ, પોલી ગુમ્બદ, છોટાખાઁ કા ગુમ્બદ, બાગ-એ-આલમ ગુમ્બદ, શીશ ગુમ્બદ, દાદી કા ગુમ્બદ, શિહાબુદ્દીન તાજખાંનો મકબરો, જમાલી-કમાલી મસ્જિદ, મોઠ મસ્જિદ, ખિડકી મસ્જિદ પ્રમુખ ઈમારતો છે. જૌનપુરમાં આવેલ અટાલા મસ્જિદ, ઝંઝોરી મસ્જિદ, ખાલિસ મુખાલિસ મસ્જિદ, લાલ દરવાજા મસ્જિદ, અમદાવાદના મુસ્લિમ સ્થાપત્યો, બહમની સામ્રાજ્યની ઈમારતો, માલવાની સલ્તનતકાળીન ઈમારતો પણ સમકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ પુરાવસ્તુકીય સ્રોત છે.*

### 1.2.2 સાહિત્યિક સ્રોતો

*ઐતિહાસિક કાળનો ઈતિહાસ જાણવા માટે સૌથી વધારે જે સાધનો મળે છે તે સાહિત્યિક સાધનો છે. રાજપૂતકાળ અને સલ્તનતકાળના ઈતિહાસ જાણવા માટેના સાહિત્યિક સાધનોમાં વિશેષતા એ છે કે આ સમય દરમ્યાન શાસક વર્ગના સંરક્ષણમાં અથવા તો પ્રેરણાના આધારે કેટલાંક ચરિત ગ્રંથોની રચના કરવામાં આવી હતી જે મૂળ તો શાસક વિશેષના જીવન ચરિત અથવા તો વંશ વિશેષના શાસકોની સિદ્ધિઓને કેન્દ્રમાં રાખીને રચવામાં આવી હતી આ સમયકાળના ઈતિહાસ જાણવા માટેના સાહિત્યિક સ્રોતોને મુખ્યત્ત્વે બે ભાગોમાં વહેંચી શકાય છે –(1) ભારતીય ભાષા સાહિત્ય, (2) વિદેશી ભાષા સાહિત્ય.*

#### I. ભારતીય ભાષા સાહિત્ય

*આ સમય દરમ્યાન ઉત્તર અને દક્ષિણ ભારતમાં શરૂઆતમાં સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ રહ્યું પરંતુ રાજકીય સત્તાના વિકેન્દ્રીકરણના કારણે કેટલીક નવીન ક્ષેત્રીય ભાષાઓનો પણ ઉદ્‌ભવ થયો અને કાલાન્તરમાં હિન્દી ભાષાનો ઉદ્દભવ અને વિકાસ પણ પૂર્વ મધ્યકાળ પછી સલ્તનતકાળ દરમ્યાન થયો. સંસ્કૃત, ક્ષેત્રીય ભાષાઓ અને હિન્દીના પ્રારંભિક ઐતિહાસિક સાહિત્ય સમકાલીન અને પૂર્વકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ સાહિત્યિક સાધનો છે. આ સમય દરમ્યાન ભારતીય ભાષાઓમાં મુખ્યત્ત્વે રાસો સાહિત્ય, સિદ્ધ સાહિત્ય, જૈન સાહિત્ય, નાથ સાહિત્ય અને અન્ય ગદ્ય સાહિત્યની રચના થઈ જે રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક ઈતિહાસ જાણવા*

*માટે મહત્ત્વના સાધનો છે. આ સમયગાળાની ભારતીય ભાષાઓમાં રચિત સાહિત્ય જે ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના છે તેમાંથી કેટલાંક નીચે મુજબ છે –*

**1) રાજશેખર કૃત રચનાઓ**

*રાજશેખર ગૂર્જર પ્રતિહાર વંશના શાસક મહેન્દ્રપાલ પ્રથમના દરબારમાં રાજકવિ હતો. તેણે કાવ્યશાસ્ત્રના ગ્રંથ કાવ્યમીમાંસા, સંસ્કૃતના નાટક કર્પૂર મંજરી અને વિદ્ધશાલભંજિકાની રચના કરી હતી. રાજશેખરના એ ગ્રંથો ગૂર્જર પ્રતિહાર વંશના ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વના પ્રાથમિક સાધનો છે.*

**2) જયાનક કૃત પૃથ્વીરાજ વિજય –ગ્રંથ**

*જયાનક કાશ્મીરી કવિ હતો. જયાનકે પૃથ્વીરાજ વિજય નામક મહાકાવ્યની રચના કરી હતી જે સંસ્કૃત ભાષામાં લખાયેલો એક ચરિત ગ્રંથ છે. આ ગ્રંથમાં શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાની સિદ્ધિઓ અંગેની માહિતી મળે છે. આ ચરિત ગ્રંથ ભારતમાં મુસ્લિમ સલ્તનતની સ્થાપનાના સમયમાં ભારતની રાજકીય અને સામાજિક સ્થિતિ જાણવા માટેનો મહત્ત્વનો ગ્રંથછે.*

**3) કલ્હણ કૃત રાજતરંગિણી**

*કલ્હણ કાશ્મીર રાજ્યનો કવિ હતો. તેણે સંસ્કૃત ભાષામાં રાજતરંગિણી નામક ગ્રંથની રચના કરી હતી. રાજતરંગિણી ભારતીય ઈતિહાસ લેખન પરમ્પરાનો એક પ્રમુખ ગ્રંથ ગણાય છે. રાજતરંગિણીમાં કાશ્મીર રાજ્યનો લગભગ એક હજાર વર્ષનો ઈતિહાસ છે. આ ગ્રંથમાં કલ્હણે અનેક બીજા ગ્રંથોના ઉદ્ધરણોની તપાસ કરે છે એટલે એ ભારતીય ઈતિહાસ લેખન પદ્ધતિનો એક પ્રતિનિધિ ગ્રંથપણ ગણી શકાય છે. રાજતરંગિણીમાં રાજપુત યુગની રાજકીય અને સામાજિક સ્થિતિ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે.*

**4) બિલ્હણ કૃત વિક્રમાંકદેવ ચરિત**

*વિલ્હણ એ પણ એક કાશ્મીરી કવિ હતો. તેણે કલ્યાણીના ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય ચોથાના જીવનની સિદ્ધિઓ પર વિક્રમાંકદેવ ચરિત નામક ગ્રંથની રચના કરી હતી. સંસ્કૃત ભાષામાં લખાયેલો આ ગ્રંથ કલ્યાણીના ચાલુક્ય રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે મહત્ત્વપૂર્ણ જાણકારી આપે છે.*

**5) પદ્મગુપ્ત પરિમલ કૃત નવસાહસાંકચરિત**

*પદ્મગુપ્ત પરિમલ માલવાના પરમાર શાસક સિન્ધુરાજનો રાજકવિ હતો. તેણે પરમાર શાસક સિન્ધુરાજના જીવનની સિદ્ધિઓ વિશે નવસાહસાંકચરિત નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં પરમારો અને કલ્યાણીના ચાલુક્ય શાસકો વચ્ચેના સંઘર્ષ અને સિન્ધુરાજની સિદ્ધિઓ વિશે મહત્ત્વની માહિતી મળે છે.*

### 6) શ્રી હર્ષ કૃત નૈષધીયચરિત

*શ્રી હર્ષ ગહડ઼ વાલ શાસક વિજયચન્દ્ર અને જયચન્દ્રનો સમકાલીન હતો. તેણે નૈષધીયચરિત નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં કન્નૌજ અને વિદર્ભના રાજ્યોના આપસી સંબંધો વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે. કન્નૌજ માટે થયેલ ત્રિરાષ્ટ્ર સંઘર્ષ અંગે પણ આ ગ્રંથમાં મહત્ત્વની માહિતી મળે છે.*

### 7) ચન્દરબરદાઈ કૃત પૃથ્વીરાજરાસો

*ચન્દરબરદાઈ શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાના સમયમાં રાજકવિ હતો. ચન્દરબરદાઈ પૃથ્વીરાજનો મિત્ર પણ હતો. તેણે પૃથ્વીરાજ ત્રીજાના જીવનની સિદ્ધિઓ પૃથ્વીરાજ રાસો નામક ગ્રંથની રચના કરી હતી. કેટલાંક ઇતિહાસકારો આ ગ્રંથને હિન્દી સાહિત્યના પ્રારંભિક ગ્રંથ તરીકે પણ જણાવે છે. આ ગ્રંથમાં ચૌહાણ વંશની ઉત્પત્તિ અને તેની સિદ્ધિઓ અંગે મહત્વપૂર્ણ જાનકારી મળે છે. તરાઈનના પ્રથમ અને બીજા યુદ્ધ અંગે પણ મહત્ત્વની માહિતી આ ગ્રંથમાં મળે છે.*

### 8) નરપતિ નાલ્હ કૃત વિસલદેવરાસો

*નરપતિ નાલ્હ દ્વારા રચિત વિસલદેવરાસો પશ્ચિમી રાજસ્થાની ભાષાનો એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક કાવ્ય ગ્રંથછે. આ ગ્રંથમાં શાકમ્ભરીના ચૌહાણ વંશ અને માળવાના પરમાર વંશ વચ્ચેના રાજકીય અને સાંસ્કૃતિક સંબંધો વિશે મહત્ત્વની માહિતી મળે છે. આ ગ્રંથ શાકમ્ભરીના ચૌહાણ શાસક વિગ્રહરાજના જીવન અને તેના પરમાર વંશની રાજકુમારી સાથેના લગ્ન અંગેની માહિતી આપે છે.*

### 9) પદ્મનાભ કૃત કાન્હડદે પ્રબન્ધ

*જાલૌરના ચૌહાણ શાસક કાન્હડદેવના જીવનની સિદ્ધિઓ અંગે પદ્મનાભ દ્વારા રચિત ગ્રંથ કાન્હડદે પ્રબન્ધ એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ચરિત મહાકાવ્ય છે. ચૌહાણ વંશની ઉત્પત્તિ અને તેની શાખાઓ વિશે આ ગ્રંથ મૂલ આધાર સામગ્રી છે. કાન્હડદે પ્રબન્ધમાં સુલ્તાન અલાઉદ્દીન ખિલજીના જાલૌર વિજય અંગે મહત્ત્વની માહિતી મળે છે.*

### 10) જગનિક કૃત આલ્હા-ખણ્ડ

*જગનિક કાલિંજરના ચન્દેલ શાસક પરમર્દિદેવના સમકાલીન કવિ હતો. તેણે પરમર્દિદેવના સામન્ત આલ્હા અને ઉદલની સિદ્ધિઓ પર આલ્હા ખણ્ડ નામક ગ્રંથની રચના કરી હતી. આ એક ઐતિહાસિક રચના છે જે ચૌહાણો અને ચંદેલો વચ્ચે થયેલ સંઘર્ષ વિશે મહત્ત્વની માહિતી આપે છે.*

### 11) મેરૂતુંગ કૃત પ્રબન્ધ ચિન્તામણી

*મેરૂતુંગ એક જૈન કવિ હતો જેણે પ્રબન્ધ ચિન્તામણી નામક ગ્રંથની રચના કરી હતી. પ્રબંધ ચિન્તામણીમાં ગુજરાતના સોલંકી વંશ વિશેની મહત્ત્વની માહિતી મળે છે.*

*સોલંકી શાસકોના અન્ય રાજ્યો સાથેના સંબંધોને તેઓની સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશે પ્રબંધ ચિન્તામણી મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.*

**12) ભોજ કૃત રચનાઓ**

*માળવાના પરમાર વંશનો શાસક ભોજ પોતે એક સાહિત્યકાર હતો. તેણે અનેક ગ્રંથોની રચના કરી હતી. વ્યવહારમંજરી, યુક્તિકલ્પતરૂ, તત્વપ્રકાશ, વિદ્વત્જનવલ્લભ, શ્રૃંગારમંજરી, શાલીહોત્ર, સમરાંગણસૂત્રધાર જેવા ગ્રંથોની રચના કરી હતી. સમરાંગણ સૂત્રધારમાં વાસ્તુશાસ્ત્ર અને સમકાલીન યુદ્ધપ્રણાલી વિશે મહત્ત્વની માહિતી મળે છે. ભોજ દ્વારા લખાએલ ગ્રંથોમાં સમકાલીન સમાજ અને સંસ્કૃતિ વિશે માહિતી મળે છે.*

**13) મહેન્દ્રવર્મન કૃત મત્તવિલાસપ્રહસન**

*કાંચીના પલ્લવ વંશના શાસક મહેન્દ્રવર્મન પ્રથમે મત્તવિલાસ પ્રહસન નામક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથસંસ્કૃતમાં ભાષામાં છે અને એક વ્યસની તાંત્રિકની કથા છે. મત્તવિલાસ પ્રહસન પલ્લવ કાલીન સમાજ અને સંસ્કૃતિ વિશેનો એક મહત્ત્વનો ગ્રંથછે. આ સમયમાં પ્રચલિત માન્યતાઓ અને તેના પ્રભાવો વિશે આ ગ્રંથમહત્ત્વપૂર્ણ માહિતી આપે છે.*

**14) હેમચન્દ્ર કૃત ગ્રંથો –**

*હેમચન્દ્ર એક જૈન વિદ્વાન હતો. તેણે પરિશિષ્ટપર્વન અને દ્વયાશ્રય કાવ્યની રચના કરી હતી. ગુજરાતના સોલંકી વંશના પ્રવર્તક મૂલરાજથી અંતિમ શાસક કુમારપાલ સુધીના ઈતિહાસ જાણવા માટે દ્વયાશ્રય કાવ્ય એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.*

**15) નયચન્દ્ર કૃત હમ્મીર મહાકાવ્ય**

*નયચન્દ્ર એક જૈન વિદ્વાન હતો. તેણે રણથમ્ભૌરના ચૌહાણ શાસક હમીરના જીવન વિશે આ ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં શાકમ્ભરીના ચૌહાણ શાસક પૃથ્વીરાજ ત્રીજાના તરાઈન યુદ્ધો વિશે પણ મહત્ત્વની માહિતી મળે છે.*

**II. વિદેશી ભાષા સાહિત્ય**

*આઠમી સદીના પ્રારમ્ભમાં પશ્ચિમી ભારતમાં આરબોના આક્રમણ પછી પશ્ચિમી એશિયાની સત્તાઓ માટેનો રસ્તો ખુલ્લો થયો હતો. ત્યાર પછી સતત થતા આક્રમણોમાં સૌથી મહત્ત્વપૂર્ણ આક્રમણ મહમૂદ ગઝની અને મુહમ્મદ ગૌરીના હતા. ત્યાર પછી તેરમી સદીની શરૂઆતમાં દિલ્હીમાં સલ્તનતની સ્થાપના થઈ અને ભારતમાં વિધિવત રૂપે બાહ્ય સત્તાની શરૂઆત થઈ. આ સમયગાળા દરમ્યાન આક્રમણોના સાથે જ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોનો પણ વિકાસ થયો. આ જ સમયગાળામાં વિદેશી વેપારીઓ અને યાત્રીઓ દ્વારા ભારત સંબંધી વિવરણો પણ લખાયા જેમ કે પ્રાચીન કાલમાં યુનાની અને ચીની યાત્રીઓ દ્વારા લખાયા હતા. દિલ્હી સલ્તનતની સ્થાપના પહેલાના વિવરણો*

*ભારતમાં આવેલા અને ભારતમાં એક ચોક્કસ સમય સુધી રોકાયેલા પ્રવાસીઓ દ્વારા લખવામાં આવ્યા હતા પણ દિલ્હીમાં સલ્તનતની સ્થાપના પછી જે ગ્રંથોની રચના થઈ તે લગભગ રાજકીય સંરક્ષણમાં શાસકોના જીવન ચરિત જેવા ગ્રંથોની રચના થઈ જેની ભાષા ફારસી હતી કેમ કે દિલ્હી સલ્તનતની સરકારી ભાષા ફારસી હતી. ગેર ભારતીય ભાષાઓમાં લખાએલા એવા ગ્રંથો સમકાલીન ઇતિહાસ જાણવા માટેના પ્રાથમિક સ્રોત તરીકે ગણી શકાય છે. જેવી રીતે ભારતમાં ચરિત ગ્રંથો, રાસો સાહિત્યની રચના થઈ હતી તેવી જ રીતે વ્યક્તિ અથવા વંશ કેંદ્રિત ઘટનાઓના વિવરણ માટે એ ફારસી ગ્રંથોની રચના થઈ હતી. આ ગ્રંથોની રચના ભારતમાં ઇતિહાસ લેખનમાં એક નવીન યુગનું આરંભ કરે છે જે કાલાંતરમાં મુગલકાલ દરમ્યાન થયેલા ઇતિહાસ લેખનનો આધાર બને છે. એવા કેટલાંક ગ્રંથો જે સમકાલીન ઇતિહાસ જાણવા માટેના મહત્ત્વના સાહિત્યિક સ્રોત છે તે નીચે મુજબ છે –*

### 1) અલ્બરૂની કૃત કિતાબુલ હિન્દ –

*અલ્બરૂની મહમૂદ ગજનવીના ભારત અભિયાનના સમયમાં તેમના સાથે હતો. તેઓ ઈ.સ.* 1017 *થી* 1030 *સુધી ભારતમાં આવતા રહ્યા અને તે સમયના ભારતનો વિવરણ પોતાની પુસ્તક કિતાબલ હિન્દમાં કરે છે. અલ્બરૂની પોતે એક ઇતિહાસકાર, ખગોળશાસ્ત્રી, ધર્મશાસ્ત્રનો તજજ્ઞ, ઔષધી વિજ્ઞાનનો તજજ્ઞ, ગણિતનો તજજ્ઞ હતો. તેણે ભારતમાં સંસ્કૃત પણ શીખી અને બીજી ભારતીય ભાષાઓ પણ શીખી અને તેના આધારે તેમણે ભારત સંબંધી વિવરણ તૈયાર કર્યો હતો જે સમકાલીન ઇતિહાસ જાણવા માટેનો એક મહત્ત્વપૂર્ણ સાધન છે.*

### 2) હસન નિજામી કૃત તાજુલ મઆસિર

*હસન નિજામી કૃત તાજુલ મઆસિર દિલ્હી સલ્તનતનો પ્રથમ રાજકીય ઇતિહાસ છે. તાજુલ મઆસિરનો લેખન હસન નિજામીએ ઈ.સ.* 1205*માં શરૂ કર્યો હતો અને તેમાં ઈ.સ.* 1191 *થી* 1229 *સુધીની ઘટનાઓનો વિવરણ છે. આ ગ્રંથમાં નિજામીએ રાજકીય ઘટનાઓના સાથે-સાથે તત્કાલીન કિલ્લાઓ, યુદ્ધો, હથિયારો, વહીવટી વ્યવસ્થા, મુદ્રા-વ્યવસ્થા, સામાજિક અને ધાર્મિક જીવનના સંદર્ભમાં પણ વિવરણ આપે છે. પોતે આ સમયમાં હાજર હતા એટલે એ ગ્રંથ એક પ્રાથમિક સ્રોત તરીકે ગણી શકાય છે.*

### 3) મિન્હાજ ઉસ સિરાજ કૃત તબકાતે નાસિરી

*મિન્હાજ દ્વારા રચિત તબકાતે નાસિરી ગ્રંથ દિલ્હી સલ્તનતનો પ્રથમ પચાસ વર્ષનો ઇતિહાસ છે. મિન્હાજે આ ગ્રંથની રચના ઈ.સ.* 1260*માં કરી હતી. સુલ્તાન નાસીરૂદ્દીન મહમૂદને સમર્પિત કરતા આ ગ્રંથનો નામ તબકાતે નાસિરી રાખવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં મિન્હાજે દિલ્હીના સુલ્તાનોનો રાજકીય ઇતિહાસ લખે છે. તેઓ પોતે સમકાલીન હતા એટલે એ ગ્રંથ પણ પ્રાથિમક સ્રોતના રીતે મહત્ત્વપૂર્ણ છે.*

**4) ઈસામી કૃત ફુતુહુસ્સલાતીન**

*અબ્દુલ મલિક ઈસામી દ્વારા રચિત ગ્રંથ ફુતુહુસ્સલાતીનની રચના ઈ.સ. 1350માં થઈ હતી. આ ગ્રંથમાં ઈસામીએ મહમૂદ ગઝનવીથી તુગલક વંશ સુધીનો ઈતિહાસ લખ્યું છે. ખાસ કરીને ગુલામ વંશના શાસકોમાં રજિયા, નાસિરૂદ્દીન મહમૂદ, બલબન, અલાઉદ્દીન ખિલજીના દક્ષિણ અભિયાનો, જલ્લાલુદીનનું મૃત્યુ, ગિયાસુદ્દીન તુગલક અને મુહમ્મદ બિન તુગલકના સમયની ઘટનાઓનો વિવરણ વિસ્તારપૂર્વક મળે છે.*

**5) બરની કૃત તારીખ-એ-ફિરોજશાહી**

*જિયાઉદ્દીન બરનીએ તારીખ-એ-ફિરોજશાહીની રચના ઈ.સ. 1357માં કરી હતી. આ ગ્રંથમાં બરનીએ ઈ.સ. 1265 થી 1357 સુધીના દિલ્હી સલ્તનતના શાસકોનું વિવરણ આપે છે. બલબન થી ફિરોજશાહ તુગલક સુધીના ઈતિહાસ જાણવા માટેનો એ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે જે એક પ્રાથમિક સ્રોતના રૂપે ગણી શકાય છે.*

**6) ફિરોજશાહ તુગલક કૃત ફુતુહાત-એ-ફિરોજશાહી**

*ફુતુહાત-એ-ફિરોજશાહીની રચના તુગલક સુલ્તાન ફિરોજશાહ તુગલક દ્વારા કરવામાં આવી હતી. તે સંભવતઃ દિલ્હી સલ્તનતના સુલ્તાનોમાં પ્રથમ આત્મકથા છે. ફુતુહાત-એ-ફિરોજશાહીનો અર્થ છે ફિરોજશાહના વિજયો, પણ આ પુસ્તકમાં ફિરોજશાહના વિજયોનો વર્ણન નથી. આ ગ્રંથમાં મુખ્યત્ત્વે ફિરોજશાહ દ્વારા કરાયેલા બાંધકામ, તેની અન્ય સિદ્ધિઓ વિશેના વિવરણ છે એટલે આ ગ્રંથ અન્ય સમકાલીન ઈતિહાસ ગ્રંથ કરતા જૂદું પડે છે કેમ કે રાજકીય ઘટનાઓ કરતા બીજી ઘટનાઓનું વર્ણન તે સમયના ઈતિહાસ માટે અન્ય બીજા ગ્રંથોમાં ઓછા જોવા મળે છે. એટલે આ ગ્રંથ સમકાલીન ઈતિહાસનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત છે.*

**7) શમ્સ શિરાજ અફીફ કૃત તારીખ-એ-ફિરોજશાહી**

*અફીફ દ્વારા રચિત તારીખ-એ-ફિરોજશાહી તુગલક સુલ્તનાન ફિરોજશાહ તુગલતના સંપૂર્ણ રાજત્વ કાલનો સમકાલીન લિખિત ઈતિહાસ છે. આ ગ્રંથમાં તૈમૂરના આક્રમણનો વિવરણ છે એટલે આ ગ્રંથની રચના પરવર્તી તુગલક સુલ્તાનોના સમયમાં થઈ હશે એવું કહી શકાય છે. પાંચ ભાગમાં લખાયેલા આ ગ્રંથમાં સુલ્તાન ફિરોજશાહના જીવનના લગભગ દરેક તબક્કાનું વિસ્તૃત વિવરણ મળે છે. એટલે એ ગ્રંથફિરોજશાહ તુગલકના સમયના ઈતિહાસ જાણવા માટે સૌથી મહત્ત્વનો ગ્રંથ છે.*

**8) સરહિન્દી કૃત તારીખ-એ-મુબારકશાહી –**

*દિલ્હી સલ્તનતના સૈય્યદ સુલ્તાનોના સમયગાળાના ઈતિહાસ જાણવા માટેનો યાહ્ય બિન અહમદ સર હિન્દી દ્વારા રચિત તારીખ-એ-મુબારકશાહી એક મહત્ત્વપૂર્ણ સમકાલીન સ્રોત છે. સર હિન્દી મુબારકશાહ સૈય્યદનો સમકાલીન હતો. આ ગ્રંથમાં*

*મુહમ્મદ ઘોરીના આક્રમણથી સૈય્યદ વંશનું શાસક અને મુબારકશાહના ઉત્તરાધિકારી મુહમ્મદશાહ સુધીનું (ઈ.સ. 1434-45) વિવરણ છે.*

**9) ઈબ્નેબતુતા કૃત રેહલા**

*ઈબ્નેબતુતા આફ્રિકાના દેશ મોરક્કોનો નિવાસી હતો અને તેણે ઈ.સ. 1325 થી 1353 સુધી ઘણા દેશોની યાત્રા કરેલી જેમાં પૂર્વના ભારત, શ્રીલંકા અને માલદીવ પણ શામેલ છે. ઈબ્નેબતુતાએ પોતાની એ યાત્રાઓનું સંસ્મરણ લખ્યું તે રેહલાના નામે પ્રસિદ્ધ થયું છે. આ ગ્રંથમાં ભારતના સંદર્ભમાં જે વિવરણ છે તે ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપનાથી મુહમ્મદ બિન તુગલક સુધીનો વિવરણ મળે છે. તે મુહમ્મદ બિન તુગલકના સમયમાં ભારતમા હતો એટલા માટે આ સમયના ઈતિહાસ જાણવાનો એ પ્રાથમિક સ્રોત ગણી શકાય છે.*

**10) અમીર ખુસરોની રચનાઓ**

*અમીર ખુસરો સલ્તનતકાળનો એક પ્રમુખ સાહિત્યકાર અને સૂફી સંત હતો. તેઓ મમલૂક સુલ્તાન બલબનથી તુગલક સુલ્તાન ગિયાસુદ્દીન તુગલક સુધીના સુલ્તાનોનો સમકાલીન હતો. ખુસરોએ અનેક ગ્રંથોની રચના કરી હતી પરંતુ ઈતિહાસને લગતા તેના મહત્ત્વના ગ્રંથો મુખ્યત્વે પાંચ છે. કિરાનુસ્સાદેન, મિફતાહુલ ફુતુહ, આશિકા, નુહ સિપેહર અને તુગલકનામા. તુગલકનામા તેની અંતિમ રચના હતી જે ગિયાસુદ્દીન તુગલકની ખુસરો ખાં પર વિજયનું વિવરણ આપેલ છે. અમીર ખુસરોના એ ગ્રંથો સમકાલીન ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વપૂર્ણ સાહિત્યિક સ્રોત છે.*

*ઉપરોક્ત સાહિત્યિક ગ્રંથો ઉપરાંત પણ કેટલાંકગ્રંથો છે જે રાજપૂતકાળ અને સલ્તનતકાળના ઈતિહાસના પ્રમુખ સ્રોતો છે. ચચનામા, પીર મુહમ્મદ કૃત તારીખે માસૂમી, ઉત્બી કૃત તારીખે યામીની, અબુલ હસન કૃત તારીખે મસૂદી, રિજકુલ્લા મુશ્તાકી કૃત વાકિયાતે મુશ્તાકી, અહમદ યાદગાર કૃત તારીખ સલાતીન એ અફગાની, નિયામત ઉલ્લા કૃત મખજન એ અફગાની, અબ્દુલ્લા કૃત તારીખે દાઉદી મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે. વિદેશી યાત્રીઓમાં માર્કોપોલો, અબ્દુર્રજ્જાક, નિકોલ કોણ્ટી, ડોમિન્ગો પાઈજ વગેરેના વિવરણો પણ સલ્તનતકાળીન ભારતના ઈતિહાસ જાણવા માટે મહત્ત્વપૂર્ણ સ્રોત છે.*

- **તમારી પ્રગતિ ચકાસો**

1. *ઈતિહાસ જાણવાના પ્રાથમિક સ્રોત તરીકે પુરાવસ્તુકીય સ્રોતોની ચર્ચા કરો.*
2. *રાજપૂતકાળના ઈતિહાસ જાણવાના સ્રોતો તરીકે અભિલેખોની ચર્ચા કરો.*
3. *રાજપૂતકાળ ના ઈતિહાસ જાણવાના સ્રોતો તરીકે મંદિર સ્થાપત્યની ચર્ચા કરો.*
4. *સલ્તનતકાળીન ઈતિહાસ જાણવાના સ્રોતો તરીકે ફારસી સાહિત્યના ગ્રંથોની ચર્ચા કરો.*
5. *સલ્તનતકાળીન ઈતિહાસ જાણવાના સ્રોત તરીકે ઈસ્લામિક સ્થાપત્યની ચર્ચા કરો.*

## 1.3 સારાંશ

*ભારતના ઈતિહાસમાં રાજપૂતકાળ અને સલ્તનતકાળનો સમયગાળો મધ્યકાળીન ઈતિહાસનો ભાગ છે એટલે આ સમયને પૂર્વમધ્યકાળનો સમય માનવામાં આવે છે. આ સમયમાં ઈતિહાસ જાણવા માટેના સાધનોમાં પર્યાપ્ત વૃદ્ધિ જોવા મળે છે. પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોની પ્રચુરતા આ સમયગાળાના ઈતિહાસલેખન માટે વિવિધ ક્ષેત્રે ભરપૂર સંભાવનાઓ વિકસિત કરે છે. આ સમયમાં જ સ્થાપત્યની વિભિન્ન ક્ષેત્રીય શૈલીઓનો વિકાસ થયો, વિભિન્ન ક્ષેત્રીય ભાષાઓનો વિકાસ થયો, વિદેશી આક્રમણના લીધે થએલ રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તન આ સ્થાપત્ય અને સાહિત્યમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. ઈતિહાસલેખન માટે પુરાવસ્તુકીય સાધનો સાથે સાહિત્યિક સાધનોની પ્રચુરતા આ સમયના ઈતિહાસ લેખનની એક વિશેષતા તરીકે ગણી શકાય છે. આ જ સમયમાં ભારતમાં ઈતિહાસ આધારિત ગ્રંથોની રચના શરૂ થઈ હતી. આ જ સમયમાં ભારતમાં ચરિત કાવ્યો અને રાસો સાહિત્યનો વિકાસ થયો. આ જ સમયમાં ભારતમાં આરબી અને ફારસી ઈતિહાસ લેખન પરંપરાનો આગમન થયો અને તેનો ભારતીય પરંપરામાં મિશ્રણ થયો અને એક નવીન ઈતિહાસ લેખનની પરમ્પરાનો વિકાસ થયો. આ જ સમયમાં ભારતીય-ઈસ્લામી સમન્વિત સંસ્કૃતિનો ઉદય થાય છે જે ખાસ કરીને સ્થાપત્યકલામાં જોવા મળે છે. પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોની પ્રચુરતા આ સમયના ઈતિહાસ લેખન માટે વરદાન સ્વરૂપ છે.*

## 1.4 શબ્દાવલી

1. *નાગર શૈલી – મંદિર સ્થાપત્યની એક શૈલી છે જે મુખ્યત્ત્વે હિમાલયથી વિન્ધ્યપર્વત સુધીના પ્રદેશમાં બનેલા મંદિરોના સ્થાપત્યની શૈલી હતી.*
2. *દ્રવિડ઼ શૈલી – દક્ષિણ ભારતમાં મંદિર સ્થાપત્યની જે શૈલીનો વિકાસ થયો તેને દ્રવિડ઼ શૈલી કહેવામાં આવે છે.*
3. *બેસર શૈલી – મંદિર સ્થાપત્યની એક શૈલી છે જે મુખ્યત્ત્વે નાગર અને દ્રવિડ઼ શૈલીનું મિશ્રણ છે. મુખ્યત્ત્વે નર્મદાથી કૃષ્ણાનદી સુધીના મધ્ય અને દક્કન ભારતના વિસ્તારમાં બનેલા મંદિરો આ*
4. *સિદ્ધ સાહિત્ય – પૂર્વ મધ્યકાળમાં બૌદ્ધ સિદ્ધો દ્વારા રચિત સાહિત્યને સિદ્ધ સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.*
5. *મકબરા – આ એક આરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ હોય છે જ્યાં કબ્ર છે તે જગ્યા. કબ્ર પર જે ઈમારત અથવા તો બાંધકામ કરવામાં આવે છે તે ઈમારતને મકબરા તરીકે ઓળખવામાં આવે છે.*

**સ્વાધ્યાય**

1. *ભારતીય ભાષાઓમાં રચિત ચરિત્ર ગ્રંથો કેવી રીતે ફારસી તવારીખોના પૂર્વગામી ગણી શકાય તેની ચર્ચા કરો.*
2. *રાજપૂતકાળ દરમ્યાન વિકસિત મંદિર સ્થાપત્યની વિભિન્ન શૈલીઓમાં સમાનતા અને અંતર વિશે ચર્ચા કરો.*
3. *સલ્તનતકાળ દરમ્યાન વિકસિત ઈન્ડો -ઈસ્લામિક સ્થાપત્યશૈલી કેવી રીતે એક સમન્વિત સંસ્કૃતિનો ભાગ હતો આ અંગે ચર્ચા કરો.*

## 1.4 સંદર્ભ ગ્રંથો


1. *પાંડેય વિમલચંદ્ર, 'પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-*2*, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 *(પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *પાઠક વિશુદ્ધાનન્દ, 'ઉત્તર ભારત કા રાજનૈતિક ઈતિહાસ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,*1982
3. *મજૂમદાર રમેશચન્દ્ર, 'પ્રાચીન ભારત', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995.
4. *ત્રિપાઠી, રમાશંકર, 'પ્રાચીન ભારત કા ઈતિહાસ', મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 *(છઠા સંસ્કરણ)*
5. *શ્રીવાસ્તવ કે.સી., 'પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ',* 1990.
6. *ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ,' ભારતીય ઈતિહાસ કોશ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2004 *(ચતુર્થ સંસ્કરણ)*
7. *ચોપરા પી.એન. (સંપા.), 'ભારતનું ગઝેટિયર', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001.
8. *વાજપેયી કૃષ્ણદત્ત, 'ભારતીય વાસ્તુકલા કા ઈતિહાસ', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2002 *(તૃતીય સંસ્કરણ)*
9. *સહાય સચ્ચિદાનન્દ, 'મન્દિર સ્થાપત્ય કા ઈતિહાસ', બિહાર હિંદી ગ્રંથઅકાદમી, પટના,* 1989 *(દ્વિતીય સંસ્કરણ)*
10. *જોશી મહેશચન્દ્ર, 'યુગ-યુગીન ભારતીય કલા', રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર,* 2018 *(દ્વિતીય સંસ્કરણ)*
11. *ગૈરોલા વાચસ્પતિ, 'ભારતીય સંસ્કૃતિ ઔર કલા', ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2003 *(તૃતીય સંસ્કરણ)*
12. *સિંહ અશોક કુમાર, 'તુગલક કાલીન ઈતિહાસકાર એવં ઈતિહાસલેખન', પંચશીલ પ્રકાશન જયપુર,* 2012 *(દ્વિતીય સંસ્કરણ)*
13. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), 'મધ્યકાળીન ભારત' ભાગ-*1 (750-1540)*, હિંદી માધ્યમ કાર્યાનિવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.
14. *શ્રીવાસ્તવ હરીશંકર, 'મધ્યકાળીન ભારતીય ઈતિહાસ લેખન'* (1200-1445)*, વાણી પ્રકાશન, નઈ દિલ્લી,* 1997

| એકમ – 2 | ચાલુક્ય (વાતાપી), પલ્લવ અને ચૌલ |
| --- | --- |

**રૂપરેખાઃ**


**2.0 ઉદ્દેશ્યો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 વાતાપીનો ચાલુક્ય વંશ**

**2.2.1વાતાપીનો ચાલુક્ય વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો**

**2.2.2 વાતાપીના ચાલુક્ય વંશની ઉત્પત્તિ**

**2.2.3 પ્રારમ્ભિક ઇતિહાસ**

**2.2.4 વાતાપીના ચાલુક્ય શાસકો**

**2.2.5 વાતાપીના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ**

**2.3 પલ્લવ વંશ**

**2.3.1 પલ્લવ વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો**

**2.3.2 પલ્લવોની ઉત્પત્તિ**

**2.3.3 પ્રારંભિક ઇતિહાસ**

**2.3.4 પલ્લવ શાસકો**

**2.3.5 પલ્લવ શાસકોની સિદ્ધિઓ**

**2.4 ચૌલ વંશ**

**2.4.1 ચૌલ વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો**

**2.4.2 ચૌલોની ઉત્પત્તિ**

**2.4.3 ચૌલોનો પ્રારંભિક ઇતિહાસ**

**2.4.4 ચૌલ શાસકો**

**2.4.5 ચૌલ શાસકોની સિદ્ધિઓ**

**તમારી જાતે ચકાસો**

**2.5 સારાંશ**

**2.6 શબ્દાવલી**

**સ્વાધ્યાય**

**2.7 સંદર્ભ ગ્રંથો**

## 2.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં રાજપૂતકાલ દરમ્યાન દક્ષિણ ભારતનાં ત્રણ પ્રમુખ રાજ્યોનો અભ્યાસ કરવાનો છે. જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *વાતાપીના ચાલુક્ય વંશના શાસકો અને તેમની સિદ્ધિઓનો પરિચય થશે.*
- *કાંચીના પલ્લવ વંશનો ઈતિહાસ વિશે જાણશે.*
- *તાંજૌરના ચૌલ વંશના ઈતિહાસથી પરિચિત થશે.*

## 2.1 પ્રસ્તાવના

*સમુદ્રગુપ્તના સમયમાં ગુપ્ત શાસકો દ્વારા દક્ષિણ ભારત સુધીનો વિજય કરવામાં આવ્યો હતો અને એક સમયમાં ઉત્તર અને દક્ષિણ ભારતનું ક્ષેત્ર એક જ રાજનીતિક સત્તાને અધીન આવી ગયો હતો. ગુપ્તોનાં પતન પછી ઉત્તર અને દક્ષિણ ભારતમાં કેટલાંક નવીન રાજ્યોનો ઉદ્ભવ થયો. જેમાં દક્ષિણ ભારતમાં વાતાપી અથવા તો બાદામીનો ચાલુક્ય વંશ, વેંગીના ચાલુક્યો, કલ્યાણીના ચાલુક્યો, કાંચીનો પલ્લવ વંશ, તાંજૌરના પરવર્તી ચોલ શાસકો, દેવગિરીના યાદવો, વારંગલના કાકતીય શાસકો, મદુરાઈ પાંણ્ડ્ય શાસકો, દ્વારસમુદ્રના હોયસલો, કદમ્બવંશ, ગંગ વંશ, દક્કન ભારતમાં માન્યખેટના રાષ્ટ્રકૂટો વગેરે પ્રમુખ રાજ્યો હતાં. હર્ષવર્ધનના સમયમાં બાદામીના ચાલુક્યોએ ઉત્તર ભારત સુધી પોતાનો પ્રભાવ સ્થાપિત કરવા માટેના કેટલાંક પ્રયત્નો કરેલા, પછી રાષ્ટ્રકૂટોનો પણ કન્નૌજ પર પ્રભાવ જમાવવા માટે ગૂર્જર-પ્રતિહારો અને પાલ શાસકો સાથે સંઘર્ષ થયો. કલ્યાણીના ચાલુક્યોનો સંઘર્ષ માળવાના પરમાર શાસકો સાથે થયેલો. દક્ષિણ ભારતમાં જ પોતાની સત્તાના પ્રસાર અને પ્રભાવ માટે ચાલુક્યો અને પલ્લવોનો સંઘર્ષ, પલ્લવો અને ચોલોનો સંઘર્ષ થયો. એવી રીતે આ રાજકીય વિકેન્દ્રીકરણના લીધે ઘણા રાજકીય સંઘર્ષો ઊભા થયા હતા. પ્રસ્તુત એકમમાં દક્ષિણ ભારતની ત્રણ પ્રમુખ સત્તાઓમાં બાદામીના ચાલુક્યો, કાંચીના પલ્લવો અને તાંજૌરના પરવર્તી ચૌલ શાસકોની સિદ્ધિઓ વિશે ચર્ચા કરવામાં આવશે.*

## 2.2 વાતાપીનો ચાલુક્ય વંશ

*ઈ.સ.છઠ્ઠી સદીથી આઠમી સદીના મધ્ય સુધી દક્ષિણાપથમાં ચાલુક્ય વંશનો પ્રભાવ હતો. નર્મદા નદીના દક્ષિણ વિસ્તારમાં આ સમયમાં વર્તમાન કર્નાટકના બીજાપુર જિલ્લામાં સ્થિત બાદામી અથવા વાતાપી નામક સ્થળ આ ચાલુક્યોનું પાટનગર હતું એટલે એમને વાતાપીના ચાલુક્યો કહેવામાં આવે છે. ઉત્તર ભારતમાં આ જ સમયમાં ગુપ્તવંશના પતન પછી હર્ષવર્ધનનો પ્રભાવ હતો અને કન્નૌજ ઉત્તર ભારતની રાજનીતિનું કેન્દ્ર હતું. દક્ષિણ ભારતમાં આ જ સમયમાં પલ્લવ વંશની સત્તા પોતાનો પ્રસાર કરી રહી હતી જે કાંચીના પલ્લવો તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરમાં વર્ધનવંશ અને દક્ષિણના પલ્લવ*

*વંશ વચ્ચે દક્ષિણાપથમાં વાતાપીના ચાલુક્યોએ ત્રણ સદી સુધી પોતાની સત્તા ટકાવી રાખી હતી. વાતાપીના ચાલુક્યોને પશ્ચિમી ચાલુક્ય પણ કહેવામાં આવે છે. આ જ વંશની એક શાખા વેંગીના ચાલુક્યો અથવા તો પૂર્વી ચાલુક્યો તરીકે પણ ઓળખવામાં આવે છે. પુલકેશિન બીજાના ભાઈ વિષ્ણુવર્ધન આ વંશની સ્થાપના કરી હતી. પરંતુ દક્ષિણ ભારતમાં વાતાપીના ચાલુક્યોનો પ્રભાવ વધારે રહ્યો હતો અને દક્ષિણમાં ચાલુક્યોની આ મૂળ શાખા હતી.*

### 2.2.1 વાતાપીનો ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*વાતાપીના ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવા માટેનાં પ્રાથમિક સાધનોમાં તત્કાલીન શાસકોના અભિલેખો પ્રમુખ છે. જેમાં સૌથી મહત્ત્વનું સાધન પુલકેશિન બીજાના સમયની રવિકીર્તિ જૈન કૃત અયહોલ પ્રશસ્તિ છે. જે સંસ્કૃત ભાષા અને દક્ષિણી બ્રાહ્મી લિપિમાં છે. આ પ્રશસ્તિમાં પુલકેશિન બીજાની સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે જે ચાલુક્યો વંશની સિદ્ધિઓ જાણવા માટે મહત્ત્વનું સાધન છે. અયહોલ પ્રશસ્તિ ઉપરાન્ત પણ કેટલાંક શિલાલેખો, તામ્રપત્રો છે જે વાતાપીના ચાલુક્યોનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના સ્રોતો છે. જેમ કે, બાદામીનો શિલાલેખ જે મોટેભાગે પુલકેશિન પ્રથમનો છે, મહાકૂટ લેખ જેમાં કીર્તીવર્મન પ્રથમના વિજયોનું વર્ણન છે, હૈદરાબાદ દાનપત્રાભિલેખ જે પુલકેશિન બીજાના સમયનો છે. ઉપરાંત ઉદયગિરી અભિલેખ, કાહિ અભિલેખ અને નાન્દેડ અભિલેખથી પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વાતાપીના ચાલુક્યો વિશે માહિતી મળે છે.*

*પુરાવસ્તુકીય સાધનોની માહિતીને પ્રમાણિત કરવા માટે અથવા તો ચકાસણી માટે અન્ય સાહિત્યિક સામગ્રી પણ મહત્ત્વની છે જે વાતાપીના ચાલુક્યો વિશે પ્રાથમિક અથવા દ્વિતિય સ્રોતની જેમ માની શકાય છે.જેમાં, હ્યુંનસાંગના વિવરણો અને ઈરાની ઈતિહાસકાર તાબરીનાં વિવરણો પ્રમુખ છે.*

### 2.2.2 વાતાપીના ચાલુક્ય વંશની ઉત્પત્તિ

*વાતાપીના ચાલુક્યોની ઉત્પત્તિના સંબંધમાં કોઈ એક ચોક્કસ માહિતી નથી મળતી. ઈતિહાસકારો જુદાં જુદાં મંતવ્યો રજૂ કરે છે. ઈતિહાસકાર વિંસેન્ટ સ્મિથ ચાલુક્યોની ઉત્પત્તિ મધ્ય એશિયાની ચપ પ્રજાતિ દ્વારા માને છે જે ગૂર્જરોની એક શાખા હતી. વરાહમિહિરની બૃહત્સંહિતામાં શૂલિક જાતિનો ઉલ્લેખ મળે છે જેના આધારે કેટલાંક ઈતિહાસકારો તેનાથી ચાલુક્યોની ઉત્પત્તિ માને છે. પૃથ્વીરાજરાસોમાં વિરચિત અગ્નિકુણ્ડમાંથી રાજપૂતોની ઉત્પત્તિમાં ચાલુક્યોની ઉત્પત્તિ પણ યજ્ઞકુણ્ડમાંથી માને છે. વિક્રમાંકદેવચરિતમાં ભગવાન બ્રહ્માના ચુલુકથી ઉત્પત્તિ બતાવવામાં આવી છે. હ્યુંનસાંગ ચાલુક્યોને ક્ષત્રીય માને છે. વાતાપીના ચાલુક્યોના અભિલેખોમાં તેમની ઉત્પત્તિ વિશે ઉલ્લેખ નથી પણ વેંગીના ચાલુક્યોના અભિલેખોમાં તેમને ચંદ્રવંશી કહેવામાં આવ્યા છે. ઈતિહાસકાર દિનેશચન્દ્ર સરકારના પ્રમાણે ચાલુક્યો કન્નડ જાતિના જ હતા અને જેના સંસ્થાપક ચલિક, ચલક અથવા ચલુક હતા અને તેમના નામે આ વંશ ચાલુક્ય વંશ*

કહેવામાં આવે છે. ઈતિહાસકાર નીલકણ્ઠ શાસ્ત્રી પ્રમાણે આ રાજવંશનું મૂળ નામ ચલ્ક્ય હતું. ઈતિહાસકાર એસ.સી.નન્દિમથના પ્રમાણે ચાલ્કુયોચલ્કિ, શલ્કિ અથવા ચલુકીથી સંબંધિત છે. કન્નડ઼ ભાષામાં ઉક્ત નામો કૃષિ ઉપકરણોથી સંબંધિત હોવાથી એક અનુમાન એવું પણ છે કે ચાલુક્ય વંશના સંસ્થાપક કર્નાટિક પ્રદેશના કૃષક સમુદાયના હશે. કે.સી.શ્રીવાસ્તવના પ્રમાણે કદમ્બો અને રાષ્ટ્રકૂટોની જેમ ચાલુક્યો પણ કોઈ સ્થાનિક કુળથી સંબંધિત હતા અને પ્રારમ્ભમાં તેઓ કદમ્બ રાજાઓને અધીન કામ કરતા હતા.

### 2.2.3 પ્રારંભિક ઈતિહાસ

વાતાપીના ચાલુક્ય વંશનો સંસ્થાપક પુલકેશિન પ્રથમ હતો પણ તેમના પૂર્વના બે શાસકોના નામ મહાકૂટ અભિલેખમાં મળે છે. જયસિંહ અને રણરાગ. કૈરા તામ્રપત્રથી જાણવા મળે છે કે વાતાપીના ચાલુક્ય વંશનો પ્રથમ ઉલ્લેખનીય નરેશ જયસિંહ હતો. જે સંભવતઃ બનવાસીના કદમ્બ શાસકોનો સામન્ત હતો. કલ્યાણીના ચાલુક્યોના અને રાષ્ટ્રકૂટોના અભિલેખોમાં પણ જયસિંહ નામના નરેશની ચર્ચા કરવામાં આવી છે. જયસિંહ પછી તેમના પુત્ર રણરાગ તેમનો ઉત્તરાધિકારી થયો. તે શૈવ ધર્મનો અનુયાયી હતો અને ગદાયુદ્ધમાં નિષ્ણાત હતો તેથી તેણે રણરાગસિંહની ઉપાધિ ધારણ કરી હતી. રણરાગનો પુત્ર પુલકેશિન પ્રથમ હતો જે વાતાપીના ચાલુક્ય વંશનો પ્રથમ સ્વતન્ત્ર શાસક ગણવામાં આવે છે.

### 2.2.4 વાતાપીના ચાલુક્ય શાસકો

વાતાપીના ચાલુક્ય વંશનો વાસ્તવિક સંસ્થાપક પુલકેશિન પ્રથમ હતો. પરંતુ જયસિંહ અને રણરાગને તેનાથી પૂર્વેના શાસકો માનવામાં આવે છે. વાતાપીના ચાલુક્ય વંશના શાસકોની સાલવારી નીચે પ્રમાણે છે –

1) જયસિંહ (500-520)
2) રણરાગ (520-535)
3) પુલકેશિન પ્રથમ (535-566)
4) કીર્તિવર્મન પ્રથમ (566-597)
5) મંગલેશ (597-610)
6) પુલકેશિન બીજો (610-642)
7) વિક્રમાદિત્ય પ્રથમ (655-681)
8) વિનયાદિત્ય (681-696)
9) વિજયાદિત્ય (696-733)
10) વિક્રમાદિત્ય બીજો (733-747)
11) કીર્તિવર્મન બીજો (747-757)

### 2.2.5 વાતાપીના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ

**1) પુલકેશિન પ્રથમ**

*પુલકેશિન પ્રથમ રણરાગનો પુત્ર હતો અને તેણે વાતાપીમાં એક સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી હતી. ચાલુક્ય અભિલેખોમાં તેને વાતાપી રાજ્યનો પ્રથમ ભાગ્યવિધાતા (વાતપ્યઃ પ્રથમ-વિધાતા) અને વાતાપીના કિલ્લાના નિર્માણકર્તા (ધરાધરેનદ્રં વાતાપિમજેય ભૂતયે મુવઃ) કહેવામાં આવ્યા છે. એટલે પુલકેશિન પ્રથમે જ સૌ પ્રથમ વાતાપીને પાટનગર બનાવ્યું હતું અને ત્યાં એક સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી હતી. પુલકેશિન પ્રથમે પોતાના રાજ્યકાળ દરમ્યાન ઘણા યજ્ઞો સંપાદિત કર્યા હતા જેમાં મુખ્યત્વે અશ્વમેધ યજ્ઞ છે. મહાકૂટ લેખથી જાણવા મળે છે કે બાજપેય, અગ્નિષ્ટોમ, પૌંડરિક, હિરણ્યગર્ભ જેવા યજ્ઞો પણ તેમણે કરાવ્યા હતા. તેમણે રણવિક્રમ, સત્યાશ્રય, ધર્મમહારાજ, શ્રીપૃથ્વીવલ્લભ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. પુલકેશિન પ્રથમના લગ્ન બટપુર પરિવારની દુર્લભદેવી સાથે થયું હતું. મહાકૂટ અભિલેખમાં તેમની સરખામણી વિષ્ણુ સાથે કરવામાં આવી છે અને તેમને બ્રાહ્મણોનો આદર કરનાર શાસક કહેવામાં આવ્યો છે.*

**2) કીર્તિવર્મન પ્રથમ**

*પુલકેશિન પ્રથમના બે પુત્રો હતા કીર્તિવર્મન પ્રથમ અને મંગલેશ. પુલકેશિનના મૃત્યુ પછી કીર્તિવર્મન પ્રથમ વાતાપીનો શાસક બન્યો. અયહોલ પ્રશસ્તિના અનુસાર કીર્તિવર્મને બનવાસીના કદમ્બો, કોંકણના મૌર્યો, કર્નૂલના નલવંશી શાસકોને પરાજિત કર્યા હતા. તેમના સમયમાં બનવાસીના કદમ્બ વંશનો શાસક અજયવર્મા હતો. અજયવર્માને પરાજિત કરીતેના પટનગર બનવાસી પર કીર્તિવર્મને અધિકાર કર્યો હતો. કોંકણના મૌર્ય શાસકોને હરાવ્યા પછી તે રાજ્ય રેવતી દ્વીપ (વર્તમાન ગોઆ) સુધી વિસ્તર્યું હતું. મહાકૂટ અભિલેખથી જાણવા મળે છે કે કીર્તિવર્મને બંગ, અંગ, કલિંગ, મગધ, ભદ્રક, કેરલ, ગંગ, મૂલક, પાણ્ડ્ય, ચોલ, વૈજયન્તિ શાસકોને હરાવ્યા હતા. પરંતુ ઉક્ત વિવરણ અતિશ્યોક્તિ પૂર્ણ લાગે છે.પરંતુ વાતાપીના રાજ્યનો વિસ્તાર વધારવામાં તેની મહત્ત્વની ભૂમિકા હતી. આ તથ્યમાં કોઈ શંકા નથી. એટલે કીર્તિવર્મનને વાતાપી રાજ્યના પ્રથમ નિર્માતા પણ કહેવામાં આવે છે. તેણે બહુસુવર્ણ અને અગ્નિષ્ટોમ યજ્ઞ કરાવ્યા હતા અને પુરૂરણપરાક્રમ, સત્યાશ્રય, પૃથ્વીવલ્લભ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. તેના મૃત્યુના સમયે તેના સંતાનો પુખ્ત વયના ન હતા એટલે તેના પછી વાતાપી રાજ્ય તેના ભાઈ મંગલેશને સોંપવામાં આવ્યું.*

**3) મંગલેશ**

*કીર્તિવર્મનના મૃત્યુના સમયે તેનો પુત્ર પુલકેશિન બીજો અલ્પવયસ્ક હતો એટલે મંગલેશે તેના સંરક્ષક રીતે રાજ કર્યું હતું.પરંતુ તેના છેલ્લા સમયમાં મંગલેશે પુલકેશિન બીજાને રાજ્યનો ઉત્તરાધિકાર સૌંપ્યો ન હતો અને પોતાના પુત્રને ઉત્તરાધિકારી બનાવવા માગતો હતો. પુલકેશિન બીજો જ્યારે પુખ્ત વયનો થયો તેના પછી ઉત્તરાધિકારનો સંઘર્ષ થયો હતો અને તે સંઘર્ષમાં મગંલેશનું મૃત્યુ થયું હતું.પોતાના રાજ્યકાલ દરમ્યાન મંગલેશે કીર્તિવર્મનની સામ્રાજ્યવાદી નીતિને અનુસરી હતી. તેમના નેરૂર દાનપત્ર અને મહાકૂટ*

લેખથી જાણવા મળે છે કે તેણે ઉત્તર ભારતમાં કલચુરી શાસક બુદ્ધરાજ પર આક્રમણ કરીને તેને હરાવ્યો હતો. આ સમયમાં બુદ્ધરાજની અધીનતામાં ગુજરાત, ખાનદેશ અને માળવાનો વિસ્તાર હતો. સંભવ છે કે મંગલેશ બુદ્ધરાજને હરાવી અને પરત પોતાના રાજ્યમાં આવી ગયો હશે કેમ કે બુદ્ધરાજના લેખોથી જાણવા મળે છે કે તેણે ફરીથી પોતાના રાજ્ય પર અધિકાર મેળવી લીધો હતો. મંગલેશ દ્વારા કોંકણ પ્રદેશના વિજયનો પણ લેખોમાં ઉલ્લેખ મળે છે. નેરૂર દાનપત્રના અનુસાર મંગલેશે રેવતીદ્વીપના સ્વામીરાજને હરાવ્યો હતો. એ સ્વામીરાજ કીર્તિવર્મન દ્વારા નિયુક્ત રેવતીદ્વીપનો ઉપરાજા હતો. જેણે કદાચ મંગલેશના વિરૂધ્ધવિદ્રોહ કર્યો હતો અને તે વિદ્રોહને દબાવવા માટે મંગલેશ દ્વારા રેવતીદ્વીપ પર આક્રમણ કરવામાં આવ્યું હતું.મંગલેશે સ્વામીરાજને હરાવીને તેના સ્થાને ધ્રુવરાજ ઈન્દ્રવર્માને ત્યાંનો ઉપરાજા બનાવ્યો હતો. મંગલેશે રણવિક્રાન્ત, શ્રીપૃથ્વીવલ્લભની ઉપાધિ ધારણ કરી હતી. તેને પરમભાગવત કહેવામાં આવે છે. તેઓ વૈષ્ણવ ધર્મનો અનુયાયી હતા. તેના અન્તિમ સમયમાં ઉત્તરાધિકાર માટે તેના ભત્રીજા સાથે યુદ્ધમાં તેનું મૃત્ય થયું હતું.

**4) પુલકેશિન બીજો**

ઉત્તરાધિકારના યુદ્ધમાં મંગલેશના મૃત્યુ પછી પુલકેશિન બીજો વાતાપીનો શાસક બન્યો. પુલકેશિન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો સૌથી શક્તિશાળી શાસક ગણવામાં આવે છે. તેણે વાતાપી રાજ્યની સત્તા ઉત્તર અને દક્ષિણ ભારતમાં વિસ્તારી હતી. ઉત્તરાધિકારના યુદ્ધના કારણે વાતાપીના કેટલાંક સામન્તો અને અધીન રાજાએ પોતાની સ્વતંત્ર સત્તાઓની સ્થાપના કરી હતી. વાતાપીમાં અરાજકતાનું વાતાવરણ હતું. પુલકેશિન બીજા માટે પડકારજનક હતું. પુલકેશિન બીજાએ સૌ પ્રથમ કદમ્બ રાજ્ય વિરૂધ્ધ અભિયાન કર્યું અને ત્યાંના શાસક ભોગિવર્મન્ (કેટલાંક ઈતિહાસકારો આ નામ પર અસહમત છે.) ને હરાવ્યો. પુલકેશિનના આક્રમણ પછી કદમ્બ રાજ્ય કાયમ માટે નષ્ટ થઈ ગયું અને વાતાપીને અધીનં આવી ગયું. પુલકેશિને કદમ્બ રાજ્યની સત્તા પોતાના સામન્તો આલુપો અને સેન્દ્રકોને સોંપી દીધુ હતું. કદમ્બ પછી પુલકેશિને દક્ષિણી કન્નડના આલુપો અને ગંગવાડી રાજ્યના ગંગો વિરૂધ્ધઅભિયાન કર્યું. આલુપ શાસક કુન્દવર્મ્મરસ અને ગંગનરેશ દુર્વિનીતને હરાવી તેમનાં રાજ્યને વાતાપીને રાજ્યને વાતાપીનો અધિન બનાવ્યા હતા. ત્યાર પછી તેમણે કોંકણ પ્રદેશ પર આક્રમણ કર્યું અને ત્યાં વિજયશ્રી પ્રાપ્ત કરી હતી. અયહોલ પ્રશસ્તિથી જાણવા મળે છે કે પુલકેશિને લાટ, માળવા અને ગૂર્જર પ્રદેશ પણ જીત્યા હતા. પુલકેશિનના ઉત્તર ભારત તરફના આ અભિયાનના લીધે તેમનો સંઘર્ષ હર્ષવર્ધન સાથે થયો. હર્ષવર્ધન સાથેના તેમના સંઘર્ષ વિશે અયહોલ પ્રશસ્તિમાં તેમના વિજયનો ઉલ્લેખ છે પરંતુ કેટલાંક ઈતિહાસકારો આ તથ્યનો અસ્વીકાર કરે છે. યુદ્ધના સ્થળ અને સમય વિશે પણ ઈતિહાસકારોમાં ઘણાં મતભેદ છે. અયહોલ પ્રશસ્તિમાં પુલકેશિન દ્વારા ત્રિમહારાષ્ટ્રકો પર અધિકારનો ઉલ્લેખ છે. જે સંભવતઃ કોંકણ, મહારાષ્ટ્ર અને કર્ણાટક હોઈ શકે છે. પુલકેશિને પૂર્વી દક્કનના કોશલ

અને કલિંગ શાસકોને પણ હરાવ્યા હતા. દક્ષિણ કૌશલ રાજ્યમાં બાલાર્જુન શિવગુપ્તનું શાસન હતું. અને કલિંગમાં ગંગ વંશનું શાસન હતું.ત્યારપછી પુલકેશિને આન્ધ્રના પિષ્ટપુર પર આક્રમણ કરી વિષ્ણુકુંડિન વંશના શાસકોને હરાવ્યો અને ત્યાં પોતાના ભાઈ વિષ્ણુવર્ધનને ઉપરાજા બનાન્યો. જેણે ત્યાં જ વેંગીના ચાલુક્ય વંશની સ્થાપના કરી હતી. પુલકેશિન બીજાના સમયમાં વાતાપીના દક્ષિણમાં કાંચીના પલ્લવ શાસકોનું  રાજ્ય હતું. મહેન્દ્રવર્મન પ્રથમ પુલકેશિનનો સમકાલીન પલ્લવ શાસક હતો. પુલકેશિને પલ્લવ રાજ્ય પર આક્રમણ કર્યો અને મહેન્દ્રવર્મન સાથે ભીષણ સંઘર્ષમાં તેને હરાવ્યો. મહેન્દ્રવર્મન પોતાના પાટનગર કાંચીને સુરક્ષિત રાખવામાં સફળ રહ્યો.પલ્લવ રાજ્યના કેટલાંક વિસ્તારો પર પુલકેશિનનો અધિકાર થયો. પલ્લવો વિરુદ્ધ આ સંઘર્ષમાં પુલકેશિનનો વિજય વાતાપીના રાજ્યને સર્વોચ્ચ સ્તર સુધી લઈ ગયોહતો. પલ્લવો પર પુલકેશિનનો આ વિજય કાયમ નં રહી શક્યો. પલ્લવ શાસકો દ્વારા સમય-સમય પર ચાલુક્યો વિરુદ્ધનાં કાર્યો કરવામાં આવતા હતા. પુલકેશિન દ્વારા ફરીથી કાંચી પર આક્રમણ કરવામાં આવ્યું. આ બીજા આક્રમણના સમયે પલ્લવ શાસક નરસિંહવર્મન પ્રથમ હતો. તેણે પુલકેશિનને પરિયલ, મણિમંગલ, શૂરમાલ જેવા યુદ્ધોમાં હરવ્યો. પુલકેશિન વાતાપી પરત ફર્યો પરંતુ નરસિંહવર્મને વાતાપી સુધી તેનો પીછો કર્યો અને વાતાપી પર આક્રમણ કર્યું.વાતાપીના આ આક્રમણમાં પુલકેશિન બીજો યુદ્ધ દરમ્યાન માર્યો ગયો અને વાતાપી પર પલ્લવ શાસક નરસિંહવર્મનનો અધિકાર થઈ ગયો. પુલકેશિન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો સૌથી શક્તિશાળી શાસક હતો પરંતુ તેનો અંત દુખદ રીતે થયો હતો.

**5) અન્ય શાસકો**

પુલકેશિન બીજાના ઈ.સ.642માં મૃત્યુ પછી વાતાપી પર પલ્લવોનો અધિકાર થઈ ગયો હતો અને વાતાપી પલ્લવોને એક અધિન રાજ્ય થયું હતું. ઈ.સ.655માં પુલકેશિન બીજાના એક પુત્ર વિક્રમાદિત્યએ ગંગ શાસક દુર્વિનિતની સહાયતાથી નરસિંહવર્મન વિરુદ્ધ સફળતા મેળવીને વાતાપી પર પુનઃ અધિકાર મેળવ્યો હતો. વિક્રમાદિત્યના પલ્લવો સાથેના સંઘર્ષમાં જાણવા મળે છે કે તેમનો સંઘર્ષ ત્રણ પલ્લવ શાસકો સાથે થયો હતો. નરસિંહવર્મન પ્રથમ, મહેન્દ્રવર્મન બીજો અને પરમેશ્વરવર્મન પ્રથમ. વિક્રમાદિત્યે પોતાના ભાઈ જયસિંહવર્મન અને ગંગ શાસકોની સહાયતાથી પલ્લવો સાથેના સંઘર્ષોમાં વિજય મેળવી હતી. પલ્લ્વ અભિલેખો જણાવે છે કે ચાલુક્ય-પલ્લવ સંઘર્ષમાં છેલ્લે પરમેશ્વરવર્મને વિક્રમાદિત્યને હરવ્યો હતો. વિક્રમાદિત્યે પાંડ્ય, ચોલ, કલભ્ર અને કેરલો વિરુદ્ધ સફળતા મેળવી હતી. વિક્રમાદિત્ય પછી તેમનો પુત્ર વિનયાદિત્ય શાસક બન્યો. તેણે વિક્રમાદિત્યની હારનો બદલો પલ્લવો વિરુદ્ધ વિજય મેળવીને લીધો હતો. ચાલુક્ય અભિલેખોથી જાણવા મળે છે કે તેણે પલ્લવો, કલભ્રો, હૈહય, માલવ, ચોલ, પાણ્ડ્યો વિરુદ્ધ સફળ અભિયાન કર્યા હતા. તેના પછી તેનો પુત્ર વિજયાદિત્ય શાસક બન્યો.તેણે કાંચી પર આક્રમણ કરવા માટે પોતાના પુત્ર વિક્રમાદિત્ય બીજાને મોકલ્યો હતો જેણે પરમેશ્વરવર્મન બીજાને હરાવ્યો હતો. વિજયાદિત્યે પટ્ટદકલમાં વિશાલ

*શિવમંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે સમસ્ત ભવનાશ્રય, ભટ્ટારક, સત્યાશ્રય જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. વિજયાદિત્ય પછી તેનો પુત્ર વિક્રમાદિત્ય બીજો શાસક બન્યો. તેના સમયમાં પ્રથમ વર્ષે જ આરબોનું આક્રમણ થયું હતું. આરબોએ પશ્ચિમી પ્રદેશપરવિજય મેળવીને દક્ષિણ તરફ આક્રમણ કર્યું હતું. ત્યારે નવસારી પ્રદેશમાં તેમના સામન્ત પુલકેશિન દ્વારા આ આક્રમણનો સફળ પ્રતિરોધ કરવામાં આવ્યો હતો. વિક્રમાદિત્યે પુલકેશિનની આ સફળતાના લીધે તને અવનિજનાશ્રયની ઉપાધિ આપી હતી. વિક્રમાદિત્ય બીજાના પલ્લવ સાથેના સંઘર્ષમાં પણ સફળતા મેળવી હતી. પલ્લવ શાસક નન્દિવર્મા બીજાને પરાસ્ત કર કાંચી પર અધિકાર મેળવ્યો અને કાંચીકોણ્ડની ઉપાધિ ધારણ કરી હતી. વિક્રમાદિત્ય બીજાએ પોતાના રાજ્યકાળ દરમ્યાન ત્રણ વાર પલ્લવોને હરવ્યો હતો. વિક્રમાદિત્યની રાણી લોકમહાદેવીએ પ્રસિદ્ધ વિરૂપાક્ષ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેની બીજી  ત્રૈલોક્યમહાદેવીએ ત્રેલોકેશ્વર મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. વિક્રમાદિત્ય બીજાએ વલ્લભ, દુર્જય, મહારાજાધિરાજ, શ્રીપૃથ્વીવલ્લભ, પરમેશ્વર જેવી ઉપાંધિઓ ધારણ કરી હતી. તેમના પછી તેમનો પુત્ર કીર્તિવર્મન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો શાસક બન્યો હતો. કીર્તિવર્મન બીજો વાતાપીના ચાલુક્ય વંશનો અંતિમશાસક હતો. તેના સમયમાં તેના સમકાલીન રાષ્ટ્રકૂટ સામન્ત દન્તુદુર્ગે પલ્લવ શાસક નન્દિવર્મન બીજાની સહાયતાથી કીર્તિવર્મન બીજાને હરવ્યો હતો. કીર્તિવર્મન બીજા દ્વારા રાજ્ય ફરી મેળવવા માટેનો સંઘર્ષ અસફળ રહ્યો હતો અને તે રાષ્ટ્રકૂટ શાસક કૃષ્ણ ત્રીજા સાથે સંઘર્ષમાં માર્યો ગયો. તેના પછી વાતાપીના ચાલુક્ય રાજ્ય પર રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી અને વાતાપીના ચાલુક્ય વંશનો અંત થયો.*

## 2.3 પલ્લવ વંશ

*ઈ.સ. ચૌથી સદીથી દસમી સદી સુધીના સમયગાળા દરમ્યાન દક્ષિણ ભારતમાં જે પ્રમુખ રાજકીય સત્તાઓ હતી તેમાં પલ્લાવોનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. પ્રાચીન કાલની દક્ષિણ ભારતની ત્રણ પરમ્પરાગત સત્તાઓમાં પલ્લવોનો ઉલ્લેખ નથી. પરંતુ સંગમ યુગ પછીના ઈતિહાસમાં પલ્લવોનો ઉલ્લેખ મળવાનો શરૂ થાય છે અને છઠ્ઠી સદી પછી તેમનું પ્રભુત્વ સમસ્ત દક્ષિણ અને દક્ષિણાપથ પર જોવા મળે છે. પલ્લવોના સમયમાં જ તેમના દક્ષિણમાં પરવર્તી ચોલવંશની સત્તા પ્રસરી હતી, તેમના ઉત્તરમાં વાતાપીના ચાલુક્યો અને માન્યખટના રાષ્ટ્રકૂટો હતા. ઈ.સ.છઠ્ઠી સદી પછીના દક્ષિણ ભારતના ઈતિહાસમાં જે રાજકીય અને સાસ્કૃતિક પરિવર્તનો જોવાં મળે છે તેમાં પલ્લવોનું મહત્ત્વનું યોગદાન છે. પલ્લવોના રાજ્યનું પાટનગર કાંચી હતું. એટલે તેમને કાંચીના પલ્લવો તરીકે પણ ઓળખવામાં આવે છે.*

### 2.3.1 પલ્લવ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે સમકાલીન પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનો મળે છે. ઉપરાન્ત વિદેશી યાત્રીઓનાં વિવરણો પણ મળે છે જે પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં છે. પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે સૌથી મહત્ત્વના*

*સાધનો પુરાવસ્તુકીય સાધનો છે જેમાં અભિલેખો અને મંદિરો સૌથી મહત્ત્વનાં છે. શિવસ્કન્દવર્મનનો મેજવોલુ અને હીરહડગલ્લીના લેખો પલ્લવોનો પ્રારમ્ભિક ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં છે. કુમારવિષ્ણુ બીજાના કેન્દલૂર દાનપત્ર અને નન્દિવર્મનના ઉતયેન્દિરમ દાનપત્ર પણ મહત્ત્વનાં છે. ઉપરાંત ચાલુક્યો, રાષ્ટ્રકૂટો અને ચોલોના અભિલેખો પણ પલ્લવ વંશનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં છે. પલ્લવ શાસકોનો કાળ દક્ષિણ ભારતમાં કલા અને સ્થાપત્યના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ રહ્યો છે. આ સમયમાં બનેલા વિભિન્ન મંદિરો પણ પલ્લવોનો ઈતિહાસ જાણવાનાંમહત્ત્વનાં પુરાવસ્તુકીય સાધનો છે. પલ્લવ શાસકોના સમયકાલમાં બનેલા મંદિરો દ્રવિડ઼ શૈલીના મુખ્ય મંદિરો છે. ઈતિહાસકાર પર્સી બ્રાઉન પલ્લવોની સ્થાપત્ય શૈલીને ચાર શાસકોના સમય દરમ્યાન બનેલા મંદિરોમાં વિભક્ત કરે છે. જેમાં મહેન્દ્રવર્મન પ્રથમના સમયની શૈલી મહેન્દ્રશલી, નરસિંહવર્મન પ્રથમના સમયની શૈલી મામલ્લ શૈલી, નરસિંહવર્મન બીજાના સમયની શૈલી રાજસિંહ શૈલી અને તેના પછી નિર્મિત મંદિરોની શૈલી નન્દિવર્મન શૈલી. આમ આ ચાર પ્રકારની શૈલીનાં મંદિરો પલ્લવોના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક ઈતિહાસ જાણવા માટે મહત્ત્વનાં સાધનો છે. પુરાવસ્તુકીય સાધનો ઉપરાંત કેટલાંક સાહિત્યિક સાધનો પણ પલ્લવોનો ઈતિહાસ જાણવા માટે મહત્ત્વના છે. સોઢ્ઢલ કૃત અવન્તિસુન્દરી કથા, મહેન્દ્રવર્મન પ્રથમ કૃત મત્તવિલાસ પ્રહસન, તમિલ ગ્રન્થ નન્દિક્કલમ્બકમ, જૈન ગ્રન્થ લોકવિભાગ, બૌદ્ધગ્રન્થ મહાવંશ અને હ્યુનસાંગનાં વિવરણો પણ પલ્લવોના ઈતિહાસ માટે મહત્ત્વપૂર્ણ સાહિત્યિક સામગ્રી છે.*

### 2.3.2 પલ્લવોની ઉત્પત્તિ

*પલ્લવોની ઉત્પત્તિના સંદર્ભમાં ઈતિહાસકારોમાં ઘણા મતભેદ છે. સંગમ સાહિત્યમાં પ્રત્યક્ષ રીતે પલ્લવોનો ઉલ્લેખ મળતો નથી. પલ્લવોના અભિલેખોમાં પણ તેમની ઉત્પત્તિના સંદર્ભમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી. એટલે ઈતિહાસકારો બીજા સ્રોતોના સુમેળ અને વ્યાખ્યાઓથી પોતાનાં મંતવ્યો રજૂ કરે છે. પલ્લવોની ઉત્પત્તિના સંદર્ભમાં મુખ્ય ચર્ચાઓ નીચે મુજબ છે –*

- *વિદેશી ઉત્પત્તિ – કાંચીના પલ્લવોની ઉત્પત્તિ મૂલતઃ પાર્થીયન અથવા પહલવોથી થઈ હતી. આ મતને સ્વીકાર કરનાર ઈતિહાસકારોમાં જે.ડુબ્રીલ, બી.એલ. રાઈસ, એસ.એન. અય્યર અને સી.આ. શ્રીનિવાસન છે.વિદેશી ઉત્પત્તિને માનનાર ઈતિહાસકારોનો મત છે કે શક મહાક્ષત્રપ રૂદ્રદામાના પહલવ મંત્રી સુવિશાખ પલ્લવ વંશનો સંસ્થાપક હતો. ઈતિહાસકારો નન્દિવર્મન બીજાની મૂર્તિની સમીક્ષા કરે છે અને આ મૂર્તિમાં ઈંડોગ્રીક શાસક ડેમેટ્રિયસની જેમ જ ગજશીર્ષ મુકુટ છે. પલ્લવોના સિક્કાઓના પૃષ્ઠ ભાગ પર સૂર્ય અને ચન્દ્રની આકૃતિઓ છે જે પાર્થીયન શાસકોના સિક્કાઓ પર પણ છે. પરંતુ પલ્લવોની વિદેશી ઉત્પત્તિનો સિધ્ધાંત કેટલાંક ઈતિહાસકારો સ્વીકાર નથી કરતા. પલ્લવોએ અશ્વમેધયજ્ઞ જેવા વૈદિક યજ્ઞો કરાવ્યા હતા અને એ કોઈ પણ વિદેશી માટે સંભવ નથી. ઉપરાંત પલ્લવોના અભિલેખોમાં*

પણ તેમના વિદેશી જાતિ સાથે કોઈ પણ રીતે સંબંધોનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉલ્લેખ નથી એટલે વિદેશી ઉત્પત્તિનો સિદ્ધાન્ત સ્વીકારવા કેટલાક ઈતિહાસકારો તૈયાર નથી.

- પ્રાચીન તમિલ જનજાતિ અથવા સિંહલી ઉત્પત્તિ – વી.એ.સ્મિથ, રામાસ્વામી આયંગાર અને રસનયગમ મુદાલિયર જેવા ઈતિહાસકારો માને છે કે પલ્લવો મૂલતઃ તમિલ જાતિના અથવા તો સિંહલદ્વીપના હતા. એમના અનુસારે તોંડમણ્ડલમના ચોલ શાસક કિલ્લીવને શ્રીલંકાના મણિપલ્લવ શાસકની નાગવંશી કન્યા સાથે લગ્ન કર્યા હતા અને તેમનો પુત્ર ટોણ્ડેમાન ઈલાન્તિરૈયન થયો. એ ઈલાન્તિરૈયન તોંડલમનો શાસક બન્યો જેણે કાંચીને પોતાનું પાટનગર બનાવ્યું અને પોતાની માતાના નામે આ રાજ્યનું નામ રાખ્યું. મણિપલ્લવ. સમય જતા આ શબ્દમાંથી મણિ શબ્દ લુપ્ત થઈ ગયો અને પલ્લવ શબ્દ રહી ગયો. આ કથા માટે તેઓ સંગમસાહિત્યના પ્રમુખ ગ્રન્થ મણિમૈખલેનો પણ ઉલ્લેખ કરે છે.
- ભારતીય ઉત્પત્તિ – ઈતિહાસકાર કે.પી.જાયસવાલ, નીલકણ્ઠ શાસ્ત્રી, એસ.કે. આયંગાર, આર. ગોપાલન, એન. સુબ્રમણ્યમ, દિનેશચન્દ્ર સરકાર, એલેક્ઝેંડર રે, ટી.વી. મહાલિંગમ, બલરામ શ્રીવાસ્તવ જેવા ઈતિહાસકારો સ્પષ્ટ રૂપે માને છે કે પલ્લવો ભારતીય મૂળના જ હતા. જાયસવાલ પલ્લવોને વાકાટકોની જ એક ઉપશાખા માને છે. આર.ગોપાલન પલ્લવોને આન્ધ્રના નિવાસી માને છે. દિનેશચન્દ્ર સરકાર પલ્લવોને તોડમણ્ડલમ પ્રદેશના મૂળનિવાસી માને છે જે અશોકના સામ્રાજ્યનો દક્ષિણી પ્રાન્ત હતો. નીલકણ્ઠ શાસ્ત્રી પલ્લવોને ઉત્તર ભારતના નિવાસી માને છે. એલેક્ઝેંડર રે માને છે કે પલ્લવ શબ્દ તમિલ ભાષાના પાલઅવિલ શબ્દનો અપભ્રંશ છે. પાલઅવિલનો અર્થ છે દુગ્ધ-દોહન અર્થાત પશુપાલક. પલ્લવ અભિલેખોમાં પલ્લવોને ભારદ્વાજ ગૌત્રના બ્રાહ્મણ અને અશ્વત્થામાના વંશજ બતાવવામાં આવ્યા છે. તાલગુણ્ડ અભિલેખમાં પલ્લવોને ક્ષત્રીય કુળના બતાવવામાં આવ્યા છે.

### 2.3.3 પ્રારંભિક ઈતિહાસ

પલ્લવોના પ્રારંભિકઈતિહાસ માટે ત્રણ તામ્રલેખો મહત્ત્વના છે – ગુન્ટૂર જિલ્લાના મયિડવોલુનું  તામ્રપત્ર, હીરહડગલ્લીનું તામ્રપત્ર અને ગુન્ટૂરથી જ મળેલ રાની ચારૂદેવીનું તામ્રપત્ર. આ લેખોમાં બપ્પદેવ, શિવસ્કન્દવર્મન અને વીરવર્મન નામક શાસકોનો ઉલ્લેખ છે. આ લેખોના પહેલા પણ અશોકના શિલાલેખોમાં વર્ણિત પુલિન્દ અથવા પલન્દ નામને ઈતિહાસકારો પલ્લવ તરીકે ગણે છે. હરિષેણની પ્રયાગ પ્રશસ્તિમાં કાંચીના શાસક તરીકે વિષ્ણુગોપનો ઉલ્લેખ થયો છે. પલ્લવોના પ્રારંભિક અભિલેખ પ્રાકૃત અને સંસ્કૃતમાં છે જેનાથી ઈતિહાસકારો અંદાજ લગાવે છે કે પલ્લવો શરૂઆતમાં સાતવાહનોના અધીન સામંતોની જેમ રાજ કરતા હતા અને પછીના સમયમાં પોતાની સ્થિતિ સુધારીને તોંડમંડલમ ક્ષેત્ર પર પોતાનું સ્વતન્ત્ર રાજ્ય બનાવ્યું. પ્રાકૃત ભાષાના તામ્રલેખોમાં સિંહવર્માનો પ્રથમ શાસક તરીકે ઉલ્લેખ થયો છે. હીરહડગલ્લી અભિલેખથી

*જાણવા મળે છે કે ચોથી સદીમાં શિવસ્કન્દવર્મા પ્રમુખ શાસક હતો જેમણે ધર્મમહારાજની ઉપાધિ ધારણ કરી હતી અને અશ્વમેધ, વાજપેય જેવા યજ્ઞો કરાવ્યા હતા. પ્રયાગ પ્રશસ્તિમાં ઉલ્લેખિત કાંચીના શાસક વિષ્ણુગોપ પછી લગભગ આઠ રાજાઓનો ઉલ્લેખ થયો છે જેના પછી સિંહવર્મન (ઈ.સ. 550-575) ઉલ્લેખ થાય છે. તેના પછી તેનો પુત્ર સિંહવિષ્ણુ પલ્લવ વંશનો પ્રથમ મહાન શાસક હતો. સિહંવિષ્ણુ પછી કાંચીના પલ્લવોનો ઉત્કર્ષ થાય છે.*

**2.3.4 પલ્લવ શાસકો**

1. *સિંહવર્મન (ઈ.સ.* 550-575*)*
2. *સિંહવિષ્ણુ (ઈ.સ.* 575-600*)*
3. *મહેન્દ્રવર્મન પ્રથમ (ઈ.સ.* 600-630*)*
4. *નરસિંહવર્મન પ્રથમ (ઈ.સ.* 630-668*)*
5. *મહેન્દ્રવર્મન દ્વિતીય (ઈ.સ.* 668-670*)*
6. *પરમેશ્વરવર્મન પ્રથમ (ઈ.સ.* 670-700*)*
7. *નરસિંહવર્મન દ્વિતીય (ઈ.સ.* 700-720*)*
8. *પરમેશ્વરવર્મન દ્વિતીય (ઈ.સ.* 720-730*)*
9. *નન્દિવર્મન દ્વિતીય (ઈ.સ.* 730-800*)*
10. *દન્તિવર્મન (ઈ.સ.* 800-846*)*
11. *નન્દિવર્મન તૃતીય (ઈ.સ.* 846-869*)*
12. *નૃપતુંગવર્મન (ઈ.સ.* 869-880*)*
13. *અપરાજિત (ઈ.સ.* 880-903*)*
14. *નન્દિવર્મન ચતુર્થ (ઈ.સ.* 904-926*)*
15. *કમ્પવર્મા (ઈ.સ.* 948-980*)*

**2.3.5 પલ્લવ શાસકોની સિદ્ધિઓ**

1) **સિંહવિષ્ણુ**

*સિંહવર્મનનો પુત્ર સિંહવિષ્ણુ પ્રથમ મહાન પલ્લવ શાસક હતો. સિંહવિષ્ણુએ કલભ્ર, ચોલ, પાણ્ડ્ય તથા સિંહલ શાસકોને પરાજિત કર્યા હતા. સિંહવિષ્ણુના વિજયોના પરિણામસ્વરૂપ પલ્લવ રાજ્યની સીમાઓ કાવેરી નદી સુધી પહોંચી ગઈ હતી. તેમણે અવનિસિંહની ઉપાધિ ધારણ કરી હતી. સિંહવિષ્ણુ વૈષ્ણવ હતો અને તેમણે મામલ્લપુરમમાં વારાહ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. કિરાતાર્જુનિયમ મહાકાવ્યનો રચયિતા સંસ્કૃતનો વિદ્વાન ભારવિ તેના દરબારમાં હતો.*

**2) મહેન્દ્રવર્મન પ્રથમ**

*સિંહવિષ્ણુના પછી તેનો પુત્ર મહેન્દ્રવર્મન પ્રથમ શાસક બન્યો. મહેન્દ્રવર્મનના સમયમાં પલ્લવોનો વાતાપીના ચાલુક્યો સાથે સંઘર્ષ શરૂ થયો હતો. તેમના સમયમાં વાતાપીના ચાલુક્ય શાસક પુલકેશિન બીજાએ કાંચી પર આક્રમણ કર્યું હતું. આ*

આક્રમણમાં પલ્લવોની હાર થઈ પરંતુ મહેન્દ્રવર્મન કાંચીને સુરક્ષિત કરવામાં સફળ થયો પરંતુ ચાલુક્યો સાથે એ સંઘર્ષ ભવિષ્યમાં પણ ચાલતો રહ્યો. મહેન્દ્રવર્મને શરૂઆતમાં જૈન ધર્મ સ્વીકાર્યો હતો પરંતુ શૈવ સંત અપ્પરના પ્રભાવના લીધે જૈન ધર્મ ત્યાગ કરીને શૈવ ધર્મ અપનાવ્યો. મહેન્દ્રવર્મન પ્રથમે બ્રાહ્મણ ધર્મના સંપ્રદાયો પ્રત્યે સહિષ્ણુતાની નીતિ અપનાવી હતી. તેણે દક્ષિણ ભારતમાં દરી-મંદિર બનાવવાની પ્રથાની શરૂઆત કરી હતી. એવાં મંદિરો ત્રિમુખી સ્તંભનાં હોય છે. એવા દરી-મંદિર દલવનુર, પલ્લવરમ, સિય્યમંગલમ, વલ્લમ વગેરે સ્થળો પર મળ્યાં છે. મહેન્દ્રવર્મન પ્રથમે મત્તવિલાસપ્રહસન અને ભગવદજ્જુકીયમ નામક ગ્રન્થોની રચના કરી હતી. તેણે સંગીતની શિક્ષા પણ પ્રાપ્ત કરી હતી. પ્રસિદ્ધ સંગિતજ્ઞ રૂદ્રાચાર્ય તેમના ગુરુ હતા. મહેન્દ્રવર્મન પ્રથમે મત્તવિલાસ, વિચિત્રચિત્ત, ગુણભાર, શત્રુમલ્લની ઉપાધિ ધારણ કરી હતી.

### 3) નરસિંહવર્મન પ્રથમ

નરસિંહવર્મન પ્રથમ મહેન્દ્રવર્મન પ્રથમનો પુત્ર હતો. નરસિંહવર્મન પ્રથમ પલ્લવ વંશનો સૌથી શક્તિશાળી શાસક હતો. મહેન્દ્રવર્મનના સમયમાં પુલકેશિન દ્વારા પલ્લવોના રાજ્યનો એક વિસ્તૃત પ્રદેશ લઈ લેવામાં આવ્યો હતો. નરસિંહવર્મન પ્રથમે પુલકેશિન બીજાના પાટનગર વાતાપી પર આક્રમણ કર્યું. આ આક્રમણમાં પુલકેશિન બીજાનું મૃત્યુ થયું અને વાતાપી પર પલ્લવોનો અધિકાર થઈ ગયો. આ વિજયના ઉપલક્ષમાં નરસિંહવર્મન પ્રથમે વાતાપીકોણ્ડની ઉપાધિ ધારણ કરી હતી. આ યુદ્ધમાં શ્રીલંકાના રાજકુમાર માનવવર્માએ નરસિંહવર્મનની સહાયતા કરી હતી. શ્રીલંકાના રાજકુમાર માનવવર્માને રાજગાદી અપાવવા માટે નરસિંહવર્મન પ્રથમ પોતાની સૈના મોકલી હતી જેની સહાયતાથી માનવવર્મા શ્રીલંકાનો શાસક બન્યો. પરંતુ નરસિંહવર્મનની સેનાના પરત ફરતા જ હત્થદત્થ દ્વારા પોત્થકુત્થની સહાયતાથી માનવવર્માને પદચ્યુત કરવામાં આવ્યો હતો. આ. સૂચના મળતા જ નરસિંહવર્મને ફરીથી એક વિશાળ સેના મોકલી અને મહાબલીપુરમ સુધી પોતે ગયો હતો. નરસિંહવર્મનનું આ અભિયાન પણ પૂર્ણરૂપે સફળ રહ્યું હતું. નરસિંહવર્મન એક વિજેતા હતો પરંતુ તેઓ એક મહાન નિર્માતા પણ હતો. તેણે મહાબલીપુરમમાં એકાશ્મ રથોનું નિર્માણ કરાવ્યું હતું. તેમણે મહામલ્લપુરમ નામક નગરની સ્થાપના કરી હતી. તેમના સમયમાં ચીની યાત્રી હ્યુંનસાંગ કાંચીની મુલાકાત લીધી હતી. નરસિંહવર્મન પ્રથમના મૃત્યુ પછી તેના પુત્ર મહેન્દ્રવર્મન બીજો શાસક બન્યો. તેનું શાસન બે વર્ષનું જ રહ્યું હતું.

### 4) પરમેશ્વરવર્મન પ્રથમ

મહેન્દ્રવર્મન બીજા પછી તેમનો પુત્ર પરમેશ્વરવર્મન પ્રથમ ગાદીએ આવ્યો. તેના સમયમાં પલ્લવ-ચાલુક્ય સંઘર્ષ ફરીથી શરૂ થઈ ગયો હતો. ચાલુક્ય શાસક વિક્રમાદિત્યે પરમેશ્વરવર્મન પ્રથમને હરાવ્યો હતો અને પરમેશ્વરવર્મનને ત્યાંથી ભાગવા માટે મજબૂર કર્યો હતો. એક લાંબા સંઘર્ષ પછી પરમેશ્વરવર્મને ચાલુક્ય રાજકુમારો વિનયાદિત્ય અને

*વિજયાદિત્યને હરાવીને પોતાનું રાજ્ય ફરીથી મેળવવું હતું. પરમેશ્વરવર્મન પ્રથમ શૈવ ધર્મનો અનુયાયી હતો. તેમણે લોકાદિત્ય,એકમલ્લ, રણંજય, અત્યન્તકામ, ઉગ્રદણ્ડ, વિદ્યાવિનીત જેવી ઉપાધિઓ ગ્રહણ કરી હતી.*

### 5) નરસિંહવર્મન બીજો

*પરમેશ્વરવર્મન પ્રથમ પછી તેનો પુત્ર નરસિંહવર્મન બીજો શાસક બન્યો. તેના સમયમાં પલ્લવ-ચાલુક્ય સંઘર્ષમાં વિરામ આવ્યો. તેના સમયમાં કલા અને સ્થાપત્યનો ઘણો વિકાસ થયો હતો. તેણે કાંચીમાં કૈલાશનાથ મંદિર અને મહાબલીપુરમમાં શોર મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે ચીની અને બૌદ્ધ યાત્રીઓ માટે નાગપટ્ટમમાં બૌદ્ધ વિહારની સ્થાપના પણ કરાવી હતી. તેના સમયમાં દરિયાઈ વેપારમાં પ્રગતિ થઈ હતી. કાવ્યાદર્શ અને દશકુમારચરિતના રચયિતા મહાકવિ દંડી તેના દરબારનો સભ્ય હતા. નરસિંહવર્મન બીજા પછી તેનો પુત્ર પરમેશ્વરવર્મન બીજો શાસક બન્યો. તેના સમયમાં ચાલુક્ય વિક્રમાદિત્યે ગંગ શાસક શ્રીપુરુષની સહાયતાથી કાંચી પર આક્રમણ કર્યું. આ યુદ્ધમાં પરમેશ્વરવર્મન બીજો માર્યો ગયો. પરમેશ્વરવર્મન બીજો સિંહવિષ્ણુની વંશ પરમ્પરાનો અંતિમ શાસક હતો.*

### 6) નન્દિવર્મન બીજો

*પરમેશ્વરવર્મનના અચાનક થયેલા મૃત્યુના લીધે ઉત્તરાધિકારી માટે સિંહવિષ્ણુના ભાઈ ભીમવર્માના વંશજ હિરણ્યવર્માના પુત્ર નન્દિવર્મા બીજાને લોકોએ પલ્લવ રાજ્યનો શાસક બનાવ્યો. નન્દિવર્મન બીજાનો સંઘર્ષ પાણ્ડ્ય નરેશ રાજસિંહ પ્રથમ સાથે થયો. રાજસિંહે નન્દિવર્મનને હરાવ્યો અને નન્દિપુરના કિલ્લામાં કેદ કર્યો. નન્દિવર્મનના સૈનાપતિ ઉદયચન્દ્રે પાણ્ડ્ય સેનાઓને હરાવીને નન્દિવર્મનને મુક્ત કરાવ્યો. ત્યાર પછી નન્દિવર્મનનો સંઘર્ષ રાષ્ટ્રકૂટ નરેશ દન્તિદુર્ગ સાથે થયો. દન્તિદુર્ગે નન્દિવર્મનને હરાવ્યો પરંતુ પછી બન્નેમાં સંધિ થઈ અને દન્તિદુર્ગે પોતાની પુત્રી રેવાના લગ્ન નન્દિવર્મન સાથે કર્યા. નન્દિવર્મન વૈષ્ણવ મતનો અનુયાયી હતો. તેણે કાંચીમાં મુક્તેશ્વર અને બૈકુણ્ટ પેરૂમલ મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. પ્રસિદ્ધ વૈષ્ણવ સંત તરૂમંગઈ તેના સમકાલીન હતા. નન્દિવર્મન બીજા પછી તેનો પુત્ર દન્તિવર્મન શાસક બન્યો. તેના સમયમાં પલ્લવોના રાષ્ટ્રકૂટો સાથે સંબંધ ખરાબ થઈ ગયા હતા. રાષ્ટ્રકૂટ શાસક ગોવિન્દ ત્રીજાએ દન્તિવર્મન પર આક્રમણ કયું અને પલ્લવ રાજ્ય પર અધિકાર મેળવ્યો હતો. ત્યાર પછી દન્તિવર્મને રાષ્ટ્રકૂટોને અધીન શાસકની જેમ રાજ કર્યું હતું. પાણ્ડ્ય નરેશ વરગુણ પ્રથમ અને તેના પુત્ર શ્રીમારે પણ દન્તિવર્મનના રાજ્ય પર આક્રમણ કર્યું અને કેટલાંક વિસ્તારો પર પોતાનો અધિકાર કર્યો હતો.*

### 7) નન્દિવર્મન ત્રીજો

*દન્તિવર્મનના મૃત્યુ પછી તેમનો પુત્ર નન્દિવર્મન ત્રીજો શાસક બન્યો. પાણ્ડ્ય શાસક શ્રીમાર સાથે સંઘર્ષ માટે ચોલ અને રાષ્ટ્રકૂટો સાથે સંધિ કરી અને વાણ્ડીવાશના*

*નજીક તેલ્લૂરના યુદ્ધમાં પાણ્ડ્ય શાસકને પરાજય આપ્યો. ગંગ શાસકોએ પણ નન્દિવર્મન ત્રીજાની અધીનતા સ્વીકારી હતી. રાષ્ટ્રકૂટ નરેશ અમોઘવર્ષે પોતાની પુત્રી શંખાના લગ્ન નન્દિવર્મન ત્રીજા સાથે કર્યા હતા. નન્દિવર્મન ત્રીજાના દરબારમાં તમિલના પ્રસિદ્ધ કવિ પરૂન્દેવનાર નિવાસ કરતા હતા જેમણે તમિલ કાવ્ય નન્દિક્કલમ્બકમની રચના કરી હતી.*

**8) અન્ય શાસકો**

*નન્દિવર્મન ત્રીજા પછી તેમનો પુત્ર નૃપતુંગવર્મન શાસક બન્યો. તેમણે પાણ્ડ્યોને અને વાણ રાજવંશના શાસકોને પરાજિત કર્યા હતા. એમના સમયમાં એમના સૌતેલા ભાઈ અપરાજિતે વિદ્રોહ કર્યો હતો. ચોલ અને ગંગ શાસકોએ અપરાજિતની સહાયતા કરી હતી અને પાણ્ડ્ય શાસકે  નૃપતુંગવર્મનની. ઉત્તરાધિકાર માટે થયેલા આ યુદ્ધમાં અપરાજિતની જીત થઈ હતી. અપરાજિત અંતિમ મહત્ત્વપૂર્ણ પલ્લવ શાસક હતો. ચોલ શાસક આદિત્ય પ્રથમે પલ્લવોની કમજોર સ્થિતિનો લાભ લઈ તોડમણ્ડલમ પર અધિકાર મેળવ્યો અને અપરાજિતને હરાવ્યો. અપરાજિત પછી નન્દિવર્મન ચોથો અને કમ્પવર્માનાં નામો મળે છે. ઈ.સ.980માં કમ્પવર્માના મૃત્યુ પછી કાયમ માટે પલ્લવ રાજ્ય પર ચોલ શાસકોનો અધિકાર થઈ ગયો અને પલ્લવ વંશનો અંત થયો.*

## 2.4 ચૌલ વંશ

*દક્ષિણ ભારતના સૌથી પ્રાચીન ત્રણ રાજ્યોમાંથી એક રાજ્ય ચોલ હતું. સંગમ સાહિત્યમાં ત્રણ પ્રમુખ રાજ્યોમાં ચેર, પાણ્ડ્ય અને ચોલ રાજ્યનો ઉલ્લેખ છે. લગભગ ઈ.સ.પૂ. બીજી સદીથી ઈ.સ.ની ત્રીજી સદી સુધીના આ સમયગાળા દરમ્યાન સંગમ સાહિત્યમાં ચોલ રાજ્યનો ઉલ્લેખ આવે છે. ઈ.સ. ત્રીજી સદી પછી તેમનો ઈતિહાસ અંધકારમય થઈ જાય છે. પછી નવમી સદીમાં ચોલ શાસકોનો ઉલ્લેખ મળે છે. આ વચ્ચેના સમયનો ચોલોનો ઈતિહાસ અંધકારમય છે. એટલે નવમી સદી પછી જે ચોલ રાજ્ય વિકસિત થયું તેમને પરવર્તી ચોલ પણ કહેવામાં આવે છે.*

### 2.4.1 ચૌલ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*ચોલ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનોમાં સાહિત્યિક, પુરાવસ્તુકીય અને વિદેશી મુસાફરોનાં વિવરણો મહત્ત્વના સાધનો છે.*

**I. સાહિત્યિક સાધનો -**

*સંગમ સાહિત્ય દ્વારા પ્રારંભિક ચોલ શાસક કરિકાલ વિશે વિસ્તૃત માહિતી મળે છે. જયન્ગોંડાર કૃત કલિંગતુપરણીમાં કુલોત્તુંગ દ્વારા કલિંગ વિજયની માહિતી મળે છે. ઓટ્ટકુટ્ટમ દ્વારા રચિત ઉલાઓમાં વિક્રમચોલ, કુલોત્તુંગ બીજા અને રાજરાજ બીજા વિશેની ઐતિહાસિક માહિતી મળે છે. શેક્કિલાર દ્વારા રચિત પરીયપુરાણમમાં કુલોત્તુંગ બીજા વિશેની જાણકારી મળે છે. બુધમિત્ર દ્વારા રચિત વીરશોલિયમ્માં  વીર રાજેન્દ્ર વિશેની માહિતી મળે છે. બૌદ્ધગ્રંથ મહાવંશમાં પરાન્તકની પાણ્ડ્ય વિજય અને રાજેન્દ્રપ્રથમની લંકા વિજયની માહિતી મળે છે.*

### II. અભિલેખો

*ચોલ શાસકોના અભિલેખો સંસ્કૃત, તમિલ, તેલુગુ અને કન્નડ઼ ભાષામાં મળે છે. વિજયાલય* (859-871) *પછીના ચોલ શાસકોનો ઈતિહાસ અભિલેખો દ્વારા જ પ્રાપ્ત થાય છે. રાજરાજ પ્રથમના લેડન દાનપત્ર અને તંજોર મંદિરના લેખમાં ચોલ વંશની મહત્ત્વપૂર્ણ માહિતી મળે છે. રાજેન્દ્ર પ્રથમના તિરૂવાલંગાડૂ અને કરન્દૈ દાનપત્ર. રાજરાજ ત્રીજાના તિરૂવેન્દિપુરમનો અભિલેખ. રાજાધિરાજ પ્રથમનો મણિમંગલમ અભિલેખમાં તેનાં લંકાવિજય અને ચાલુક્યો સાથેના સંઘર્ષની માહિતી મળે છે.*

### III. સિક્કાઓ

*ધવલેશ્વરમથી પ્રાપ્ત ચોલ શાસકોના સુવર્ણના સિક્કાઓથી ચોલ વંશ વિશે મહત્ત્વની માહિતી મળે છે. રાજાધિરાજ પ્રથમના સિક્કાઓ લંકાથી પણ મળી આવ્યા છે. દક્ષિણ કિનારાથી રાજાધિરાજ પ્રથમના રજત સિક્કાઓ મળ્યા છે.*

### IV. વિદેશી મુસાફરો

*ચીની યાત્રી ચાઊ-જૂ-કુઆનાં વિવરણો ચોલ વંશના ઈતિહાસ માટે મહત્ત્વપૂર્ણ છે. પેરીપ્લસ ઑફ એરિથ્રિયન સી નામક ગ્રંથ પણ ચોલોના ઈતિહાસ માટે મહત્ત્વનો ગ્રંથ છે. ટાલેમીનો ગ્રંથ ચોલ શાસકો વિશે કેટલીક માહિતી આપે છે.*

## 2.4.2 ચૌલોની ઉત્પત્તિ

*કેટલાક ઈતિહાસકારો ચોલ શબ્દની ઉત્પત્તિ સંસ્કૃતના ચોર અથવા તમિલના ચોલમ્ અથવા કોલશબ્દથી માને છે. એનાથી એવું લાગે છે કે તેઓ પ્રાચીનકાલમાં આર્યોના આગમનથી પણપહેલા દક્ષિણ ભારતના કૃષ્ણકાય નિવાસી હતા. કેટલાક ઈતિહાસકારો ચોલ શબ્દને તમિલ ધાતુ ચૂડ઼ સાથે જોડે છે. પરંતુ સંગમ સાહિત્યમાં ચોલોને ચેરો અને પાણ્ડ્યો જેટલા જ પ્રાચીન માનવામાં આવ્યા છે. પરવર્તી ચોલોના અભિલેખોમાં તેને સૂર્યવંશ કહેવામાં આવ્યો છે. કાત્યાયનના વ્યાકરણ અને મહાભારતમાં પણ ચોલોનો ઉલ્લેખ થયો છે. અશોકના તેરમાં લેખમાં પણ ચોલોનો ઉલ્લેખ થયો છે. મેગસ્થનીજેના પછીની ઈણ્ડિકા, પેરીપ્લસ અને ટૉલેમીનાં વિવરણોમાં પણ ચોલોનાં નગરો અને બંદરોનો ઉલ્લેખ થયો છે.*

## 2.4.3 ચૌલોનો પ્રારંભિક ઈતિહાસ

*સંગમ સાહિત્યથી જાણવા મળે છે કે બીજી સદીમાં ચોલ વંશમાં કરિકાલ નામક પ્રસિદ્ધ શાસક થયો હતો. તેમણે પોતાના સમકાલીન ચેરો અને પાણ્ડ્યો વિરુદ્ધ વિજય મેળવ્યો હતો. કરિકાલ પછી ચોલોની રાજકીય સત્તાનું પતન થયું. ત્રીજી સદીથી નવમી સદી સુધીનો ચોલ રાજવંશનો ઈતિહાસ લગભગ અજ્ઞાત જેવો છે. આ સમયમાં સમગ્ર દક્ષિણમાં ચાલુક્યો, પલ્લવો અને રાષ્ટ્રકૂટોની સત્તા હતી. ઈતિહાસકારો માને છે કે ચોલવંશના શાસકો આ સમયમાં પલ્લવ નરેશોને અધીન સામંતોની જેમ શાસન કરતા*

*હશે. કાલાંતેરમ પલ્લવોના સામંતોનાં રૂપમાં પોતાની સત્તાને મજબૂત કરી અને સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી. ચોલ શાસક વિજયાલયે દક્ષિણમાં પાણ્ડ્યોના અધીનસ્થ મુત્તરૈયરોથી તન્જૌરના વિસ્તાર પર અધિકાર કર્યો અને તંજૌરને પોતાના રાજ્યનું પાટનગર બનાવ્યું હતું.*

### 2.4.4 ચૌલ શાસકો

1. *વિજયાલય (ઈ.સ.* 850-871*)*
2. *આદિત્ય પ્રથમ (ઈ.સ.* 871-907*)*
3. *પરાન્તક પ્રથમ (ઈ.સ.* 907-955*)*
4. *ગંગરાદિત્ય*
5. *અરિંજય*
6. *સુન્દર ચોલ (પરાન્તક બીજો)*
7. *રાજરાજ પ્રથમ (ઈ.સ.* 985-1014)
8. *રાજેન્દ્ર પ્રથમ (ઈ.સ.* 1044-1044*)*
9. *રાજાધિરાજ પ્રથમ (ઈ.સ.* 1044-1052*)*
10. *રાજેન્દ્ર બીજો (ઈ.સ.* 1052-1064*)*
11. *વીર રાજેન્દ્ર (ઈ.સ.* 1064-1070)
12. *અધિરાજેન્દ્ર (ઈ.સ.* 1070*)*
13. *કુલોત્તુંગ પ્રથમ (ઈ.સ.* 1070-1120*)*
14. *વિક્રમ ચોલ (ઈ.સ.* 1120-1133*)*
15. *કુલોત્તુંગ બીજો (ઈ.સ.* 1133-1150*)*
16. *રાજરાજ બીજો (ઈ.સ.* 1150-1173*)*
17. *રાજાધિરાજ બીજો (ઈ.સ.* 1173-1178*)*
18. *કુલોત્તુંગ ત્રીજો (ઈ.સ.* 1178-1218*)*
19. *રાજરાજ ત્રીજો (ઈ.સ.* 1218-1256*)*
20. *રાજેન્દ્ર ત્રીજો (ઈ.સ.* 1256-1279*)*

### 2.4.5 ચૌલ શાસકોની સિદ્ધિઓ

#### I. પ્રારમ્ભિક ચોલ શાસકો

*વિજયાલય દ્વારા તંજૌર પર અધિકાર કર્યા પછી પણ તેઓ પલ્લવોને અધીન સામંત હતો. વિજયાલયના મૃત્યુ પછી તેનો પુત્ર આદિત્ય પ્રથમ ગાદીએ આવ્યો. તેના સમયમાં પાણ્ડ્ય નરેશ વરગુણવર્મન બીજાએ ચોલો પર આક્રમણ કરેલું ત્યારે પલ્લવ નરેશ નૃપતુંગવર્મન હતો. તેણે પોતાના ચોલ સામંતની મદદ કરી અને શ્રીપુરમ્બિયમના યુદ્ધમાં પાણ્ડ્યોની હાર થઈ. આ વિજયથી આદિત્ય પ્રથમની પ્રતિષ્ઠામાં વધારો થયો. પલ્લવોના ઉત્તરાધિકાર માટેના આંતરિક સંઘર્ષોનો લાભ આદિત્ય પ્રથમે ઉઠાવ્યો અને પલ્લવ નરેશ અપરાજિત વિરુદ્ધ વિદ્રોહ કર્યો અને તોંડમણ્ડલમ પર આક્રમણ કર્યું. આ યુદ્ધમાં પલ્લવ*

નરેશ અપરાજિતની હાર થઈ અને તેનું મૃત્યુ થયું. પલ્લવ રાજ્ય પર આદિત્ય પ્રથમનો અધિકાર થઈ ગયો. આ વિજય મેળવ્યા પછી આદિત્ય પ્રથમે પાણ્ડ્ય નરેશ વીર નારાયણને પણ હરાવ્યો. ગંગ નરેશ પૃથ્વીપતિ બીજાએ આદિત્ય પ્રથમની અધીનતા સ્વીકારી. આદિત્ય પ્રથમને સ્વતન્ત્ર ચોલ રાજ્યનો સંસ્થાપક ગણી શકાય છે. આદિત્ય પ્રથમ પછી તેનો પુત્ર પરાન્તક પ્રથમ ગાદીએ આવ્યો. પરાન્તક પ્રથમે પાણ્ડ્ય નરેશ મારવર્મન રાજસિંહ બીજાને અને લંકાનરેશ કસ્સપને બૈલૂરના યુદ્ધમાં હરાવ્યો અને મદુરૈકૌણ્ડની ઉપાધિ ધારણ કરી હતી. પરાન્તક પ્રથમનો સંઘર્ષ રાષ્ટ્રકૂટો સાથે પણ થયો હતો. રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણ બીજાએ ચોલ રાજ્ય પર આક્રમણ કર્યું. બલ્લાલ નામક સ્થળ પર થયેલા આ યુદ્ધમાં કૃષ્ણ બીજાની હાર થઈ. પરંતુ જ્યારે કૃષ્ણ ત્રીજો રાષ્ટ્રકૂટ શાસક બન્યો ત્યારે ગંગ, બાણ અને વૈદુમ્બોની સહાયતા મેળવીને તેણે પરાન્તક પર આક્રમણ કર્યું. ઈ.સ.949માં થયેલા તક્કોલમના આ યુદ્ધમાં ચોલોની હાર થઈ અને ચોલોના રાજ્યને ઘણુંબધું નુકસાન થયું. પરાન્તક પ્રથમ પછીના ત્રીસ વર્ષમાં ત્રણ શાસકો થયા – ગંગરાદિત્ય, અરિંજય અને સુન્દર ચોલ. સુન્દર ચોલના સમયમાં ટોડમણ્ડલમ પર પુનઃ ચોલોનો અધિકાર થઈ ગયો હતો.

## II. રાજરાજ પ્રથમ

સુન્દર ચોલનો પુત્ર અરિમોલિવર્મન કે જેણે રાજરાજ ચોલના નામે શાસન કર્યું, તેને ચોલ સામ્રાજ્યનો ખરા અર્થમાં સંસ્થાપક માનવામાં આવે છે. રાજ્યારોહણ પછી રાજરાજ પ્રથમે કેરલ, પાણ્ડ્ય, સિંહલ, ગંગ પ્રદેશ, કલ્યાણીના ચાલુક્યો, વેંગીના ચાલુક્યો પર પોતાનું અધિપત્ય સ્થાપિત કર્યું. કેરલના શાસક રવિવર્માને ત્રિવેન્દ્રમના યુદ્ધમાં હરાવ્યો, ત્યાર પછી પાણ્ડ્ય નરેશ અમરભુજંગને હરાવી મદુરૈ જીત્યું. કેરલ અને પાણ્ડ્ય રાજ્યો સિંહલ રાજ્યના મિત્ર હતા અને સિંહલ રાજ્ય સાથે મળીને ચોલો વિરુદ્ધ સંઘ બનાવ્યું હતું. રાજરાજ પ્રથમે કેરલ અને પાણ્ડ્યોને હરાવ્યા પછી સિંહલ તરફ વળ્યો અને સિંહલ નરેશ મહેન્દ્ર પંચમને હરાવ્યો. સિંહલ રાજ્યમાં અનુરાધાપુર નામક સ્થળ પર પોલોન્નરૂવમાં પોતાનું પાટનગર બનાવ્યું અને તે નામ જનનાથ મંગલમ રાખ્યું. રાજરાજ પ્રથમે નોલમ્બો અને ગંગોને પણ હરાવ્યા. રાજરાજના સમયમાં કલ્યાણીના ચાલુક્ય વંશ પર સત્યાશ્રયનું રાજ હતું. રાજરાજ કલ્યાણીના રાજ્ય પર આક્રમણ કરીને તેમણે પણ હરાવ્યાં. પરંતુ કેટલૉક સમય પછી સત્યાશ્રય પોતાનું રાજ્ય પરત મેળવી લીધું હતું. વેંગીના ચાલુક્ય રાજ્યના ઉત્તરાધિકાર માટેના સંઘર્ષનો લાભ રાજરાજ પ્રથમે ઉઠાવ્યો અને ત્યાં ચોડભીમને પરાસ્ત કરી શક્તિવર્મનને વેંગીનો શાસક બનાવ્યો. રાજરાજે પૂર્વમાં કલિંગના રાજ્ય પર પણ વિજય પ્રાપ્ત કર્યો. સૂદૂર પૂર્વમાં માલદીવના રાજ્ય પર પણ રાજરાજ પ્રથમે પોતાના અંતિમ સમય દરમ્યાન વિજય પ્રાપ્તું કર્યો હતો. તેણે ચોલ માર્તણ્ડ, રાજાશ્રય, રાજમાર્ત્તણ્ડ, ચોલેન્દ્રસિંહ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી. તેણે તંજૌરમાં રાજરાજેશ્વરના ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

## III. રાજેન્દ્ર પ્રથમ

*રાજરાજ પ્રથમના મૃત્યુ પછી તેનો પુત્ર રાજેન્દ્ર પ્રથમ શાસક બન્યો. તેણે પોતાના પિતાની સામ્રાજ્યવાદી નીતિને અનુસરીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર ઉત્તર, દક્ષિણ અને પૂર્વી સમુદ્ર સુધી કર્યો હતો. રાજરાજ પ્રથમે સિંહલ દ્વીપની વિજય તો કરી હતી પરંતુ સંપૂર્ણ સિંહલ દ્વીપ પર અધિકાર મેળવી શક્યો ન હતો. રાજેન્દ્ર પ્રથમે સિહલ દ્વીપ પર આક્રમણ કર્યું અને મહેન્દ્ર પંચમને બન્દી બનાવ્યો. સંપૂર્ણ સિંહલ દ્વીપ પર ચોલોનો અધિકાર થઈ ગયો. પરંતુ છ માસના સંઘર્ષ પછી મહેન્દ્ર પંચમના પુત્ર કસ્સપે સિંહલના દક્ષિણી વિસ્તાર પર પુનઃ અધિકાર મેળવી લીધો હતો. સિંહલ પછી રાજેન્દ્ર પ્રથમે કેરલ અને પાણ્ડ્ય રાજ્યો પર આક્રમણ કરીને તેમને જીત્યા હતા. વેંગીના ચાલુક્યોના ઉત્તરાધિકાર સંઘર્ષમાં રાજેન્દ્ર પ્રથમે હસ્તક્ષેપ કર્યો હતો. વિમલાદિત્યના પુત્રો વિજયાદિત્ય અને રાજરાજ વચ્ચે ઉત્તરાધિકારનો સંઘર્ષ ચાલી રહ્યો હતો જેમાં કલ્યાણીના ચાલુક્ય નરેશ જયસિંહ બીજાએ અને કલિંગના ગંગ શાસક મધુકામાનવ વિજ્યાદિત્યની સહાય કરતા હતા. રાજેન્દ્ર પ્રથમે રાજરાજને સહાય કરી અને જયસિંહ અને મધુકામાનવને હરાવ્યો. રાજેન્દ્ર પ્રથમે ઉત્તર અને પૂર્વ તરફ પણ અભિયાનો કર્યા હતા. પુત્ર વિક્રમચોલને એક વિશાલ સેના સાથે ઉત્તર-પૂર્વી વિસ્તારમાં વિજય અભિયાન પર મોકલ્યો હતો. વિક્રમ ચોલે ઉડીસા, બસ્તર, ઈન્દ્રરથ અને દક્ષિણ કૌશલના પ્રદેશો પર વિજય મેળવ્યો હતો. દક્ષિણી રાઠના શાસક રણશૂર તથા પૂર્વી બંગાળના શાસક ગોવિન્દચન્દ્રને પણ હરાવ્યા. ત્યાર પછી બંગાળના પાલ શાસક મહીપાલ ઉપર આક્રમણ કર્યું અને હરાવ્યો. ગંગા ઘાટીના સફળ અભિયાનના ઉપલક્ષમાં રાજેન્દ્ર પ્રથમે ગંગૈકોણ્ડની ઉપાધી ધારણ કરી હતી અને ગંગૈકોણ્ડચોલપુરમ નામના નગરની સ્થાપના કરી હતી. રાજેન્દ્ર પ્રથમે વૃહત્તર ભારતમાં પણ વિજયશ્રી મેળવી હતી. દક્ષિણ-પૂર્વી એશિયામાં શ્રીવિજય (શૈલેન્દ્ર) રાજ્ય પર આક્રમણ કર્યું. જેમાં મલય પ્રાયદ્વીપ, જાવા, સુમાત્રા સમ્મિલિત હતા. શૈલેન્દ્ર શાસક વિજયોતુંગવર્મને ચોલોની અધીનતા સ્વીકાર કરી. શૈલેન્દ્ર રાજ્યના વિજય પછી રાજેન્દ્ર પ્રથમે અંડમાન-નિકોબાર, અરાકાન તથા પીગૂના રાજ્યો પર પણ વિજય પ્રાપ્ત કર્યો હતો. એવી રીતે રાજેન્દ્ર પ્રથમે ચોલ સામ્રાજ્યને ગંગાથી સિંહલ દ્વીપ સુધી અને બંગાળથી આગળ જાવા, સુમાત્રા, મલય પ્રાયદ્વીપ સુધી વિસ્તાર્યો હતો.*

## IV. રાજાધિરાજ પ્રથમ, રાજેન્દ્ર બીજો, વીર રાજેન્દ્ર અને અધિરાજેન્દ્ર

*રાજેન્દ્ર પ્રથમ પછી તેમનો પુત્ર રાજાધિરાજ પ્રથમ ગાદીએ આવ્યો. તેમણે પાણ્ડ્ય, કેરલ અને સિંહલના વિદ્રોહોનો સફળતાપૂર્વક દમન કર્યો. પશ્ચિમી ચાલુક્ય રાજ્ય પર આક્રમણ કર્યું અને ત્યાં પણ સફળતા મેળવી. પરંતુ રાજાધિરાજ પ્રથમની કલ્યાણી પર આ વિજય સ્થાયી રહી નહી અને ચાલુક્ય નરેશ સોમેશ્વરે ચોલ સેનાને પોતાના રાજ્યથી બાહર કાઢી નાખી. રાજાધિરાજ સોમેશ્વરના વિરુદ્ધમાં બીજુ અભિયાન કર્યું પરંતુ કોપ્પમના યુદ્ધમાં તે લડતા મૃત્યુ પામ્યો. રાજાધિરાજ પ્રથમના પુત્ર રાજેન્દ્ર બીજાએ યુદ્ધ ક્ષેત્રમાં જ પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. રાજેન્દ્ર બીજાએ કલ્યાણીના ચાલુક્ય નરેશ*

સોમેશ્વરના વિરુદ્ધમાં સફળતા મેળવી. રાજેન્દ્ર બીજા પછી વીર રાજેન્દ્ર શાસક બન્યો. તેમના સમયમાં ચોલ-ચાલુક્ય સંઘર્ષ શરૂ રહ્યો. તેમણે તુંગભદ્રા નદીના કિનારે સોમેશ્વરની સેનાને હરાવી વેંગીમા વિજયાદિત્યને અને પછી કલિંગ રાજ્ય પર પણ વિજય મેળવી. સોમેશ્વર પ્રથમ પછી સોમેશ્વર બીજાના કાળમાં તેનો ભાઈ વિક્રમાદિત્ય વીર રાજેન્દ્ર સાથે સન્ધિ કરી અને તેની અધિનતા સ્વીકાર કરી. વીર રાજેન્દ્રે સિંહલ નરેશ વિજયબાહૂ પ્રથમને પણ હરાવ્યો. તેના પછી તેમનો પુત્ર અધિરાજેન્દ્ર ચોલ શાસક થયો પરંતુ એક જ વર્ષમાં વેંગીના ચાલુક્ય વંશી રાજેન્દ્ર દ્વારા તેમને પદ પરથી દૂર કરવામાં આવ્યો અને રાજેન્દ્ર કુલોત્તુંગ પ્રથમના નામે ચોલ વંશની ગાદી પર સ્થાપિત થયો.

## V. કુલોત્તુંગ પ્રથમ અને તેમના ઉત્તરાધિકારીઓ

રાજેન્દ્ર પૂર્વી ચાલુક્ય નરેશ રાજરાજનો પુત્ર હતો પરંતુ તે ચોલ વંશથી નજીકનો સંબંધ ધરાવતો હતો. તેની માતા અમંગાદેવી ચોલ શાસક રાજેન્દ્ર પ્રથમની પુત્રી હતી અને તેની દાદી કુન્દવૈ રાજરાજ પ્રથમની પુત્રી હતી. અધિરાજેન્દ્રને પદ પરથી દૂર કરીને પોતે ચોલ રાજ્યની સત્તા મેળવી હતી. ચોલ રાજ્યમાં આવી એવી અવ્યવસ્થા અને અરાજકતાના લાભ ઉઠાવીને કેટલાંક રાજ્યો ચોલોની સત્તામાંથી મુક્ત થવાં માંડ્યા હતા. પશ્ચિમી ચાલુક્ય નરેશ વિક્રમાદિત્ય છઠા સાથે નંગિલિમાં સઘર્ષ થયો જેમાં કુલોત્તુંગ પ્રથમે જીત મેળવી. સિંહલના શાસક વિજયબાહૂએ પણ પોતાને ચોલોથી સ્વતંત્ર કર્યો અને કુલોત્તુંગે આ સ્વતન્ત્રતાને સ્વીકારી પણ હતી. કુલોત્તુંગે પાણ્ડ્ય અને કેરલ રાજ્યોના વિદ્રોહને અટકાવ્યો. અને પોતાના અધિન રહેવા માટે બાંધી લીધી. કુલોત્તુંગે ઈ.સ. 1077માં કુલ 72 વેપારીઓના એક જૂથને ચીન મોકલ્યું હતું. કુલોત્તુંગ પછી વિક્રમ ચોલ શાસક બન્યો. તેમણે વેંગી પર પુનઃ અધિકાર મેળવ્યો અને કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વર ત્રીજાને યુદ્ધમાં હરાવ્યો હતો. વિક્રમચોલ પછી તેમનો પુત્ર કુલોત્તુંગ બીજો શાસક બન્યો. તેના પછી રાજરાજ બીજો, રાજાધિરાજ બીજો, કુલોત્તુંગ ત્રીજો, રાજરાજ ત્રીજો અને છેલ્લે રાજેન્દ્ર ત્રીજો ચોલ શાસક બન્યો. રાજન્દ્ર ત્રીજો ચોલ વંશનો અન્તિમ શાસક હતો. આ સમય દરમ્યાન ચોલોની સત્તા નબળી પડી હતી અને કેટલાંક અધીન રાજ્ય અને સામંતો પોતે સ્વતંત્ર થવાના પ્રયાસો કરતા હતા. રાજેન્દ્ર ત્રીજાના સમયમાં પાણ્ડ્ય શાસક જટાવર્મન સુન્દર પાણ્ડ્ય એક શક્તિશાળી રાજા હતો જેણે ચોલ શાસક રાજેન્દ્ર ત્રીજાને હરાવ્યો હતો અને પોતાના સામંત તરીકે રાખ્યો હતો. જટાવર્મન પછી કુલશેખરે ફરીથી ચોલ રાજ્ય પર આક્રમણ કર્યું અને ત્યાં કુલશેખરની જીત થઈ. અહીં ચોલ વંશનો અંત આવે છે અને સમસ્ત ચોલમણ્ડલ પર કલ્યાણીના ચાલુક્ય શાસક કુલશેખરનો અધિકાર થઈ જાય છે.

- **તમારી જાતે ચકાસો**

1. ગુપ્ત શાસકોનાં પતન પછી દક્ષિણ ભારતમાં થયેલ રાજકીય વિકેન્દ્રીકરણની ચર્ચા કરો.
2. ચાલુક્યોની વિભિન્ન શાખાઓ અંગે ચર્ચા કરો.
3. પલ્લવોની ઉત્પત્તિના સંબંધમાં વિવિધ મંતવ્યો અંગે ચર્ચા કરો.

4. ચાલુક્ય-પલ્લવ સંઘર્ષની ચર્ચા કરો.
5. પૂર્વવર્તી ચોલ અને પરવર્તી ચોલ વચ્ચેના સમયગાળામાં ચોલ રાજ્ય વિશે ચર્ચા કરો.

## 2.5 સારાંશ

ઈ.સ. છઠ્ઠી સદીથી બારમી સદી સુધીના દક્ષિણ ભારતના ઈતિહાસમાં વિભિન્ન સત્તાઓનો ઉદય અને અસ્ત થયો. ગુપ્ત સામ્રાજ્યના પતન પછી દક્ષિણમાં કેટલાંક સામન્તીય રાજ્યોએ પોતાના સ્વતન્ત્ર સત્તાની સ્થાપના કરી હતી. પ્રાચીન ચેર, ચોલ અને પાણ્ડય રાજ્યોના અવશેષો પર પલ્લવ, ચોલ અને ચાલુક્યોની સત્તાનો ઉદય થયો. ચેર અને પાણ્ડ્ય રાજ્યો અવિરત રીતે પોતાના રાજ્યો પર ક્યારેક સ્વતંત્ર રહીને અને ક્યારેક અધીન રહીને રાજ કરતા હતા પરંતુ ચોલ રાજ્ય એક લાંબા વિરામ પછી નવમી સદીમાં ફરીથી દેખાય છે. છઠી સદીથી બારમી સદી સુધીના સમયગાળામાં દક્ષિણ ભારતમાં જે મુખ્ય સત્તાઓ રહી તેમાં વાતાપીના ચાલુક્યો, કાંચીના પલ્લવો અને તંજૌરના ચોલ રાજ્ય પ્રમુખ છે કે જેમણે સંપૂર્ણ દક્ષિણ જ નહી પરંતુ સમય-સમય પર ઉત્તર અને પૂર્વી ભારત પર પોતાનો પ્રભાવ સ્થાપિત કર્યો અને ચોલ શાસકે તો સમુદ્ર પારના દ્વીપો સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો.

## 2.6 શબ્દાવલી

1. વાતાપીકોણ્ડ – વાતાપી નગર પર વિજય મેળવનાર વ્યક્તિ. વાતાપીકોણ્ડની ઉપાધી નરસિંહવર્મન પ્રથમે ધારણ કરી હતી.
2. દક્કન પ્રદેશ – નર્મદા નદી અને કૃષ્ણાનદી વચ્ચેના પ્રદેશને દક્કનનો પ્રદેશ કહેવામાં આવે છે.
3. અશ્વમેધ અને રાજસૂય યજ્ઞ – વૈદિક યજ્ઞ કે જે ચક્રવર્તી સમ્રાટ બનવા માટેના યજ્ઞો છે.
4. શૈલેન્દ્ર રાજ્ય – વર્તમાન ઈન્ડોનેશિયાનું એક પ્રાચીન રાજ્ય.
5. સિંહલ રાજ્ય – વર્તમાન શ્રીલંકાનું રાજ્ય.
6. અરાકાન – મ્યાનમારના પશ્ચિમી ભાગમાં આવેલ એક વિસ્તાર
7. પીગૂ – વર્તમાન મ્યાનમારમાં આવેલ ઉત્તર પૂર્વી પ્રાંત
8. સંગમ સાહિત્ય-સંગમનો અર્થ હોય છે સમ્મેલન. ઈ.સ.ત્રીજી સદી પૂર્વથી ઈ.સ.ની ત્રીજી સદી સુધીના સમયગાળામાં તમિલ ભાષા સાહિત્યની રચના માટે મુખ્યત્વે ત્રણ સંગમ થયેલા. આ ત્રણ સંગમમાં જે તમિલ ભાષાના સાહિત્યની રચના થઈ તેને સંગમ સાહિત્ય કહેવામાં આવેછે અને આ સાહિત્યમાં જે યુગની માહિતી મળે છે તેને સંગમયુગ કહેવામાં આવે છે.

- *સ્વાધ્યાય*

1. *વાતાપીના ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો જણાવો.*
2. *વાતાપીના ચાલુક્ય વંશના શાસકોની સિદ્ધિઓ જણાવો.*
3. *કાંચીના પલ્લવોની ઉત્પત્તિના સંબંધમાં ઈતિહાસકારોના વિભિન્ન મંતવ્યો વિશે ચર્ચા કરો.*
4. *પલ્લવ-ચાલુક્ય સંઘર્ષની ચર્ચા કરો.*
5. *ચોલ શાસકોના સામ્રાજ્ય વિસ્તારની ચર્ચા કરો.*

## 2.7 સંદર્ભ ગ્રંથો


1. *પાણ્ડેય વિમલચંદ્ર, પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-*2*, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 *(પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *મજૂમદાર રમેશચન્દ્ર, પ્રાચીન ભારત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995
3. *ત્રિપાઠી, રમાશંકર, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 *(છઠ્ઠું સંસ્કરણ)*
4. *શ્રીવાસ્તવ કે.સી., પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ,* 1990
5. *ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ભારતીય ઈતિહાસ કોશ, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઊ,* 2004 *(ચતુર્થ સંસ્કરણ)*
6. *ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001
7. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), મધ્યકાલીન ભારત ભાગ-*1 (750-1540)*, હિંદી માધ્યમ કાર્યાનવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.
8. *દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહત્ ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ,* 2004.
9. *શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના,* 1972.
10. *ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર,* 2011

# એકમ – 3 પરમાર, રાષ્ટ્રકૂટ, ગુજરાતના ચાલુક્યો અને ગૂર્જર પ્રતિહાર

## રૂપરેખા :


3.0 ઉદ્દેશ્યો

3.1 પ્રસ્તાવના

3.2 ગૂર્જર-પ્રતિહાર વંશ

- 3.2.1 ગૂર્જર-પ્રતિહાર વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો
- 3.2.2 ગૂર્જર-પ્રતિહારોની ઉત્પત્તિ
- 3.2.3 ગૂર્જર-પ્રતિહારોનો પ્રારમ્ભિક ઇતિહાસ
- 3.2.4 ગૂર્જર-પ્રતિહાર શાસકો
- 3.2.5 ગૂર્જર-પ્રતિહાર શાસકોની સિદ્ધિઓ

3.3 ગુજરાતનો ચાલુક્ય વંશ

- 3.3.1 ગુજરાતના ચાલુક્ય વંશના ઇતિહાસ જાણવાનાં સાધનો
- 3.3.2 ગુજરાતના ચાલુક્ય વંશની ઉત્પત્તિ
- 3.3.3 પ્રારમ્ભિક ઇતિહાસ
- 3.3.4 ગુજરાતના ચાલુક્યવંશી શાસકો
- 3.3.5 ગુજરાતના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ

3.4 રાષ્ટ્રકૂટ વંશ

- 3.4.1 રાષ્ટ્રકૂટ વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો
- 3.4.2 રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ
- 3.4.3 રાષ્ટ્રકૂટોનો પ્રારમ્ભિક ઇતિહાસ
- 3.4.4 રાષ્ટ્રકૂટ શાસકો
- 3.4.5 રાષ્ટ્રકૂટ શાસકોની સિદ્ધિઓ

3.5 મળવાનો પરમાર વંશ

- 3.5.1 પરમાર વંશનો ઇતિહાસ જાણવાનાં સાધનો
- 3.5.2 પરમાર વંશની ઉત્પત્તિ
- 3.5.3 પ્રારમ્ભિક ઇતિહાસ
- 3.5.4 માળવાના પરમાર શાસકો
- 3.5.5 પરમાર શાસકોની સિદ્ધિઓ

- તમારી જાતે ચકાસો

3.6 સારાંશ

3.7 શબ્દાવલી

- **સ્વાધ્યાય**

**3.8 સંદર્ભ ગ્રંથો**

## 3.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં રાજપૂતકાલ દરમ્યાન ઉત્તર અને દખ્ખન ભારતનાં ચાર પ્રમુખ રાજ્યોનો અભ્યાસ કરવાનો છે જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -*

- *ગૂર્જર-પ્રતિહાર વંશના શાસકો અને તેમની સિદ્ધિઓ વિશે પરિચય થશે.*
- *ગુજરાતના ચાલુક્ય વંશના ઈતિહાસ વિશે જાણશે.*
- *રાષ્ટ્રકૂટ વંશના ઇતિહાસ વિશે પરિચય થશે.*
- *માળવાના પરમાર વંશના ઈતિહાસ વિશે માહિતગાર થશે.*

## 3.1 પ્રસ્તાવના

*ભારતનાં ઈતિહાસમાં સાતમી સદીથી બારમી સદી સુધીનો સમય રાજપૂત યુગ તરીકે ઓળખાય છે. આ સમયમાં ઉત્તર અને દક્ષિણ ભારતનાં ક્ષેત્રોમાં વિભિન્ન રાજપૂત રાજ્યોનો ઉદય અને પતન થર્યો હતાં. ખાસ કરીને ઉત્તર ભારતમાં ઘણાંબધાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને સમય-સમય પર તેમની સ્થિતિ બદલાતી રહી. ક્યારેક તેઓ અધિનસ્થ રાજ્ય બની જતા હતાં. અને ક્યારેક તેઓ પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી લેતાંહતાં. આ સમય સતત સંઘર્ષનો રહ્યો હતાં. હર્ષવર્ધનની મૃત્યુ પછી ગૂર્જર-પ્રતિહાર, પાલ, ગહડવાલ, ગૌડ, ચાહમાન, ગોહિલ, ચન્દેલ, પરમાર, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, ચેદી, શિલાહાર, લોહાર આદિ રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને મહત્ત્વપૂર્ણ રાજકીય ભૂમિકા અદા કરી. ગુપ્તોના પતન પછી ઉત્તર ભારતની રાજનીતિક સત્તાનો કેન્દ્ર મગધથી બદલાઈને કન્નૌજ તરફ સ્થાયીથર્યો. સાતમી સદીથી બારમી સદી સુધીના સમયમાં ઉત્તર ભારતમાં કન્નૌજ રાજકીય સંઘર્ષનો એક પ્રમુખ  કારણ રહ્યો હતાં. ખાસ કરીને ગૂર્જર-પ્રતિહાર, પાલ અને રાષ્ટ્રકૂટ શાસકો વચ્ચે થયેલ ત્રિરાષ્ટ્ર સંઘર્ષ મહત્ત્વનો છે. ઉત્તર ભારતમાં સૌથી પ્રમુખ સત્તા ગૂર્જર-પ્રતિહારોની હતી. આ જ સમયમાં તેમને દખ્ખનના રાષ્ટ્રકૂટ શાસકોએ પડકાર્યો અને ઉત્તર ભારતમાં પોતાનો પ્રભાવ સ્થાપિત કર્યો. તેમના પછી માળવાના પરમારો અને ગુજરાતના ચાલુક્યોનો પ્રભાવ પણ ઉત્તર ભારતમાં રહ્યો. અગિયારમી સદી સુધી આ રાજ્યો પોતાનો પ્રભાવ બનાવવામાં સફળ રહ્યાંહતાં. રાજકીય વિકેન્દ્રકરણના આ યુગમાં વિભિન્ન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિવર્તનો પણ થયાંહતાં જેના લીધે આ યુગને સામન્તીયુગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અધ્યાયમાં મુખ્યત્વે ઉત્તર અને દખ્ખન ભારતની ચાર પ્રમુખ સત્તાઓ ગૂર્જર-પ્રતિહારો, ગુજરાતના ચાલુક્યો, માન્યખેટના રાષ્ટ્રકૂટો અને માળવાના પરમારો વિશે ચર્ચા કરવામાં આવશે.*

## 3.2 ગૂર્જર-પ્રતિહાર વંશ

*રાજપૂત યુગ દરમ્યાન ઉત્તર ભારતમાં ગૂર્જર-પ્રતિહાર એક પ્રમુખ રાજ્ય હતું. હર્ષવર્ધનના મૃત્યુ પછી ઉત્તરી ભારતને રાજકીય એકતામાં લાવવા માટેના પ્રયત્નો ગૂર્જર-પ્રતિહારોએ કરેલા. એમના પ્રયત્નોમા તેમને આંશિક સફળતા પણ મળી હતી પરંતુ સતત સંઘર્ષોના લીધે ક્યારેય આ એકતા કાયમ રહી શકી નથી. લગભગ આઠમી સદીના પ્રારમ્ભથી દસમી સદીના અન્ત સુધી ઉત્તર ભારત પર ગૂર્જર-પ્રતિહારોનું પ્રભુત્વ રહ્યું હતું*

### 3.2.1 ગૂર્જર-પ્રતિહાર વંશનાં ઈતિહાસ જાણવાનાં સાધનો

*ગૂર્જર-પ્રતિહાર વંશના ઈતિહાસ જાણવા માટેના પુરાવસ્તુકીય અને સાહિત્યિક સાધનોમાં સૌથી મહત્ત્વપૂર્ણ મિહિરભોજનો ગ્વાલિયર અભિલેખ છે જે એક પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિમાં ગૂર્જર-પ્રતિહાર વંશના શાસકોની વંશાવલી અને તેમની રાજકીય સિદ્ધિઓ વિશે પર્યાપ્ત માહિતી મળે છે. ગૂર્જર-પ્રતિહારોના સમકાલીન પાલ, રાષ્ટ્રકૂટ અને માળવાના પરમારોના અભિલેખો પણ ગૂર્જર-પ્રતિહાર વંશના ઈતિહાસ જાણવા માટેના મહત્ત્વનાં સાધનો છે. સાહિત્યિક સાધનોમાં સંસ્કૃતનો પ્રસિદ્ધ વિદ્વાન રાજશેખર જે મહેન્દ્રપાલ પ્રથમ અને મહીપાલ પ્રથમના દરબારમાં હતાં તેમના ગ્રન્થો કાવ્યમીમાંસા, કર્પૂર મંજરી, વિદ્વશાલભંજિકા, બાલરામાયણ, ભુવનકોશ આદિ મહત્ત્વપૂર્ણ ગ્રન્થો છે. ઉપરાન્ત જયાનક કૃત પૃથ્વીરાજ મહાકાવ્ય વત્સરાજના સંદર્ભમાં, ચન્દ્રપ્રભસૂરી કૃત પ્રભાવક પ્રશસ્તિ નાગભટ્ટ બીજાના સંદર્ભમાં, કલ્હણ કૃત રાજતરંગિણી દ્વારા મિહિરભોજના સંદર્ભમા, આરબ યાત્રી સુલેમાનનાં વિવરણ મિહિરભોજના સંદર્ભમાં, અલમસુદીનાં વિવરણ મહીપાલ પ્રથમના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ માહિતી આપે છે.*

### 3.2.2 ગૂર્જર-પ્રતિહારોની ઉત્પત્તિ

*ગૂર્જરોની ઉત્પત્તિના વિષયમાં પણ બીજા રાજપૂત વંશોની જેમ જ વિવાદ છે. મુખ્યત્વે બે ધારણાઓ કરવામાં આવી છે. એક તો ગૂર્જરોને વિદેશી માને છે અને બીજી ધારણા અનુસાર ગૂર્જર પ્રતિહારો ભારતીય મૂળના જ હતાં.*

**1.વિદેશી ઉત્પત્તિ –** *કૈમ્પબેલ, જૈક્સન, ભણ્ડારકર અને રમાશંકર ત્રિપાઠી જેવા ઈતિહાસકારો ગૂર્જરોની ઉત્પત્તિ ખજર નામક પ્રજાતિથી માને છે જે હૂણોની સાથે ભારતમાં આવી હતી. કેનેડી જેવા ઈતિહાસકારો ગૂર્જર-પ્રતિહારોને ઈરાની મૂળના માને છે. તેમનો તર્ક છે કે ઈરાનીઓની જેમ જ ગૂર્જર-પ્રતિહારો પણ સૂર્યની ઉપાસના કરતા હતાં. કનિઘંમ ગૂર્જર-પ્રતિહારોને સખો અને યૂ-ચીઓની સંતાન કહે છે. પરંતુ કેટલાંક ઈતિહાસકારો ખજર અને હૂણો સાથે ગૂર્જરોની સરખામણીને સ્વીકાર નથી કરતા. ભારતીય અભિલેખો અને સાહિત્યમાં ક્યાંય પણ હૂણો સાથે ગૂર્જરોનો ઉલ્લેખ નથી. બાણભટ્ટે પણ પ્રભાકરવર્ધનના શત્રુઓનો ઉલ્લેખ કરે છે ત્યારે હૂણો અને ગૂર્જરોનો જુદો ઉલ્લેખ કરે છે, ચીની યાત્રી હ્યુનસાંગ ગૂર્જરોને ક્ષત્રીય કહે છે. ભારતમાં હૂણોને મ્લેચ્છ કહેવામાં આવ્યું છે અને હૂણોની જેમ જ વિદેશીઓને પણ મ્લેચ્છ માનવામાં આવતું હતુંપરંતુ ગૂર્જરોને ક્ષત્રીય*

*અથવા તો બ્રાહ્મણ કહેવામાં આવ્યાં છે. પૃથ્વીરાજરાસોના અગ્નિકુણ્ડના સિદ્ધાન્તનો આધાર માની કેટલાંક ઈતિહાસકારો ગૂર્જર-પ્રતિહારોને વિદેશી કહે છે પરંતુ દશરથ શર્મા અને ગૌરીશંકર ઔઝા જેવા ઈતિહાસકારો પૃથ્વીરાજરાસોની આ કથાની ઐતિહાસિકતાનો અસ્વીકાર કરે છે. એટલે કહી શકાય છે કે ગૂર્જર-પ્રતિહારોના વિદેશી મૂળનો સિદ્ધાન્ત કમજોર છે.*

**2.ભારતીય ઉત્પત્તિ –** *સી.વી.વૈદ્ય, ગૌરીશંકર ઔઝા, દશરથ શર્મા, કે.એમ. મુનશી જેવા ઈતિહાસકારો ગૂર્જર-પ્રતિહારોને ભારતીય મૂળના માને છે. કે.એમ. મુનશીના મત અનુસાર ગૂર્જર શબ્દ સ્થાનવાચક છે એટલે તેમનો સંબંધ પ્રજાતિથી નથી પણ ક્ષેત્રથી છે. વૈદ્ય અને દશરથ શર્મા જણાવે છે કે ગૂર્જર-પ્રતિહારનો અર્થ છે ગૂર્જર પ્રદેશના પ્રતિહારી અથવા શાસક. તૈત્તરૈય બ્રાહ્મણમા પણ પ્રતિહાસી નામક વૈદિક યાજકોનો ઉલ્લેખ મળે છે જે યજ્ઞની રક્ષા કરતા હતાં. ગ્વાલિયર અભિલેખમાં આ વંશના શાસકો રામના ભાઈ લક્ષમણના વંશજ બતાવવામાં આવ્યાં છે.*

### 3.2.3 ગૂર્જર-પ્રતિહારોનો પ્રારમ્ભિક ઈતિહાસ

*હ્યુનસાંગ ગૂર્જરોના મૂળ સ્થાનમાં કૂ-ચે-લો નામક પ્રદેશનો ઉલ્લેખ કરે છે. એનો સમીકરણ ઈતિહાકારો રાજસ્થાનના ભીનમાલ સાથે કરે છે. ભિલ્લમલકાચાર્ય કૃત બ્રહ્મસ્ફૂતસિદ્ધાન્તમાં ભિલ્લમલનો ઉલ્લેખ છે, એ પણ ભીનમાલ હોય શકે છે. જોધપુરના ઘંટિયાલી શિલાલેખમાં ગૂર્જરો-પ્રતિહારોનું મૂળ સ્થાન ગૂર્જરાત્રા બતાવવામાં આવ્યું છે. ઈતિહાસકાર એચ.સી.રે ના મત મુજબ ગૂર્જર પ્રતિહારોનું પ્રારમ્ભિક સત્તા કેન્દ્ર માણ્ડવપુરા અથવા તો મણ્ડૌર હતાં. દશરથ શર્મા ગૂર્જરોનું પ્રારમ્ભિક સ્થળ અવન્તિને માને છે. રમાશંકર ત્રિપાઠી જણાવે છે કે પ્રતિહારોનો સૌપ્રથમ જ્ઞાત સ્થળ રાજસ્થાનનો મણ્ડૌર છે. ત્યાં હરીશચન્દ્રના વંશજોનું રાજ હતું. કાલાન્તરમાં તેમણે ત્યાંથી દક્ષિણમાં પ્રસ્થાન કર્યો અને ઉજ્જયિની પર અધિકાર મેળવ્યો. અમોઘવર્ષ પ્રથમના અભિલેખ અનુસાર દન્તિદુર્ગે ઉજ્જયિનીના ગૂર્જર શાસકને હરાવ્યો હતાં અને ત્યાં હિરણ્યગર્ભ મહાદાનનો સમારંભ કર્યો અને ગૂર્જર રાજાને પોતાનો પ્રતિહાર કર્યો. સંભવતઃ દન્તિદુર્ગે જે ગૂર્જર શાસકને પ્રતિહાર બનાન્યો હતાં તે નાગભટ્ટ પ્રથમહતાં. દન્તિદુર્ગના મૃત્યુ પછી નાગભટ્ટે પોતાની સત્તા પાછી મેળવી અને એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી.*

### 3.2.4 ગૂર્જર-પ્રતિહાર શાસકો

1. *નાગભટ્ટ પ્રથમ*(*ઈ.સ.* 730-756)
2 *કક્કુક, દેવરાજ* (*ઈ.સ.* 756-775)
3. *વત્સરાજ*(*ઈ.સ.* 775-800)
4. *નાગભટ્ટ બીજો* (*ઈ.સ.* 800-833)
5. *મિહિરભોજ પ્રથમ* (*ઈ.સ.* 836-885)
6. *મહેન્દ્રપાલ પ્રથમ* (*ઈ.સ.* 885-910)

7. મહિપાલ (ઈ.સ. 912-944)
8. મહેન્દ્રપાલ બીજો
9. દેવપાલ
10. વિજયપાલ
11. રાજ્યપાલ
12. ત્રિલોચનપાલ
13. યશપાલ

### 3.2.5 ગૂર્જર-પ્રતિહાર શાસકોની સિદ્ધિઓ

#### 1. નાગભટ્ટ પ્રથમ

નાગભટ્ટ પ્રથમ ગૂર્જર-પ્રતિહાર વંશની સ્વતંત્ર સત્તાનો સંસ્થાપક હતાં. ગ્વાલિયર અભિલેખથી જાણવા મળે છે કે નાગભટ્ટ પ્રથમે કોઈ મ્લેચ્છ શાસકને હરાવ્યો હતાં. મ્લેચ્છ શબ્દ વિદેશીઓ માટે પ્રયોગ થાય છે. આ સમયમાં  વિદેશી આક્રમણોમા આરબોનાં આક્રમણો જ થયાંહતાં. એટલે એ માની શકાય છે કે નાગભટ્ટ પ્રથમે આરબ  આક્રમણનો સફળતાપુર્વક સામનો કર્યો હતાં. આરબ લેખક અલબિલાદુરી લખે છે કે જુનૈદને માલવામાં સફળતા મળી ન હતી. એટલે માની શકાય છે કે નાગભટ્ટે જુનૈદને હરાવ્યો હતાં. ભરૂચનો વિસ્તાર નાગભટ્ટે આરબોના અધિકારથી મુક્ત કરાવ્યો હતાં અને ચાહમાન શાસક ભૃતવડ્ઢ બીજાને ત્યાંનો શાસક બનાવ્યો હતાં.

#### 2. વત્સરાજ

નાગભટ્ટ પ્રથમ પછી તેમનો ભત્રીજો કક્કુક અને તેના પછી દેવરાજ શાસક બન્યા પરંતુ તે મહત્ત્વહીન શાસક હતાં. દેવરાજનો પુત્ર વત્સરાજ તેમના પછી ગાદીએ આવ્યોં. વત્સરાજ આ વંશનો પ્રતાપી શાસક હતાં. તેમને ગૂર્જર-પ્રતિહાર વંશનો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે. ગ્વાલિયર અભિલેખથી જાણવા મળે છે કે વત્સરાજે ભણ્ડી જ્ઞાતિને હરાવ્યુંહતું. આર. એસ. ત્રિપાઠી ભણ્ડીનુંસમીકરણ રાજસ્થાનના ભટ્ટીથી કરે છે. વત્સરાજના સમયમાં કન્નૌજ પર અધિકાર મેળવવા માટે ગૂર્જર-પ્રતિહારોનો સંઘર્ષ પાલો અને રાષ્ટ્રકૂટો સાથે થયોં હતાં. કન્નૌજ પર આયુધ વંશના શાસકોનો અધિકાર હતાં. વત્સરાજે કન્નૌજના શાસક ઈન્દ્રાયુદ્ધને પોતાના અધીન કર્યો. વત્સરાજના આ કાર્યને પાલ નરેશ ધર્મપાલે પડકાર આપ્યો. પૃથ્વીરાજવિજય અને રાધનપુર તામ્રલેખથી જાણવા મળે છે કે વત્સરાજ અને ધર્મપાલ વચ્ચે યુદ્ધ થયુંહતું અને વત્સરાજે ધર્મપાલને હરાવ્યો હતાં. કન્નૌજ પર પ્રભાવ માટે વત્સરાજનો સંઘર્ષ રાષ્ટ્રકૂટો સાથે પણ થયો. આ સમયમાં રાષ્ટ્રકૂટ શાસક ધ્રુવ હતાં. ધ્રુવે અવન્તિ પર આક્રમણ કર્યુ અને આ સંઘર્ષમાં વત્સરાજનો પરાજય થયો હતો. ધ્રુવ દ્વારા વત્સરાજને હરાવ્યા પછી ધર્મપાલ પુનઃ પાલ વંશની પ્રતિષ્ઠા સ્થાપિત કરી અને વત્સરાજની પરાજયનો લાભ લઈ કન્નૌજના શાસક ઈન્દ્રાયુદ્ધને હરાવ્યો અને ત્યાં ચક્રાયુદ્ધને શાસક બનાવ્યો. ખલીમપુર તામ્રલેખથી જાણવા મળે છે કે વત્સરાજે કન્નૌજ પર ધર્મપાલની સત્તા સ્વીકારી હતી.

## 3. નાગભટ્ટ બીજો

વત્સરાજની મૃત્યુ પછી તેમનો પુત્ર નાગભટ્ટ બીજો ગાદીએ આવ્યોં. તેમના રાજ્યના પ્રારમ્ભિક વર્ષોમાં રાષ્ટ્રકૂટ નરેશ ગોવિન્દ ત્રીજાએ ઉત્તર ભારતનાં પોતાના અભિયાનમાં બુન્દેલખણ્ડમાં થયેલા યુદ્ધમાં નાગભટ્ટને હરાવ્યો હતાં. ગોવિન્દ ત્રીજાએ પોતાના ઉત્તર ભારતનાં અભિયાનમાં પાલ શાસક ધર્મપાલને અને કન્નૌજના શાસક ચક્રાયુદ્ધને પણ હરાવ્યો. ગોવિન્દ ત્રીજાના પરત ફરતા જ નાગભટ્ટે ફરીથી પોતાની સત્તાને સશક્ત કરવા માટેના પ્રયત્નો પ્રારંભ કર્યા અને કન્નૌજ પર આક્રમણ કર્યું અને કન્નૌજને પોતાના રાજ્યનું પાટનગર બનાવ્યું. કન્નૌજ પર અધિકારની આ સૂચના ધર્મપાલને મળતા જ ધર્મપાલે નાગભટ્ટ વિરૂદ્ધ યુદ્ધની ઘોષણા કરી. મુંગેરના નજીક થયેલા આ યુદ્ધમાં ધર્મપાલનો પરાજય થયો. ગ્વાલિયર અભિલેખથી જાણવા મળે છે કે નાગભટ્ટ બીજાનાં કન્નૌજ વિજયમાં આંધ્ર, સિન્ધુ, વિદર્ભ અને કલિંગ નરેશોએ પણ તેમની મદદ કરી હતી. આ જ અભિલેખમાં જાણવા મળે છે કે નાગભટ્ટ બીજાએ આનર્ત, માલવા, કિરાત, તુરૂષ્ક, વત્સ અને મત્સ્ય પ્રદેશો પર વિજય મેળવી હતી. પ્રબન્ધકોષ અને ખુમ્માણરાસોથી જાણવા મળે છે કે નાગભટ્ટ બીજાએ મુસ્લિમો વિરૂદ્ધ સફળતા મેળવ્યો હતો. પ્રબન્ધકોષ મુજબ ચાહમાન નરેશ ગોવિન્દરાજે સુલ્તાન બેગ વરિસને હરાવ્યો હતાં. ગોવિન્દરાજ નાગભટ્ટનો સામન્ત હતાં. નાગભટ્ટે પરમભટ્ટારક, મહારાજાધિરાજ અને પરમેશ્વરની ઉપાધિ ધારણ કરી હતી.

## 4. મિહિરભોજ પ્રથમ

નાગભટ્ટ બીજા પછી તેમનો પુત્ર રામભદ્ર ગાદીએ આવ્યો પણ તે ર્નિબળ શાસક હતાં. તેમનો સમયકાલ માત્ર ત્રણ વર્ષનો જ હતાં પરંતુ આ સમયગાળામાં પ્રતિહારોના કેટલાંક અધિનસ્થ રાજ્યો સ્વતંત્ર થઈ ગયાં હતાં. રામભદ્ર પછી તેમનો પુત્ર મિહિરભોજ પ્રથમ શાસક બન્યો. મિહિરભોજે સૌ પ્રથમ પોતાના રાજ્યને સુદંઢ઼ કર્યું અને સ્વતંત્ર થયેલ ક્ષેત્રોને ફરીથી પોતાના રાજ્યમાં સામેલ કર્યા. મધ્યભારતનાં તથા રાજપૂતાનાના રાજ્યોમાં પોતાની સ્થિતિ સુધારી. કલચુરી અને ગુહિલોત વંશ સાથે મિત્રતા કરી. ગ્વાલિયર લેખથી જાણવા મળે છે કે ગુહિલ વંશી હર્ષરાજ અને કલચુરી નરેશ ગુણામ્બોધિદેવ તેમના સામન્ત હતાં. તેમનો પ્રભાવ પંજાબ, હરિયાણા, દિલ્હી, ગૌડ઼ પ્રદેશ સુધી હતો. બલવર્મા કાઠિયાવાડ઼ માં મિહિરભોજનો સામન્ત હતો. મિહિરભોજનો સંઘર્ષ પાલ શાસક દેવપાલ સાથે થયો હતાં. પાલ શાસકોના બાદલ અભિલેખ અને પ્રતિહાર શાસકોના ગ્વાલિયર અભિલેખમાં પરસ્પર વિરોધી વિવરણ પ્રાપ્ત થાય છે. પાલ અભિલેખ પાલોની વિજય અને પ્રતિહાર અભિલેખ પ્રતિહારોના વિજયની વાત કરે છે. નિષ્કર્ષ રૂપે કહી શકાય છે કે પાલો અને પ્રતિહારોનો આ સંઘર્ષ અનિર્ણિત રહ્યો હશે. મિહિરભોજના સમયમાં રાષ્ટ્રકૂટો સાથે પણ સંઘર્ષ થયો હતો. તેમના સમકાલીન રાષ્ટ્રકૂટ શાસકો અમોઘવર્ષ પ્રથમ અને કૃષ્ણ બીજો હતાં. પ્રારમ્ભમા મિહિભોજને અમોઘવર્ષન વિરૂદ્ધમાં સફળતા મળી હતી અને ઉજ્જયિની પર પુનઃ અધિકાર મેળવ્યો હતાં. પરંતુ

રાષ્ટ્રકૂટોના ગુજરાતના સામન્ત ધ્રુવ બીજાએ મિહિરભોજને પરાસ્ત કર્યો. ત્યાર પછી કૃષ્ણ બીજા સાથે પણ મિહિરભોજને સંઘર્ષ થયો પરંતુ આ સંઘર્ષમાં વિજય કયા શાસકની થઈ એ સ્પષ્ટ નથી. એવું લાગે છે કે સતત થતા સંઘર્ષોમાં ક્યારેક એકની વિજય થતી હતી અને ક્યારેક બીજાની. મુસ્લિમ યાત્રી અલમસૂદી અને અલબિલાદુરીનાં વિવરણોથી જાણવા મળે છે કે મિહિરભોજ પ્રથમે આરબોની સત્તાને પડકાર્યો હતાં અને ભારત પર થતા આરબોના આક્રમણોને અટકાવ્યાં હતાં.

**5. મહેન્દ્રપાલ પ્રથમ**

મિહિરભોજ પછી તેમનો પુત્ર મહેન્દ્રપાલ પ્રથમ શાસક બન્યો. મહેન્દ્રપાલે ઉત્તરાધિકારમાં પ્રાપ્ત રાજ્યને કાયમ રાખ્યું અને પૂર્વ તરફ તેનો વિસ્તાર પણ કર્યો હતો. તેમનો સમકાલીન પાલ શાસક નારાયણપાલ હતાં. નારાયણપાલ પર તેમણે વિજય પ્રાપ્ત કર્યો હતો. અને પાલ રાજ્ય પર અધિકાર મેળવ્યો હતો. પરંતુ મહેન્દ્રપાલના છેલ્લા સમયમાં નારાયણપાલે પોતાનું રાજ્ય મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી. મહેન્દ્રપાલના અભિલેખ કાઠિયાવાડ઼ માં મળી આવ્યાં છે જેનાથી જાણવા મળે છે કે ત્યાંના શાસક બલવર્મા અને અવનિવર્મા તેમના સામન્ત હતાં. રાજતરંગિણીથી જાણવા મળે છે કે મહેન્દ્રપાલનો પ્રભાવ પંજાબ સુધી હતાં. મધ્યભારતમા ઝાઁસી અને અવધથી પણ મહેન્દ્રપાલના લેખો મળે છે. માલવાના પરમાર શાસક વાક્પતિ મુંજે પણ મહેન્દ્રપાલની અધીનતા સ્વીકારી હતી. મહેન્દ્રપાલ પ્રથમના દરબારમાં પ્રસિદ્ધ વિદ્વાન રાજશેખર સંરક્ષણ પ્રાપ્ત કરતો હતાં. રાજશેખર કર્પૂરમંજરી, વિદ્ધશાલભંજિકા, બાલરામાયણ, કાવ્યામીમાંસા, જેવા ગ્રન્થોનો રચયિતા હતાં.

**6. મહીપાલ**

મહેન્દ્રપાલ પ્રથમનાં મૃત્યુ પછી તેમના બે પુત્રો ભોજ બીજા અને મહીપાલ વચ્ચે ઉત્તરાધિકારનો સંઘર્ષ શરૂ થયો. ઉત્તરાધિકારના આ સંઘર્ષમાં ભોજની સહાયતા ચેદી કોક્કલદેવ અને મહીપાલની સહાયતા ચંદેલ નરેશ હર્ષદેવે કરી હતી. પ્રારમ્ભમાં ભોજને સફળતા મળી અને બે વર્ષ માટે ભોજે સત્તા પ્રાપ્ત કરી પરંતુ તરત જ મહીપાલે ભોજને હરાવીને સત્તા પ્રાપ્ત કરી હતી. મહીપાલના રાજ્યારોહણ પછી તેમનો સંઘર્ષ રાષ્ટ્રકૂટો સાથે થયો. આ સમયમાં રાષ્ટ્રકૂટ નરેશ ઈન્દ્ર ત્રીજો હતાં. ઈન્દ્ર ત્રીજાએ પોતાના ચાલુક્ય સામન્ત નરસિંહ ચાલુક્યની મદદથી મહીપાલને હરાવ્યો હતો. મહીપાલની આ પરાજયનો લાભ પાલ નરેશોએ ઉઠાવ્યો અને પોતાનું રાજ્ય પુનઃ મેળવ્યું. તેમના સમકાલીન પાલ શાસકો રાજ્યપાલ અને ગોપાલ બીજો હતાં. ઈન્દ્ર ત્રીજાએ કન્નૌજ પર અધિકાર મેળવ્યા પછી વધારે સમય ત્યાં રોકાયો ન હતાં અને દક્ષિણ પરત ફર્યો. આ સ્થિતિનો લાભ લઈ ચંદેલ અને ગુહિલોત શાસકોની મદદથી મહીપાલે કન્નૌજ પર ફરીથી અધિકાર મેળવ્યો. રાજશેખર મહીપાલના દરબારમાં પણ હતાં. રાજશેખર જણાવે છે કે મહીપાલે મુરલો, મેકલો, કલિંગ, કુલૂટો, કુન્તલો અને રમઠોને પરાસ્ત કર્યા હતાં.

## 7. મહીપાલના ઉત્તરાધિકારીઓ અને ગૂર્જર-પ્રતિહારોનો પતન

*મહીપાલ પછી ગૂર્જર-પ્રતિહારોનો પતન શરૂ થયો. મહીપાલની મૃત્યુ પછી મહેન્દ્રપાલ બીજો, દેવપાલ, વિજયપાલ, રાજ્યપાલ, ત્રિલોચનપાલ અને યશપાલ ગૂર્જર-પ્રતિહાર શાસકો થયાં. વિજયપાલના સમયમાં ચૌહાણ શાસક વિગ્રહરાજ, ચન્દેલો, પરમાર મુંજ, ગ્વાલિયરના કચ્છપઘાત, ગુજરાતના ચાલુક્યો, મેવાડ઼ ના ગોહિલો પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી. રાજ્યપાલના સમયમાં મહમૂદ ગજનવીના આક્રમણો થયાં હતાં. મહમ્મદે કન્નૌજ પર આક્રમણ કર્યું અને તેની લૂંટ કરી હતી. રાજ્યપાલ પછી ત્રિલોચનપાલના સમયમાં પણ મહમ્મદ ગઝની ભારત અભિયાન પર આવ્યો હતો. અને ત્રિલોચનપાલને પણ પરાસ્ત કર્યો હતાં. ત્રિલોચનપાલ પછી છેલ્લે ઈલાહાબાદના કડ઼ થી મળેલ ઈ.સ. 1036ના એક લેખમાં મહારાજાધિરાજ યશપાલદેવનો ઉલ્લેખ થાય છે. અને તેના પછી અન્ય કોઈ પ્રતિહાર નરેશનું નામ નથી મળતું. સંભવતઃ અહીં પ્રતિહાર વંશનો અંત થયો હતાં.*

## 3.3 ગુજરાતનો ચાલુક્ય વંશ

*પશ્ચિમી ભારતનાં ગુજરાતનું મહત્ત્વ પ્રાચીન કાળથી રહ્યું છે. ગુજરાતની ભૌગોલિક સ્થિતિ તેને વધારે મહત્ત્વનું બનાવે છે. ઉત્તરથી દક્ષિણ તરફ જવાના માર્ગ અને દરિયાઈ વેપાર માટેના ઉત્તર ભારતનાં સૌથી નજીકનાં સ્થળ તરીકે ગુજરાત શરૂઆતથી જ રાજનીતિક અને આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે.રાજપૂત યુગ દરમ્યાન પણ આ વિસ્તાર પર અધિકાર માટે ગૂર્જર-પ્રતિહારો, રાષ્ટ્રકૂટો, ચાલુક્યો વચ્ચે સમય-સમય પર સંઘર્ષ થતો રહ્યો. દસમી સદીની શરૂઆતમાં ગુજરાતમાં ચાલુક્યોની સ્વતંત્ર સત્તાની સ્થાપના થઈ હતી. દસમી સદીથી બારમી સદી સુધી ગુજરાતના ચાલુક્યોએ ઉત્તર ભારતની રાજનીતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.*

### 3.3.1 ગુજરાતના ચાલુક્ય વંશના ઈતિહાસ જાણવાનાં સાધનો

*ગુજરાતના ચાલુક્ય વંશનો ઈતિહાસ જાણવાનાં પુરાવસ્તુકીય સાધનોમાં, કુમારપાલની વડનગર પ્રશસ્તિ , કર્ણદેવ પ્રથમનો ઈ.સ. 1084નું લાડોલ તામ્રપત્ર, નવસારીનાં ઈ.સ. 1074ના બે તામ્રપત્રો અને ઈ.સ. 1092નું સૂનકનું તામ્રપત્ર, સિદ્ધરાજ જયસિંહનું ઈ.સ. 1100નું લાડોલ દાનશાસન, જયસિંહનો ઈ.સ. 1141નો બિલપાંકનો પ્રશસ્તિલેખ, ભીમદેવ બીજાનું ઈ.સ. 1206નું તામ્રપત્ર, ભીમદેવ બીજાના સમયના દાનશાસન, જયસિંહ બીજાનું ભૂતિયાવાસણા તામ્રપત્ર, દુર્લભરાજના સામન્ત કૃષ્ણરાજનું વડનગર દાનશાસન વગેરે. સાહિત્યિક સાધનોમાં મુખ્યત્વે જૈન લેખકોના ગ્રન્થો મહત્ત્વના છે. હેમચન્દ્રાચાર્ય કૃત દ્વાશ્રયકાવ્ય, મેરુતુંગ કૃત પ્રબન્ધચિન્તામણી, સોમેશ્વર કૃત કીર્તિકૌમુદી, જયસિંહસૂરી કૃત કુમારભૂપાલચરિત, વગેરે મહત્ત્વપૂર્ણ છે.*

### 3.3.2 ગુજરાતના ચાલુક્ય વંશની ઉત્પત્તિ

*ગુજરાતના ચાલુક્ય વંશને સોલંકી વંશ તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં જેને સોલંકી કહે છે તેને સંસ્કૃતમાં ચૌલુક્ય કહેતા. મૂળરાજના વંશના અભિલેખોમાં શૌલ્કિક અથવા ચૌલિક્કનો ઉલ્લેખ થયો છે. પુરાણો, બૃહત્સિહંતા અને ચરકસંહિતાંમાં ચુલિક અથવા શુલિક જાતિનો ઉલ્લેખ છે. ઈતિહાસકારો માને છે કે આ શબ્દો આગળ જતાં અપભ્રંશ થતા ગયા અને ચુલુક, ચુલુક્ય, ચૌલુક્ય, ચાલ્કિ, ચૌલુક્કિ, સાલુક્કિ અને છેલ્લે સોલંકી થઈ ગયો. દખ્ખનના ચાલુક્યો માટે ચાલુક્ય શબ્દનો ઉપયોગ થાય છે જ્યારે પશ્ચિમી ભારતનાં આ રાજવંશને ચૌલુક્ય તરીકે ઓળખાય છે. એક પૌરાણિક માન્યતા એવી પણ છે કે બ્રહ્માના ચુલુક (ખોબામાં ભરેલું પાણી) થી ઉત્પન્ન થયેલો વીર ચૌલુક્યોનો મૂળ પુરુષ છે. એક અનુશ્રુતિ એવી પણ છે કે આબૂમાં જે યજ્ઞ થયો હતાં તેમાંથી પરમાર, પ્રતિહાર, ચૌલુક્ય અને ચાહમાન રાજકુળોની ઉત્પત્તિ થઈ. ડૉ. ભણ્ડારકર ચૌલુક્યોની ઉત્પત્તિ ગૂર્જરોથી માને છે. ચરક સંહિતાંમાં ચુલિક જાતિને કિરાત, બાહલિલ, પહલવ અને ચીન-યવન અને શક જેવી વિદેશી  જાતિઓ સાથે ગણાવેલી છે.*

### 3.3.3 પ્રારમ્ભિક ઈતિહાસ

*ગૂજરાતના ચાલુક્ય વંશના સંસ્થાપક મૂળરાજ પ્રથમના પિતા કન્નૌજના કલ્યાણકટકના રાજપુત્ર રાજી હતાં અને તેમની માતા ચાવડ઼ ા અથવા ચપોટક વંશની કન્યા હતી. મૂળરાજના એક તામ્રપત્રમાં મૂળરાજને મહારાજધિરાજશ્રી રાજીનો સુત કહવામાં આવ્યો છે. ચામુણ્ડરાજના તામ્રપત્રમાં મૂળરાજને વ્યાલકાંચિ પ્રભુના વંશજ તરીકે જણાવ્યો છે. દ્વયાશ્રયકાવ્યમાં મૂળરાજને રાજીનો પુત્ર બતાવ્યો છે. પ્રબન્ધચિન્તામણીમાં પણ રાજીનો ઉલ્લેખ છે અને રાજિને કન્નૌજના રાજા ભૂયરાજના વંશજ મુંજાલદેવનો પુત્ર બતાવ્યો છે. કુમારભૂપાલચરિત અને રત્નમાલામાં પણ રાજિ અને તેમની વંશાવલીનો ઉલ્લેખ છે. ચામુણ્ડરાજના અભિલેખમાં રાજીના પૂર્વજ તરીકે વ્યાલકાંચિપ્રભુનો ઉલ્લેખ છે જે કુમારભૂપાલચરિતની વંશાવલીમાં ઉલ્લેખિત કાંચિકવ્યાલ હોઈ શકે છે. પ્રબંધચિન્તામણીમાં રાજિના પિતાનું નામ મુંજાલદેવ છે. ઈતિહાસકાર હરિપ્રસાદ શાસ્ત્રીના મત મુજબ એ મુંજાલદેવ અને કાંચિકાવ્યાલ એક જ હતાં અને મુંજાલદેવ એનું નામ તથા કાંચિકાવ્યાલ તેનું બિરુદ હોઈ શકે છે. પ્રબંધચિંતામણિમાં વર્ણિત પ્રસંગના અનુસાર રાજી પોતાના ભાઈઓ સાથે અણહિલવાડપાટન આવ્યાં હતાં. ત્યારે ત્યાંના રાજા સામંતસિંહે તેમની યોગ્યતાને જોઈને પોતાની બહેન લીલાદેવીના લગ્ન રાજી  સાથે કર્યા હતાં. મૂળરાજ આ લીલાદેવીનો જ પુત્ર હતાં અને કાલાંતરમાં મૂળરાજ પોતાના મામાનો રાજ્ય હસ્તગત કર્યું અને પાટણમાં ચાલુક્ય વંશની સત્તાની શરૂઆત કરી.*

### 3.3.4 ગુજરાતના ચાલુક્યવંશી શાસકો

1. *મૂળરાજ પ્રથમ (ઇ.સ.* 942-997)
2. *ચામુંડ (ઇ.સ.* 997-1010)

3. *વલ્લભરાજ (ઇ.સ.* 1010-1010)
4. *દુર્લભરાજ (ઇ.સ.* 1010-1022)
5. *ભીમદેવ પ્રથમ (ઇ.સ.* 1022-1064)
6. *કર્ણદેવ(ઇ.સ.* 1064-1094)
7. *જયસિંહ સિદ્ધરાજ (ઇ.સ.* 1094-1143)
8. *કુમારપાળ (ઇ.સ.* 1143-1172)
9. *અજયપાલ (ઇ.સ.* 1172-1176)
10. *મળરાજ બીજો (ઇ.સ.* 1176-1178)
11. *ભીમ બીજો (ઇ.સ.* 1178-1242)
12. *ત્રિભુવનપાલ (ઇ.સ.* 1242-1244)

### 3.3.5 ગુજરાતના ચાલુક્ય શાસકોની સિદ્ધિઓ

### 1. મૂળરાજ પ્રથમ

*મૂળરાજ પ્રથમે પ્રતિહારો અને રાષ્ટ્રકૂટ શાસકોના અંદરોઅંદરનાં સંઘર્ષનો લાભ લઈ ગુજરાતમાં પોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. વડનગર પ્રશસ્તિના અનુસાર મૂળરાજે ચપોત્કટ વંશ પર અધિકાર મેળવ્યો હતો. દ્વયાશ્રયકાવ્યના મુજબ આ સમયમાં સૌરાષ્ટ્ર પ્રતિહાર નરેશ મહીપાલનો સામન્ત ધરણિવરાહના અધિકારમાં હતાં. મૂલરાજે ધરણિવરાહને પરાસ્ત કર સૌરાષ્ટ્ર પર અધિકાર મેળવ્યો. મૂળરાજનો સંઘર્ષ સપાદલક્ષના શાસક વિગ્રહરાજ અને લાટના શાસક વારપ્પ સાથે થયો. વારપ્પની સરખામણી કલ્યાણીના ચાલુક્ય શાસક તૈલપના સેનાપતિ સાથે પણ કરવામાં આવે છે. પ્રબન્ધ ચિન્તામણીથી જાણવા મળે છે કે વારપ્પ અને વિગ્રહરાજ સાથે મળીને મૂળરાજ પર આક્રમણ કર્યું હતું. આ સંઘર્ષમાં મૂળરાજ પરાજિત થાય છે અને મૂળરાજ વિગ્રહરાજ સાથે સંધિ કરી લે છે. મૂળરાજના પુત્ર ચામુણ્ડરાજ વારપ્પ સાથે સંઘર્ષ કરે છે અને દ્વયાશ્રયકાવ્ય મુજબ ચામુણ્ડરાજ વારપ્પની હત્યા કરી નાખે છે પરંતુ કીર્તિકૌમુદી મુજબ વારપ્પની હત્યા મૂળરાજ પોતે કરે છે. આ સમય સુધી મૂલરાજે સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કરે છે. માલવાના પરમાર શાસક મુંજ સાથે પણ મૂળરાજના સંઘર્ષના પ્રમાણ મળે છે. આ સંઘર્ષમાં મૂળરાજનો પરાજય થાય છે અને તેઓ મારવાડનાં રાજ્યમાં શરણ લે છે. પરંતુ પછી મૂળરાજ પોતાનો રાજ્ય મેળવી લે છે. કલચુરી શાસક લક્ષ્મણરાજ સાથે પણ મૂળરાજના સંઘર્ષના પ્રમાણ મળે છે. રાષ્ટ્રકૂટ નરેશ ધવલના બીજાપુરના લેખ મુજબ મૂળરાજે આબુના પરમાર શાસક ધરણિવરાહને હરાવ્યો હતો. આમ મૂળરાજ ગુજરાતમાં ચાલુક્યોની સત્તાની સ્થાપના અને પ્રસાર કરવામાં સફળ રહે છે.*

### 2. ચામુંડરાજ વલ્લભરાજ અને દુર્લભરાજ

*મૂળરાજ પછી તેમનો પુત્ર ચામુંડરાજ ગાદીએ આવ્યો. તેમના ટૂંકા સમયના શાસન કાળ દરમ્યાન તેઓ પરમાર શાસક સિન્ધુરાજ વિરૂદ્ધ સંઘર્ષમાં સફળતા મેળવી હતી પરંતુ લાટ પ્રદેશ પર અધિકાર કરવામાં નિષ્ફળ નીવડ્યો હતાં. ત્યાં વારપ્પના પુત્ર*

*ગોગ્ગિરાજે પુનઃ પોતાની સત્તાની સ્થાપના કરી હતી. કલચુરી નરેશ કોક્કલે ચામુણ્ડરાજને પરાજિત કર્યો હતાં. ચામુંડરાજ પછી તેમનો પુત્ર વલ્લભરાજ બહુ જ ઓછા સમય માત્ર છ માસ માટે ગાદીએ આવ્યો હતો. અને તેનું મૃત્યુ થયું. તેમના પછી ચામુંડરાજનો બીજો પુત્ર દુર્લભરાજ ગાદીએ આવ્યો. દુર્લભારાજના સમયમાં લાટ પ્રદેશનો શાસક કીર્તિપાલ હતો. દુર્લભરાજે કીર્તિપાલને પરાસ્ત કરીને લાટ પ્રદેશ પર અધિકાર મેળવ્યો હતો. નાડોલના ચાહમાન શાસક મહેન્દ્રે પોતાની બહેનના લગ્ન સ્વયંવર દ્વારા કર્યા હતાં. દ્વયાશ્રયકાવ્ય મુજબ દુર્લભરાજે નાડોલની રાજકુમારી સાથે લગ્ન કર્યા હતાં. દુર્લભરાજ પોતે અપુત્ર હતાં એટલે તેમના ભાઈ નાગરાજના પુત્ર ભીમને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો હતો.*

### 3. ભીમદેવ પ્રથમ

*ભીમદેવ ગુજરાતના ચાલુક્ય વંશનો શક્તિશાળી શાસક હતો. તેને કલચુરી નરેશ કર્ણ સાથે મળીને માળવાના પરમાર શાસક ભોજ વિરૂદ્ધ અભિયાન કર્યું. આ યુદ્ધમા ભોજની પરાજય થયો હતો અને ભીમદેવે ધાર નગરીની લૂંટ કરી હતી. આ જ સમયમાં કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વરે પણ ભોજ વિરૂદ્ધ અભિયાન કર્યું હતું. યુદ્ધ દરમ્યાન જ ભોજનું મૃત્યુ થયું. ભોજના મૃત્યુ પછી ભીમદેવ અને કર્ણ વચ્ચે સંબંધો બગડ્યા. સંભવ છે કે ધાર નગરીની લૂંટમાં મળેલ સંપત્તિની વહેંચણીના પ્રશ્ન પર બન્નેના સંબંધો બગડ્યા હતાં. ભીમદેવે કર્ણના વિરૂદ્ધ સંઘર્ષમાં પરમાર શાસક અને ભોજના ઉત્તરાધિકારી જયસિંહ બીજાની મદદ પ્રાપ્ત કરી અને કર્ણને પરાસ્ત કર્યો. હેમચન્દ્રના અનુસાર ભીમદેવે સિન્ધના રાજ્ય પર આક્રમણ કર્યું અને ત્યાંના શાસક હમ્મુકને પરાસ્ત કર્યો. આબુના શાસક ધન્ધુકે ભીમદેવની સત્તાને પડકાર આપ્યો ત્યારે ભીમદેવે આબુ પર પુનઃ અધિકાર મેળવ્યો. નાડોલના શાસકો સાથે પણ ભીમદેવનો સંઘર્ષ થયો પરંતુ ભીમદેવ આ સંઘર્ષમાં નિષ્ફળ નિવડ્યો હતો. ભીમદેવના સમયની સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના મહમ્મદ ગઝનીનું સોમનાથ આક્રમણ છે. ગઝનીના આક્રમણ સમયે ભીમદેવે પ્રત્યક્ષ સંઘર્ષ કરવાનું ટાળ્યું અને પલાયન કરી ગયો. ગઝનીએ સોમનાથની લૂંટ કરી અને પરત ફરતી ફોજને માર્ગમાં આંતરવાનો વ્યૂહ ભીમદેવે રચ્યો હતો પરંતુ ગઝનીએ માર્ગ બદલતા ભીમદેવ આ યોજનામાં સફળ થયો ન હતો. ભીમદેવે સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. ભીમદેવના સમયમાં જ તેમના સામન્ત વિમલે આબુમાં પ્રસિદ્ધ દેલવાડાના મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.*

### 4. કર્ણદેવ

*ભીમદેવ પછી તેમનો પુત્ર કર્ણ ગાદીએ આવ્યો. પ્રબન્ધ ચિન્તામણીથી જાણવા મળે છે કે કર્ણદેવે આશાપલ્લીના ભીલ રાજા આશાના વિરૂદ્ધ વિજય મેળવ્યો હતો. કર્ણે કલ્યાણીના ચાલુક્ય નરેશ સોમેશ્વર બીજાની સહાયતાથી માલવા પર આક્રમણ કર્યું અને જયસિંહ પરમારને પરાસ્ત કરી માળવા પર અધિકાર મેળવ્યો પરંતુ જયસિંહના ઉત્તરાધિકારી ઉદયાદિત્યે શાકમ્ભરી નરેશ વિગ્રહરાજ ત્રીજાની મદદથી કર્ણને પરાસ્ત કરી માળવા પર પુનઃ અધિકાર મેળવ્યો હતો. કર્ણદેવે કર્ણાવતી નગરી, ત્યાં કર્ણેશ્વર મંદિર*

અને કર્ણસાગરનું નિર્માણ કરાવ્યું હતું. તેણે અણહિલવાડમાં કર્ણમેરૂ મંદિરનું પણ નિર્માણ કરાવ્યું હતું.

**5. સિદ્ધરાજ જયસિંહ**

કર્ણદેવ પછી તેમનો પુત્ર જયસિંહ શાસક બન્યો. તેણે સિદ્ધરાજની ઉપાધિ ધારણ કરી હતી.સિદ્ધરાજ જયસિંહ ગુજરાતના ચાલુક્ય વંશનો સૌથી પ્રતાપી શાસક હતો. જયસિંહે સૌરાષ્ટ્રના આભીર શાસક નવઘનના વિરૂદ્ધમાં સફળતા મેળવી હતી. મેરૂતુંગના મુજબ નવઘને અગિયાર યુદ્ધોમાં ચાલુક્ય સેનાને હરાવી હતી. પરંતુ બારમા યુદ્ધમાં જયસિંહ પોતે આવ્યો. અને આ યુદ્ધમાં નવઘનની હાર થઈ. જયસિંહે સજ્જનને સૌરાષ્ટ્રનો દંડાધિપતિ નિયુક્ત કર્યો હતો. જયસિંહના સમયમાં પરમાર-ચાલુક્ય સંઘર્ષ ચાલું રહ્યો. જયસિંહે માળવાના પરમાર નરેશ નરવર્મનને હરાવ્યો હતો. નરવર્મનના પુત્ર યશોવર્મનને પણ જયસિંહે હરાવ્યો હતો અને માળવામાં મહાદેવ નામક બ્રાહ્મણને પોતાનો રાજા બનાવ્યો હતો. આ ઉપલક્ષમાં જયસિંહે અવન્તિનાથની ઉપાધિ પણ ધારણ કરી હતી. જયસિંહનો સંઘર્ષ શાકમ્ભરીના ચાહમાન શાસકો સાથે પણ થયો હતો. આ સમયમાં શાકમ્ભરીમાં અર્ણોરાજ શાસક હતો. જયસિંહે અર્ણોરાજને હરાવ્યો પરંતુ પછી બન્ને વચ્ચે સન્ધિ થઈ અને જયસિંહે પોતાની પુત્રીના લગ્ન અર્ણોરાજ સાથે કર્યા. જયસિંહના સમયમાં નાડોલના ચાહમાન શાસક જોજલ્લે જયસિંહ પર આક્રમણ કર્યું હતું. અને અણહિલવાડ પર અધિકાર મેળવ્યો હતો. પરંતુ જોજલ્લનો આ વિજય અલ્પ સમયનો હતો. જયસિંહે ટુંક સમયમાં જ પાટનગર પરત લઈ લીધું. જોજલ્લ પછી નાડોલમાં ઉત્તરાધિકાર માટેનો સંઘર્ષ થયો અને આ સંઘર્ષનો લાભ જયસિંહે લીધો અને આશારાજને પોતાની અધીનતા સ્વીકારવા માટે વિવશ કર્યો. કુમારપાલચરિતથી જાણવા મળે છે કે જયસિંહે મહોબાના ચંદેલ શાસક મદનવર્માને હરાવ્યો. જયસિંહના સમયમા ચાલુક્ય રાજ્ય ઉત્કર્ષ પર હતું. જયસિંહ કલા અને વિદ્યાપ્રેમી હતો. તેમણે હેમચન્દ્રનું સન્માન કર્યું હતું. સિદ્ધપુરમાં રૂદ્રમહાલય, પાટનમાં સહસ્ત્રલિંગ તાલાબનો નિર્માણ તેણે કરાવ્યું હતું.

**6. કુમારપાળ**

જયસિંહને કોઈ પુત્ર ન હતો. તેથી તે પોતાના મંત્રી ઉદયનના પુત્ર બાહડને પોતાનો ઉત્તરાધિકારી બનાવના ઈચ્છતો હતો. પરંતુ તેમના પછી તેમના જ વંશના કુમારપાળ ગાદીએ આવ્યો. કુમારપાળ બકુલાદેવી નામક નર્તકીનો પુત્ર હતો. એટલે તેમના નીચા કુળના કારણે જયસિંહ પોતે કુમારપાળને ઈચ્છતો ન હતો. જયસિંહના સમયમાં જ કુમારપાળ અજ્ઞાતવાસમાં જતો રહ્યો હતો. અને ત્યાં તેમણી મુલાકાત જૈનાચાર્ય હેમચન્દ્ર સાથે થઈ. હેમચન્દ્રની અને પોતાના બનેવી કૃષ્ણદેવની સહાયતાથી કુમારપાળ જયસિંહ પછી શાસક બન્યો હતો. કુમારપાલ શાસક બન્યા પછી સૌપ્રથમ પોતાના રાજ્યના આંતરીકે ઉપદ્રવોને શાંત કર્યા હતાં. પછી તેનો પ્રથમ સંઘર્ષ ચાહમાન શાસક અર્ણોરાજ સાથે થયો હતો. અર્ણોરાજ બાહડની સહાયતા કરવા માટે કુમારપાળ પર આક્રમણ કર્યું હતું.પરંતુ કુમારપાળે તેને હરાવ્યો અને અર્ણોરાજે પોતાની પુત્રી

*જલ્હણાદેવીના લગ્ન કુમારપાળ સાથે કર્યા. કુમારપાળે આબુ, નાડોલ અને ચિત્તોડ઼ માં પોતાના સામન્તોની નિયુક્તિ કરી હતી. અર્ણોરાજનો ઉત્તરાધિકારી વિગ્રહરાજ ચોથાએ ગુજરાતના ચાલુક્યોના પ્રભાવથી મુક્તિ માટેના પ્રયત્નો કર્યો અને ચિત્તોડ઼ ના સામન્ત સજ્જન પર આક્રમણ કરીને તેની હત્યા કરી નાખી અને ચાલુક્યો દ્વારા પૂર્વના પ્રદેશો પુનઃ મેળવ્યા. ચૌહાણ લેખો જણાવે છે કે વિગ્રહરાજે કુમારપાળને પણ હરાવ્યો હતો. છેલ્લે બન્ને રાજ્યોમાં સન્ધિ થઈ ગઈ હતી. કીર્તિકૌમુદીથી જાણવા મળે છે કે કુમારપાળે માળવાના નરેશ બલ્લાલને હરાવ્યો હતો. અને માળવા પર પોતાનો અધિકાર સ્થાપ્યો હતો. શિલાહાર વંશના મલ્લિકાર્જુનને પણ કુમારપાળે હરાવ્યો હતો. કુમારપાળચરિતથી જાણવા મળે છે કે કુમારપાળે આબુના પરમાર શાસક વિક્રમસિંહને હરાવીને ત્યાં પોતાના ભાણેજ યશોધવલને રાજા બનાવ્યો. સૌરાષ્ટ્રમાં સુમ્બર નામક રાજા સાથે સંઘર્ષનો ઉલ્લેખ પણ પ્રબન્ધચિન્તામણીમાં મળે છે. જેમાં સુમ્બરની હાર થાય છે અને તેના સ્થાન પર સુમ્બરના પુત્રને રાજા બનાવે છે જે ચાલુક્યોની અધીનતા સ્વીકારી લે છે. સૌરાષ્ટ્રનો આ વિજય માટે તેમની સહાયતા નાડોલના ચાહમાન શાસક આલ્હાદાન કરે છે. મહાવીરચરિતના વર્ણનથી જાણવા મળે છે કે કુમારપાળનું રાજ્ય ઉત્તરમાં તુરૂષ્ક દેશ સુધી, દક્ષિણમાં વિન્ધ્યાચલ સુધી, પૂર્વમાં ગંગા નદી સુધી અને પશ્ચિમમાં સિન્ધુ, માળવા. કીર, કોંકણ, જાંગલક, સપાદલક્ષ, મેવાડ સુધી વિસ્તર્યું હતું. કુમારપાળ પોતે જૈન ધર્મનો અનુયાયી હતો. અને તેણે પોતાના રાજ્યમાં હિંસા અને બલી પર પ્રતિબન્ધ મૂક્યા હતા.*

**7. અન્ય શાસકો**

*કુમારપાળ પછી અજયપાલ, મૂળરાજ બીજો, ભીમદેવ બીજો અને ત્રિભુવનપાલ ચાલુક્ય વંશના શાસક હતાં. તેમના સમયમાં ચાલુક્યોની સત્તાનું પતન શરૂ થયું અને છેલ્લે ત્રિભુવનપાલ પછી ગુજરાતમાં ચાલુક્ય સત્તાનો અંત આવ્યો. અને વાઘેલા વંશના શાસનની શરૂઆત થઈ.*

## 3.4 રાષ્ટ્રકૂટ વંશ

*રાષ્ટ્રકૂટ વંશ ઉત્તર અને દક્ષિણ ભારતનાં મધ્યમાં દક્કનના પ્રદેશમાં એક પ્રમુખ રાજવંશ હતાં. જેમણે ઉત્તર અને દક્ષિણ ભારતમાં પોતાની સત્તાનો પ્રસાર કર્યો હતો. ઉત્તર ભારતનાં રાજવંશો ગૂર્જર-પ્રતિહાર, પરમાર, પાલ, આયુધો, દક્ષિણ ભારતનાં ચાલુક્યો, પલ્લવો સાથે તેમનો સતત સંઘર્ષ થતો રહ્યો. દખ્ખણમાં સાતમી સદીથી દસમી સદી સુધીના સમયમાં રાષ્ટ્રકૂટોનો પ્રભુત્વ રહ્યું હતું.*

### 3.4.1 રાષ્ટ્રકૂટ વંશના ઈતિહાસ જાણવાનાં સાધનો

*રાષ્ટ્રકૂટોનો ઈતિહાસ જાણવા માટે મુખ્યત્વે રાષ્ટ્રકૂટ શાસકોના અભિલેખો મહત્ત્વના સાધનો છે. સાથે જ સાહિત્યિક સાધનો પણ રાષ્ટ્રકૂટોનો ઈતિહાસ માટે સહાયક સામગ્રી છે. રાષ્ટ્રકૂટ લેખોમાં દન્તિદૂર્ગના એલોરા અને સામન્તગઢના તામ્રપત્રાભિલેખ, ગોવિન્દ ત્રીજાના રાધનપુર, વનિદિન્દોરી અને વડોદરાના લેખ, અમોઘવર્ષ પ્રથમના*

*સંજન અભિલેખ, ઈન્દ્ર ત્રીજાના કમલપુર અભિલેખ, ગોવિન્દ ચોથાના કામ્બે અને સંગલીના લેખ, કૃષ્ણ ત્રીજાના કોલ્હાપુર, દેવલી અને કર્નાટિના લેખ પ્રમુખ છે. સાથે જ ગૂર્જર-પ્રતિહારોના, પાલ શાસકોના, ચાલુક્યોના અભિલેખો પણ રાષ્ટ્રકૂટ વંશના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે. સાહિત્યિક સાધનોમાં જિનસેન કૃત આદિપુરાણ, મહાવિરાચાર્ય કૃત ગણિતસારસંગ્રહણ, અમોઘવર્ષ કૃત કવિરાજમાર્ગ મહત્ત્વના ગ્રન્થો છે.*

### 3.4.2 રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ

*રાજપૂત કુલોની જેમ જ રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ વિશે પણ ઈતિહાસકારોમાં ઘણા મતભેદ જોવા મળે છે. રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિ વિશે ઈતિહાસકારો નીચે મુજબના મંતવ્યો રજૂ કરે છે -*

- *ચન્દ્રવંશી - રાષ્ટ્રકૂટોના કેટલાંક અભિલેખો તેમને ચન્દ્રવંશી બતાવે છે.*
- *યદુવંશી – ભગવાનલાલ ઈન્દ્રજી રાધનપુર અભિલેખના આધારે રાષ્ટ્રકૂટોને યદુવંશી માને છે. રાધનપુર અભિલેખમાં રાષ્ટ્રકૂટ નરેશ ગોવિન્દ ત્રીજાની સરખામણી યદુવંશી કૃષ્ણ સાથે કરવામાં આવી છે. એક અન્ય અભિલેખમાં પણ દન્તિદુર્ગને યદુવંશની સાત્યકિ શાખાનો બતાવવામાં આવ્યો. છે.*
- *આર.જી.ભંડારકર કૃષ્ણ ત્રીજાના કરહદ અને દેવલી તામ્રલેખોના આધારે માને છે કે રાષ્ટ્રકૂટો રટ્ટ નામક રાજાનાં સંતાનો હતાં. રટ્ટ તુંગ નામક રાજાના સંતાન હતાં એટલે રાષ્ટ્રકૂટોનો આદિપુરુષ રટ્ટ હતાં અને તેઓ તુંગ કુળના હતાં.*
- *આન્ધ્રના રેડ્ડી વંશ – બર્નેલનો મત છે કે રાષ્ટ્રકૂટો વર્તમાન રેડ્ડીઓના પૂર્વજ હતાં એટલે તેઓ તેલુગુમૂળના હતાં.*
- *મરાઠાના પૂર્વજો – સી.વી. વૈદ્યના મત અનુસાર રાષ્ટ્રકૂટો મરાઠાના પૂર્વજ હતાં.*
- *પદ દ્વારા સર્જિત વંશ (અલ્તેકર, નીલકંઠ શાસ્ત્રી, મજૂમદાર જેવા ઈતિહાસકારો માને છે રાષ્ટ્રકૂટ શબ્દ પદનો સૂચક છે. જેમનો અર્થ છે પ્રાન્તના પ્રધાન. અલ્તેકરના મત મુજબ રાષ્ટ્રકૂટો રઠિક અથવા મહારઠીઓનાં સંતાન હતાં. રાષ્ટ્રકૂટ અથવા ગ્રામકૂટ શબ્દોનો અર્થ પ્રાન્તપતિ અથવા ગ્રામપતિ થાય છે. શરૂઆતમાં તેઓ પ્રાન્તીય અધિકારી હતાં અને પછી એ પદ જ્ઞાતિના રૂપમાં સંગઠિત થઈ ગયો. અશોકના અભિલેખોમાં રઠિકોને પશ્ચિમ ભારતનાં નિવાસીઓના રૂપમાં બતાવવામાં આવ્યું છે. સાતવાહન રાની નયનિકાના નાનાઘાટ અભિલેખમાં પણ મહારઠી વંશનો ઉલ્લેખ છે. ખણ્ડગિરી અભિલેખથી જાણવા મળે છે કે કલિંગ નરેશ ખારવેલે પશ્ચિમી ભારત પર આક્રમણ કરીને રઠિકોની સંપત્તિ લૂંટી હતી. એટલે રઠિક પ્રાંતપતિ હતાં અને કાલાંતરમાં એ પદ જ્ઞાતિના રૂપમાં વિકસિત થઈ ગયો જે પછી રાષ્ટ્રકૂટ થયાં.*

### 3.4.3 રાષ્ટ્રકૂટોનો પ્રારમ્ભિક ઈતિહાસ

*રાષ્ટ્રકૂટ અભિલેખો અને સિક્કાઓના આધારે એ.એસ.અલ્તેકર જણાવે છે કે રઠિક અને મહારઠી કુલ મહારાષ્ટ્ર અને કર્ણાટકના પ્રદેશમાં સામન્તો હતાં. અભિલેખોમાં*

તેમને લટ્ટલૂરપુરવરાધીશ કહેવામાં આવ્યું છે. અર્થાત લટ્ટલૂરના સ્વામી. લટ્ટલૂર વર્તમાનનો લાટૂર છે જે કન્નડ઼ ભાષી પ્રદેશ છે. આ કુળના લોકો ચાલુક્યોના પ્રાન્તપતિ હતાં. ઉત્તર અને દક્ષિણ ભારતમાં રાષ્ટ્રકૂટોની વિભિન્ન શાખાઓ મળે છે. માનપુરના રાષ્ટ્રકૂટ, એલિચપુરના રાષ્ટ્રકૂટોનો પણ ઉલ્લેખ થાય છે. ઈ.સ.631ના સમયગાળામાં એલિચપુરમાં રાષ્ટ્રકૂટ નરેશ નન્દરાજનો ઉલ્લેખ થયો છે. નન્દરાજ પછી દન્તિવર્મા રાષ્ટ્રકૂટોનો શાસક બન્યો જે સંભવતઃ ઉત્તરી દક્ષિણાપથમાં બાદામીના ચાલુક્યોનો સામન્ત હતો. દન્તિવર્માનો શાસનકાલ ઈ.સ. 650 થી 670 વચ્ચે માનવામાં આવે છે. દન્તિવર્મા પછી ઈન્દ્ર (ઇ.સ. 670-690), ગોવિન્દરાજ (ઈ.સ. 690-700), કર્ક પ્રથમ (ઇ.સ. 700-715), ઈન્દ્ર પ્રથમ (ઈ.સ. 715-735) રાષ્ટ્રકૂટોના શાસક થયાં. તેમના પછી દન્તિદુર્ગ ગાદીએ આવ્યો. તે ચાલુક્ય નરેશ વિક્રમાદિત્ય બીજાનો સામન્ત હતો. પરંતુ કાલાન્તરમાં માન્યખેટમાં પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરવામાં તે સફળ રહ્યો.

### 3.4.4 રાષ્ટ્રકૂટ શાસકો

1 દન્તિવર્મન (650-670)
2 ઈન્દ્ર પ્રથમ(670-690)
3 ગોવિન્દ પ્રથમ(690-710)
4 કર્ક પ્રથમ(700-715)
5 ઈન્દ્ર બીજો (715-735)
6 દન્તિદુર્ગ (735-756)
7 કૃષ્ણ પ્રથમ (756-773)
8 ગોવિન્દ બીજો (773-780)
9 ધ્રુવ (780-793)
10 ગોવિન્દ ત્રીજો(793-814)
11 અમોઘવર્ષ પ્રથમ (814-878)
12 કૃષ્ણ બીજો (878-914)
13 ઈન્દ્ર ત્રીજો (914-929)
14 અમોઘવર્ષ બીજો (929-930)
15 ગોવિન્દ ચોથો (930-936)
16 અમોઘવર્ષ ત્રીજો (936-939)
17 કૃષ્ણ ત્રીજો (939-967)
18 ખોટ્ટિગ (૯૬૭-૯૭૨)
19 કર્ક બીજો (972-914)

### 3.4.5 રાષ્ટ્રકૂટ શાસકોની સિદ્ધિઓ

## 1 દન્તિદુર્ગ

*દન્તિદુર્ગ શરૂઆતમાં ચાલુક્ય શાસક વિક્રમાદિત્ય બીજાનો સામન્ત હતાં પરંતુ વિક્રમાદિત્યનાં મૃત્યુ પછી કીર્તિવર્મનના સમયમાં પોતાની સ્વતંત્રતાની ઘોષણા કરી. પરિમાણસ્વરૂપ કીર્તિવર્મને દન્તિદુર્ગ પર આક્રમણ કર્યું પરંતુ ચાલુક્યોની હાર થઈ. ચાલુક્યોના સામન્ત રૂપમાં દન્તિદુર્ગે આરબ આક્રમણોનો સફળ પ્રતિરોધ કર્યો હતાં ત્યારે વિક્રમાદિત્ય બીજાએ તેમને ખડ્ગાવલોક તથા પૃથ્વીવલ્લભની ઉપાધી પ્રદાન કરી હતી. દશાવતાર અને સમનગર અભિલેખોથી જાણવા મળે છે કે સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કર્યા પછી દન્તિદુર્ગે કલિંગ, શ્રીશૈલ, કૌસલ, માલવા, લાટ, ટંક અને સિંધના રાજાઓને હરાવ્યા હતાં. તેમને મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારકની ઉપાધિ ધારણ કરી હતી. ચિત્તલદુર્ગ અભિલેખથી જાણવા મળે છે કે તેઓ નિઃસંતાન હતાં અને તેમની મૃત્યુ પછી તેમના કાકા કૃષ્ણ પ્રથમ રાષ્ટ્રકૂટ શાસક બન્યા હતાં.*

## 2 કૃષ્ણ પ્રથમ

*દન્તિદુર્ગના મૃત્યુ પછી કૃષ્ણ પ્રથમે સત્તા મેળવી. વેગ્રુમા દાનપત્રના આધારે વી.એ. સ્મિથ અને સી.વી વૈદ્ય જેવા ઈતિહાસકારો કહે છે કે કૃષ્ણ પ્રથમે દન્તિદુર્ગની હત્યા કરીને શાસન મેળવ્યું હતું. પરંતુ આ માન્યતા હવે ખોટી સિદ્ધ થઈ છે કેમ કે જે દાનપત્રનો દાખલો આપવામાં આવ્યો છે. તેના અશુદ્ધ પઠનના કારણે એવી માન્યતા ઊભી થઈ હતી. કૃષ્ણ પ્રથમે રાજગાદી પર આવ્યાં પછી લાટના શાસક કર્ક બીજાએ વિદ્રોહ કર્યો પરંતુ કૃષ્ણ પ્રથમે આ વિદ્રોહને શાંત કરી લાટ પ્રદેશ પર પુનઃ અધિપત્ય સ્થાપિત કર્યું. વેગ્રમા દાનપત્રથી જાણવા મળે છે કે કૃષ્ણ પ્રથમે રાહપ્પ નામના શાસકને હરાવ્યો હતો. ઈતિહાસકાર ડી.સી. સરકારના અનુસાર ચાલુક્ય નરેશ કીર્તિવર્મન બીજો જ એ રાહપ્પ છે.કૃષ્ણ પ્રથમે ઈ.સ. 760માં કીર્તિવર્મન બીજાને હરાવીને બાદામીના ચાલુક્યોની સત્તાનો અંત કર્યો હતો. તેણે શિલાહાર વંશના સ્થાપક સણફુલ્લને પોતાનો સામન્ત બનાવ્યો, મૈસૂરના ગંગ વંશી શાસક શ્રીપુરુષને હરાવ્યો અને પાટનગર માન્યપુર કબ્જે કરી, વેંગીના ચાલુક્ય નરેશ વિષ્ણુવર્ધન ચોથાને હરાવી ચાલુક્ય રાજ્ય પર અધિકાર કર્યો. કૃષ્ણ પ્રથમ વિજેતાના સાથે સાથે કલા અને સાહિત્યનો સંરક્ષક પણ હતો. તેણે એલોરાના પ્રસિદ્ધ કૈલાશ મન્દિરનું નિર્માણ કરાવ્યું હતું. રાજવાર્તિકના લેખક પ્રસિદ્ધ જૈનાચાર્ય અકલંક ભટ્ટ તેમના સંરક્ષણમાં હતાં.*

## 3 ધ્રુવ

*કૃષ્ણ પ્રથમ પછી ગોવિન્દ બીજો ગાદીએ આવ્યો. પરંતુ ગોવિન્દ બીજા અને ધ્રુવ વચ્ચે ઉત્તરાધિકાર માટે સંઘર્ષ થયો અને ઈ.સ. 780માં ધ્રુવે ગોવિન્દ બીજાને હરાવીને પોતે સત્તા પ્રાપ્ત કરી. સત્તા મેળવ્યા પછી તરત જ ધ્રુવે દક્ષિણના ગંગવાડી પ્રદેશના ગંગવંશી શાસક શિવમાર પર આક્રમણ કર્યું અને તેને હરાવ્યો. તેના પછી પલ્લવ શાસક દન્તિવર્મા પર આક્રમણ કર્યું અને તેને હરાવ્યો. દક્ષિણમાં જ વેંગીના ચાલુક્ય નરેશ વિષ્ણુવર્દ્ધન ચોથાને પણ પોતાની અધિનતા સ્વીકારાઈ. દક્ષિણનાં આ વિજય ઉપરાન્ત*

તેમણે ઉત્તર તરફ ધ્યાન આપ્યું. ઉત્તરમાં કન્નૌજ પર અધિકાર મેળવવા માટે બંગાળના પાલો અને ગૂર્જર-પ્રતિહારો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો હતો. આ સંઘર્ષમાં ધ્રુવે પણ રસ લીધો અને સૌપ્રથમ પ્રતિહાર નરેશ વત્સરાજ પર આક્રમણ કરીને તેને હરાવ્યો. પછી પાલ શાસક ધર્મપાલને હરાવ્યો અને કન્નૌજ પર અધિકાર મેળવ્યો પરંતુ ટુંક સમયમાં જ ત્યાંથી પરત પોતાના રાજ્યમાં આવી ગયો. ધ્રુવે નિરૂપમ, કાલિવલ્લભ, શ્રીવલ્લભ, ધારાવર્ષ જેવી ઉપાધિઓ ધારણ કરી હતી.

**4 ગોવિન્દ ત્રીજો**

ધ્રુવના ચાર પુત્રોમાં કર્કનું મૃત્યુ ધ્રુવના સમયમાં જ થયું હતું. તેમના પછી સ્તમ્ભ, ગોવિન્દ તથા ઈન્દ્ર હતાં. ધ્રુવ ગોવિન્દને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો અને સ્તમ્ભને ગંગવાડીનો, ઈન્દ્રને લાટ પ્રદેશનાં  રાજ્યપાલ નિયુક્ત કર્યો. સ્તમ્ભ ગોવિન્દનો મોટો ભાઈ હતાં એટલે તેને સત્તા પ્રાપ્ત કરવાની મહેચ્છા હતી. પરંતુ ધ્રુવના નિર્ણયને સ્વીકારીને તેઓ પ્રદેશમાં જતો રહ્યો. ગોવિન્દ ત્રીજાના સત્તા પ્રાપ્ત કર્યાના એક જ વર્ષ પછી સ્તમ્ભે દક્ષિણનાં રાજ્યો સાથે એક સંઘનું નિર્માણ કર્યું અને વિદ્રોહની તૈયારી કરી. આ બાર રાજાઓના સંઘ વિશે ગોવિન્દ ત્રીજાને ખબર પડ઼ી અને તેઓ આ વિદ્રોહના દમન માટે ગંગવાડી પહોંચ્યો અને યુદ્ધમાં સ્તમ્ભ અને બાર રાજાઓના સંઘને પરાસ્ત કર્યો. ગોવિન્દે પરાજિત સ્તમ્ભ સાથે સહાનુભૂતિ પૂર્વક વ્યવહાર કર્યો અને તેને ગંગવાડીનો ઉપરાજા બનાવ્યો સાથે જ ભાઈ ઈન્દ્રને લાટ પ્રદેશનો ઉપરાજા બનાવ્યો. ગંગવાડી વિજય પછી કાંચીના પલ્લવ શાસક દન્તિવર્માને હરાવ્યો અને સંપૂર્ણ દક્ષિણ પર રાષ્ટ્રકૂટોની સત્તા સ્થાપી. દક્ષિણના આ અભિયાન પછી ગોવિન્દ ઉત્તર તરફ ધ્યાન આપ્યું. ઉત્તરમાં પ્રતિહાર શાસક નાગભટ્ટ અને પાળ શાસક ધર્મપાલ વચ્ચે કન્નૌજ માટે સંઘર્ષ ચાલું  હતાં. ગોવિન્દે સૌપ્રથમ નાગભટ્ટ વિરૂદ્ધ અભિયાન કર્યું અને બુન્દેલખણ્ડના વિસ્તારમાં નાગભટ્ટને હરાવ્યો. નાગભટ્ટની આ પરાજયથી ધર્મપાળે ગોવિન્દ ત્રીજા સમક્ષ સમર્પણ સ્વીકાર કર્યો અને કન્નૌજના શાસક ચક્રાયુદ્ધ પણ ગોવિન્દની સત્તાને સ્વીકારી લીધી. જ્યારે ગોવિન્દ ઉત્તરના અભિયાન પર હતો ત્યારે દક્ષિણનાં રાજ્યો તેના વિરૂદ્ધ એક સંઘ બનાવ્યો અને પલ્લવ, પાણ્ડ્ય, ચોલ, કેરલ અને ગંગ રાજ્યો મળીને ગોવિન્દના રાજ્ય પર આક્રમણ કર્યું. તુંગભદ્રા નદીના કિનારે ગોવિન્દે આ સંઘને હરાવ્યો અને સંઘના બધાં જ શાસકોએ ગોવિન્દની અધિનતા સ્વીકાર કરી. વેંગીના ચાલુક્ય રાજ્યમાં ઉત્તરાધિકાર માટેના સંઘર્ષમાં ગોવિન્દે રસ લીધો અને વિજયાદિત્યને હરાવ્યો. ચાલુક્ય ભીમેં ગોવિન્દની અધિનતા સ્વીકારી.

**5 અમોઘવર્ષ**

અમોઘવર્ષ જ્યારે શાસક બન્યો ત્યારે ઉંમરમાં નાનો હતો.  એટલે ગુજરાતના ઉપરાજા કર્કના સંરક્ષણમાં હતાં. તેમની નાની વયનો લાભ લેવા માટે ચાલુક્ય નરેશ વિજયાદિત્ય બીજાએ વિદ્રોહ કર્યો અને કેટલાંક સામન્તોને પણ પોતાના સાથે કરી લીધા હતાં. અમોઘવર્ષે કર્કના મદદથી આ વિદ્રોહનો દમન કર્યો. ઈ.સ.830માં વેંગી પર

*આક્રમણ કર્યો અને અધિકાર મેળવ્યો. અમોઘવર્ષનો સંઘર્ષ પાલ શાસકો સાથે થયો. પાળ શાસક નારાયણપાલ હતો. રાષ્ટ્રકૂટ અભિલેખો અમોઘવર્ષની વિજયની વાત કરે છે અને પાળ અભિલેખો નારાયણપાલના વિજયની. પરંતુ ઇતિહાસકારો માને છે કે બન્ને વચ્ચે અનિર્ણાયક નાની-મોટી લડાઈઓ થઈ હતી. અમોઘવર્ષના શાસન કાલ દરમ્યાન ગંગવંશ સાથે મૈત્રી સંબંધ સ્થાપિત કર્યા અને પોતાની પુત્રીના લગ્ન રાજકુમાર ભૂતુગ સાથે કર્યા. ગુજરાતના પ્રદેશ પર રાષ્ટ્રકૂટોનો અધિકાર હતો. ગુજરાતમાં અકાલવર્ષ અને ધ્રુવ બીજાનું શાસન હતું. અમોઘવર્ષનો સંઘર્ષ ગુજરાતના રાષ્ટ્રકૂટો સાથે પણ થયો. શરૂઆતમાં અકાલવર્ષે અમોઘવર્ષને હરાવ્યો પરંતુ અન્તે અમોઘવર્ષની વિજય થઈ. અકાલવર્ષ પછી ધ્રુવ બીજાના સમયમાં બન્ને પક્ષોમાં સન્ધિ થઈ ગઈ હતી. અમોઘવર્ષ એક સામ્રાજ્યવાદી શાસક ન હતો. તે શાંત પ્રકૃતિનો હતો. તેમણે કવિરાજમાર્ગ નામક ગ્રન્થની રચના કરી હતી. તે જૈન મતાવલમ્બી હતો. તેના સમયમાં પ્રસિદ્ધ જૈનાચાર્ય જિનસેને આદિપુરાણની રચના કરી હતી.*

**6 કૃષ્ણ બીજો**

*અમોઘવર્ષ પછી તેમનો પુત્ર કૃષ્ણ બીજો ગાદીએ આવ્યો.. કૃષ્ણ બીજાના પ્રતિહાર નરેશ મિહિરભોજ સાથે, વેંગીના ચાલુક્યો સાથે અને ચોલ નરેશ પરાન્તક સાથે સંઘર્ષો થયાં. મિહિરભોજે નર્મદા નદીના કિનારે કૃષ્ણ બીજાની સૈનાને હરાવી કૃષ્ણે આ પરાજય પછી ફરીથી પોતાની તૈયારી કરી અને લાટ, ચેદીના રાજ્યોની સહાયતા મેળવીને પ્રતિહારો સાથે સંઘર્ષ કર્યો. બેગ્રુમા અભિલેખથી જાણવા મળે છે કે આ યુદ્ધમાં કૃષ્ણ બીજાને સફળતા મળી હતી. કૃષ્ણ બીજાનો સૌથી લાંબો સંઘર્ષ વેંગીના ચાલુક્યો સાથે થયો હતાં. વેંગીના ચાલુક્ય શાસક વિજયાદિત્યે ત્રીજા અને ભીમ પ્રથમ સાથે દીર્ઘકાલીન સંઘર્ષ થયો હતાં. વિજયાદિત્ય કૃષ્ણને હરાવ્યો અને કૃષ્ણ ભાગીને ચેદી રાજ્યમાં શરણ પ્રાપ્ત કરી, છેલ્લે કૃષ્ણે ચાલુક્યોની અધિનતા સ્વીકાર કરી. વિજયાદિત્ય પછી ભીમ પ્રથમના સમયમાં કૃષ્ણે વેંગી પર પુનઃ આક્રમણ કરી અધિકાર કર્યો હતો. કૃષ્ણ બીજાના સંબંધ ચોલ શાસક આદિત્ય પ્રથમ સાથે સારા હતાં. તેણે પોતાની પુત્રીના લગ્ન આદિત્ય પ્રથમ સાથે કર્યા હતાં. પરંતુ આદિત્ય પ્રથમ પછી તેમના ઉત્તરાધિકારી પરાન્તક સાથે તેમના સંબંધો બગડ્યા અને પરાન્તક પર આક્રમણ કર્યું પરંતુ એમાં એની મોટી હાર થઈ. કૃષ્ણ બીજો જૈન ધર્મનો અનુયાયી હતો. પ્રસિદ્ધ જૈનાચાર્ય ગુણભદ્ર એમના ગુરૂ હતાં. ગુણભદ્રે આદિપુરાણના છેલ્લા પાંચ અધ્યાયોની રચના કરી હતી.*

**7 ઈન્દ્ર ત્રીજો**

*કૃષ્ણ બીજાનાં મૃત્યુ પછી તેનો પૌત્ર ઈન્દ્ર ત્રીજો ગાદીએ આવ્યો. આ સમયમાં પ્રતિહારોના સામન્ત માળવાના પરમાર શાસક ઉપેન્દ્રે નાસિક ઉપર આક્રમણ કર્યું. ઈન્દ્ર ત્રીજાએ ઉપેન્દ્રના આ આક્રમણને અસફળ કર્યું અને પરમારોના પાટનગર ઉજ્જયિની પર અધિકાર મેળવ્યો અને ઉપેન્દ્રની પોતાના અધિન સામન્ત તરીકે નિમણૂક કરી. પોતાના પૂર્વવર્તી રાષ્ટ્રકૂટ શાસકોની જેમ જ ઈન્દ્ર ત્રીજાએ પણ કન્નૌજ પર અધિકાર મેળવવા માટેના*

*પ્રયત્નો કર્યા. કન્નૌજ પર પ્રતિહાર શાસકોનો અધિકાર હતો અને આ સમયમાં ત્યાં ઉત્તરાધિકાર માટે સંઘર્ષ થઈ રહ્યો હતો. પ્રતિહાર નરેશ મહેન્દ્રપાલનાં મૃત્યુ પછી તેમના પુત્રો ભોજ બીજા અને મહીપાલ વચ્ચે સંઘર્ષ શરૂ થયો. જેમાં મહીપાલને સફળતા મળી. ઈન્દ્ર ત્રીજાએ ઈ.સ. 916માં મહીપાલ વિરૂદ્ધ અભિયાન કર્યું અને તેને હરાવી કન્નૌજ પર અધિકાર મેળવ્યો. કન્નૌજ પર અધિકાર ઈંદ્ર ત્રીજા સૌથી શ્રેષ્ઠ વિજય તરીકે માનવામાં આવે છે. તે પ્રયાગ અને કાશી સુધી પોતાની સત્તાનો પ્રસાર કર્યો. ટૂંક સમયમાં જ તેઓ ત્યાંથી પરત ફર્યો અને એક જ વર્ષમાં મહીપાલે કન્નૌજ પર ફરીથી અધિકાર મેળવી લીધો. એવી જ રીતે ઈંદ્ર ત્રીજાએ વેંગી રાજ્ય પર આક્રમણ કરી ત્યાંના શાસક વિજયાદિત્યને વીરજાપુરના યુદ્ધમાં હરાવ્યો અને પોતાના આશ્રિત યુધામલ્લને વેંગીનો શાસક બનાવ્યો. ઈન્દ્ર ત્રીજાના સમયમાં રાષ્ટ્રકૂટોની સત્તા ઉત્તર અને દક્ષિણમાં વિસ્તરી હતી.*

**8 કૃષ્ણ ત્રીજો**

*ઈન્દ્ર ત્રીજા પછી અમોઘવર્ષ બીજો, ગોવિન્દ ચોથો અને અમોઘવર્ષ ત્રીજો શાસક બન્યા. તેના પછી કૃષ્ણ ત્રીજો ગાદીએ આવ્યો. તે એક સમર્થ અને મહત્ત્વાકાંક્ષી શાસક હતાં. એણે પોતાની આન્તરીકે સ્થિતિ સુદૃઢ઼ કરી દિગ્વિજયની યોજના બનાવી. ઈ.સ.943માં ચોલ શાસક પરાન્તક પર આક્રમણ કર્યું. પ્રથમ પ્રયાસમાં પરાન્તકની વિજય થઈ અને પરાન્તકે વીરચોલની ઉપાધિ ધારણ કરી. પરંતુ બીજા પ્રયાસમાં પરાન્તકની હાર થઈ અને કૃષ્ણ ત્રીજાએ કાંચી, તંજૌર પર અધિકાર મેળવ્યો. ઈ.સ.949માં ચોલ સાથે ફરીથી સંઘર્ષ થયો અને તોક્કલમના યુદ્ધમાં ચોલોની હાર થઈ. તેણે રામેશ્વરમમાં વિજય સ્તમ્ભનું નિર્માણ કરાવ્યું. દક્ષિણનના પાણ્ડ્ય, કેરલ અને લંકાના શાસકોને પણ હરાવ્યા. ઉત્તરમાં કાલિંજર અને ચિત્રકૂટ પર ચન્દેલોનું અધિકાર હતું એ ફરીથી મેળવ્યું. ઈ.સ.963માં માળવાના શાસક સીયકને હરાવી ઉજ્જયિની પર અધિકાર કર્યો. વેંગીના શાસક અમ્મ બીજાને વિરુદ્ધ બાદપની સહાયતા કરી અને શાસક બનાવ્યો કેટલાક સંઘર્ષો પછી અમ્મ વેંગીને છેલ્લે રાષ્ટ્રકૂટોથી મુક્ત કરાવી કવિ પોન્ન અને પુષ્પદન્ત કૃષ્ણ ત્રીજાના સંરક્ષણમાં હતાં. પોન્ને શાન્તિપુરાણની અને પુષ્પદંન્તે જ્વાલામાલિનીકલ્પની રચના કરી હતી.*

**9 અન્ય શાસકો**

*કૃષ્ણ ત્રીજા પછી તેનો ભાઈ ખોટ્ટિગ રાષ્ટ્રકૂટ શાસક બન્યો. તે એક દુર્બળ શાસક હતાં.તેમના સમયમાં પરમાર શાસક સીયકે ઈ.સ. 971માં માન્યખેટ પર આક્રમણ કર્યું અને પાટનગરની લૂંટ કરી હતી. ઈ.સ.972મામ ખોટ્ટિગનું મૃત્યુ થયું તેમના પછી તેમનો ભત્રીજો કર્ક બીજો શાસક બન્યો. કર્ક બીજો રાષ્ટ્રકૂટ વંશનો અન્તિમ શાસક હતો. તેના સમયમાં કેટલાંક સામન્તોએ વિદ્રોહ કર્યો અને પોતાને સ્વતંત્ર કર્યા. તેમના તર્ડવાડિના સામન્ત તૈલ બીજાએ કર્ક પર આક્રમણ કર્યું અને કર્કને હરાવીને તૈલ બીજાએ કલ્યાણીના ચાલુક્ય વંશની સ્થાપના કરી અને રાષ્ટ્રકૂટ વંશનો અંત કર્યો.*

## 3.5 માળવનો પરમાર વંશ

*રાજપૂત યુગમાં મધ્યભારતની એક પ્રમુખ સત્તા તરીકે માળવાના પરમારોએ ઈ.સ.ની દસમી સદીના મધ્યમાં પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી હતી. છઠ્ઠી સદીથી દસમી સદી સુધી આ વિસ્તારમાં ગૂર્જર-પ્રતિહારો, રાષ્ટ્રકૂટો, હૂણો આદિનો પ્રભાવ રહ્યો હતો. દસમી સદીથી તેરમી સદી સુધીના સમયમાં માળવામાં પરમાર વંશનું પ્રભુત્વ જોવા મળે છે. એક સમયમાં તો માળવાના પરમારો સમસ્ત ઉત્તર ભારતની એક પ્રમુખ સત્તા તરીકે જોવા મળે છે. મધ્યપ્રદેશના ધાર નગરીને તેઓ પોતાનું કેન્દ્ર બનાવ્યું અને દરેક બાજુની સત્તાઓ સાથે સતત સંઘર્ષ રહ્યા.*

### 3.5.1 પરમાર વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો

*માળવાના પરમાર વંશના ઈતિહાસ જાણવા માટેનાં પ્રમુખ સાધનો છે -*

- *સીયક બીજાનો હર્સોલ અભિલેખ (ઈ.સ.948)*
- *વાક્પતિ મુંજનો ઉજ્જૈન અભિલેખ (ઈ.સ.980)*
- *ઉદયાદિત્યની ઉદયપુર પ્રશસ્તિ*
- *લક્ષ્મણદેવની નાગપુર પ્રશસ્તિ*
- *ભોજના બાંસવાડા અને બેતમાના લેખ*
- *પદ્મગુપ્ત પરિમાલનો નવસાહસાંકચરિત*
- *મેરુતુંગની પ્રબન્ધચિન્તામણી*
- *ભોજના કૂર્મશતક, શ્રૃંગારમંજરી, યુક્તિકલ્પતરુ, સમરાંગણસૂત્રધાર*
- *અલબેરૂની, ફરિશ્તા, અબુલફજલના વિવરણો*

### 3.5.2 પરમાર વંશની ઉત્પત્તિ

*અન્ય રાજપૂત રાજવંશોની જેમ માળવાના પરમારોની ઉત્પત્તિ વિશે પણ ઈતિહાસકારોમાં ઘણા મતભેદ દેખાય છે. નવસાહસાંકચરિતમાં પદ્મગુપ્ત એક કથાનું વર્ણન કરે છે જેના અનુસાર ઋષિ વસિષ્ઠ પોતાની કામધેનુ ગાય વિશ્વામિત્રથી પરત લેવા માટે આબુ પર્વત પર યજ્ઞ કરે છે અને આ યજ્ઞથી એક યોદ્ધા પ્રગટ થાય છે. એ યોદ્ધા વિશ્વામિત્રને હરાવીને ગાય પરત લાવે છે. વસિષ્ઠ આ યોદ્ધાને પરમાર એટલે શત્રુનો વિનાશ કરનારની ઉપાધિ આપે છે. આ વીરના વંશજ પરમાર હતાં. જેમ્સ ટૉડના મુજબ અગ્નિકુણ્ડથી જે ચાર યોદ્ધા ઉત્પન્ન થયાં હતાં તેમાંથી એક પરમાર હતો. ગૌરીશંકર ઔઝા પણ પરમારો અગ્નિવંશી હોવાનો સ્વીકાર કરે છે. રાજબલી પાણ્ડેય માને છે કે કેટલીક યુદ્ધરત જ્ઞાતિઓ અગ્નિને સાક્ષી કરીને શત્રુઓ વિરૂદ્ધ યુદ્ધ કરવા માટેની શપથ લીધી હતી એટલે એમને અગ્નિવંશી કહેવામાં આવે છે. હલાયુદ્ધ પોતાના ગ્રન્થ પિંગલ સૂત્રવૃત્તિમાં પરમાર નરેશ વાક્પતિ મુંજને બ્રહ્મક્ષત્રકુલીન કહે છે. ભણ્ડારકર અને એચ.સી.રે જેવા ઈતિહાસકારો પરમારોની ઉત્પત્તિ ગૂર્જરોથી માને છે. પી.સી. ગાંગુલી પરમારોની ઉત્પત્તિ રાષ્ટ્રોથી માને છે. સૌથી વધારે ઉચિત તર્ક બ્રહ્મક્ષત્રકુલીનનો લાગે છે કેમ કે હલાયુદ્ધ મુંજને*

બ્રહ્મક્ષત્ર કહે છે તો એ સંભવ છે કે પરમારો પણ શુંગો અને સાતવાહનોની જેમ બ્રાહ્મણ હતો અને યુદ્ધ-કર્મ કરવાને લીધે કાલાન્તરે ક્ષત્રીય થઈ ગયો હશે.

### 3.5.3 પ્રારમ્ભિક ઈતિહાસ

ઉત્તર ભારતમાં નવમી સદીના સમયમા ગૂર્જરપ્રતિહારો અને રાષ્ટ્રકૂટો વચ્ચે સંઘર્ષ ચાલું હતો. આ જ સમયમાં માળવા પર સમય-સમય પર પ્રતિહારો અને રાષ્ટ્રકૂટોનું પ્રભુત્વ રહ્યું. દસમી સદીના પ્રારમ્ભમાં માળવામા પ્રતિહાર સામન્ત ઉપેન્દ્ર અથવા કૃષ્ણરાજ થયો જેમણે ધાર નગરીને પરમારોનું પાટનગર બનાવ્યું અને વત્સરાજની ધ્રુવ દ્વારા થયેલી હારનો લાભ ઉપેન્દ્રે પોતાની સત્તાને પ્રસાર કરીને મેળવ્યો. પછી ગોવિન્દ ત્રીજાના ઉત્તરી અભિયાનના સમયમાં પરમારોએ રાષ્ટ્રકૂટોની અધિનતા સ્વીકારી. નાગભટ્ટના સમયમાં પરમારો ફરીથી પ્રતિહારોના અધિન થઈ ગયા હતાં. ઉપેન્દ્ર પછી વૈરસિંહ પ્રથમ, સીયક પ્રથમ, વાક્પતિ પ્રથમ અને વૈરસિંહ બીજો શાસક બન્યા. વૈરસિંહ બીજાનો પુત્ર સીયક બીજો રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણ ત્રીજાને અધિન સામન્ત હતાં.

### 3.5.4 માળવાના પરમાર શાસકો

1 સીયક બીજો (945-972)
2 વાક્પતિ મુંજ (972-998)
3 સિન્ધુરાજ (998-1010)
4 ભોજ (1011-1055)
5 જયસિંહ પ્રથમ (1055-1070)
6 ઉદયાદિત્ય

### 3.5.5 પરમાર શાસકોની સિદ્ધિઓ

#### 1. સીયક બીજો

માળવાના પરમાર વંશની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરનાર સીયક બીજો પ્રથમ પરમાર શાસક હતો. સીયક બીજો રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણ ત્રીજાને અધિન હતો પરંતુ કાલાંતરે કૃષ્ણ ત્રીજાનાં મૃત્યુ પછી પોતાને સ્વતંત્ર ઘોષિત કર્યો અને માળવામાં સ્વતંત્ર પરમાર રાજ્યની સ્થાપના કરી. સીયક બીજાના સમયમાં સૌરાષ્ટ્રમાં ચાલુક્ય નરેશ અવનિવર્મન યોગરાજ બીજાનું રાજ્ય હતું. સીયકે તેને હરાવ્યો. નવસાહસાંકચરિતથી જાણવા મળે છે કે સીયક બીજાએ હૂણોને હરાવ્યા હતાં. કૃષ્ણ ત્રીજા પછી ખોટ્ટિગ રાષ્ટ્રકૂટ શાસક બન્યો ત્યારે તેમણે સીયક સાથે યુદ્ધ કર્યું પરંતુ ખોટ્ટિગની પરાજય થઈ અને સીયકે માન્યખેટ સુધી પહોંચી ગયો હતો. ખજુરાહો અભિલેખથી જાણવા મળે છે કે ચંદેલ શાસક યશોવર્મને સીયક બીજાને હરાવ્યો હતો.

## 2. વાક્પતિ મુંજ

*સીયક બીજાનાં મૃત્યુ પછી તેમનો પુત્ર મુંજ પરમાર વંશનો શાસક બન્યો. મુંજના બીજા નામ વાક્પતિ અને ઉત્પલરાજ પણ હતાં. મુંજના સમયમાં માળવાને પરમાર વંશને ખ્યાતિ પ્રાપ્ત થઈ હતી. ઉદયપુર અભિલેખથી જાણવા મળે છે કે મુંજે કલચુરી શાસક યુવરાજ બીજાને હરાવ્યો હતો. ઈ.સ.997ના હસ્તિકુણ્ડી અભિલેખ મુજબ મેવાડ઼ ના ગુહિલ શાસક શક્તિકુમારને હરાવ્યો હતો. વિક્રમાદિત્ય પંચમના કૌથેમ દાનપત્રોથી જાણવા મળે છે કે મુંજે હૂણો પર વિજય મેળવ્યો હતો. બીજાપુર અભિલેખથી જાણવા મળે છે કે મુંજે ગુજરાતના શાસક મૂળરાજ પ્રથમને હરાવ્યો હતો. કોથેમ અભિલેખ દ્વારા જાણવા મળે છે કે નાડોલના ચૌહાણ શાસક બલિરાજને મુંજે હરાવ્યો હતો. ઉદયપુર અભિલેખના અનુસારે મુંજ લાટ પ્રદેશના વારપ્પને હરાવ્યો હતો. મુંજનો સૌથી કટ્ટર શત્રુ કલ્યાણીનો ચાલુક્ય શાસક તૈલપ બીજો હતાં. મુંજે કલ્યાણીના ચાલુક્ય નરેશને શરૂઆતના યુદ્ધોમાં હરાવ્યો હતો પરંતુ ગોદાવરી નદી પારના યુદ્ધમાં તૈલપે મુંજને હરાવ્યો અને મુંજને બંદી બનાવ્યો હતાં. પછી તેમની હત્યા કરવામાં આવી. મુંજે મુંજસાગર તળાવ અને મુંજપુર નગરની સ્થાપના કરી હતી. પદ્મગુપ્ત, હલાયુધ, અમિતગતિ, ધનિક આદિ વિદ્વાનો તેના દરબારમાં હતાં. મુંજે પૃથ્વીવલ્લભ, શ્રીવલ્લભ અને અમોઘવર્ષની ઉપાધિઓ ધારણ કરી હતી.*

## 3. સિન્ધુરાજ

*સિન્ધુરાજ મુંજનો ભાઈ હતો. તેણે સૌ પ્રથમ ભાઈની હત્યા કરનાર કલ્યાણીના ચાલુક્યો સાથે બદલો લેવા માટે કલ્યાણી પર આક્રમણ કર્યું. આ સમયમાં કલ્યાણીનો શાસક સત્યાશ્રય હતો. સત્યાશ્રયની હાર  થઈ અને સિન્ધુરાજ પોતાના ગુમાવેલા પ્રદેશો પરત મેળવ્યા. સિન્ધુરાજે લાટ પ્રદેશના ગોગ્ગીરાજ પર આક્રમણ કર્યું અને તેને હરાવ્યો. સિન્ધુરાજે કોંકણના શિલાહાર વંશના શાસકો, હૂણો અને બાગડના પરમાર સામન્ત ચણ્ડપને હરાવ્યો હતો. ગુજરાતના શાસક ચામુંડરાજ સાથે થયેલ યુદ્ધમાં સિન્ધુરાજની હાર થઈ હતી. સિન્ધુરાજનો શાસન અલ્પકાલીન રહ્યું હતું.*

## 4. ભોજ

*સિન્ધુરાજના મૃત્યુ પછી તેમનો પુત્ર ભોજ ગાદીએ આવ્યો. ભોજ માળવાના પરમાર શાસકોમાં સૌથી શક્તિશાળી અને મહત્ત્વપૂર્ણ શાસક હતો. તે એક વિજેતા તો હતો જ પરંતુ એક સારો વિદ્વાન પણ હતો. સૌપ્રથમ તેણે પરમારોના પરમ્પરાગત શત્રુ કલ્યાણીના ચાલુક્યોને હરાવ્યા. ત્યારે કલ્યાણીનો શાસક જયસિંહ બીજો હતો. ભોજે કલચુરી નરેશ ગાંગેયદેવ અને ચોલ નરેશ રાજેન્દ્રની સહાયતાથી જયસિંહ બીજાને હરાવ્યો. તેણે કલિંગના ગંગવંશીય શાસક ઈન્દ્રરથને, લાટના શાસક કીર્તિરાજને, કોંકણના શિલાહાર વંશીય શાસક કેશિદેવને, કન્નૌજના પ્રતિહાર વંશીય શાસક યશપાલને, મેવાડ઼ ના ગોહિલ શાસકોને, ગુજરાતના ચાલુક્ય વંશી શાસક ચામુંડરાજને અને ભીમને હરાવ્યા હતા. કલચુરી વંશના શાસક ગાંગેયદેવ સાથે તેમના સંબંધો*

શરૂઆતમાં સારા હતાં પરંતુ પછીના સમયમાં સંબંધો ખરાબ થયાં ત્યારે ભોજે ત્રિપુરી પર આક્રમણ કર્યું અને ગાંગેયદેવને હરાવ્યો હતો. ભોજનો સંઘર્ષ ચંદેલો સાથે પણ થયો હતાં. ચંદેલ નરેશ વિદ્યાધરે ભોજના આક્રમણનો સફળતાપૂર્વક સામનો કર્યો અને આ યુદ્ધમાં ભોજની હર થઈ હતી. એવી જ રીતે ચન્દેલોના અધીનસ્થ રાજ્ય ગ્વાલિયારના કચ્છપઘાતો પર પણ ભોજે આક્રમણ કર્યું હતું. પરંતુ કચ્છપઘાત શાસક કીર્તિરાજે વિરૂદ્ધ ભોજને સફળતા મળી ન હતી. નાડોલના ચાહમાન શાસક અણહિલ્લ વિરૂદ્ધ પણ ભોજ અસફળ રહ્યો હતો. ભોજ પોતાના સમયમા સતત સંઘર્ષશીલ રહ્યો હતો. તેમના અન્તિમ વર્ષોમાં કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વર પ્રથમે ઈ.સ. 1043માં ભોજના પાટનગર ધાર પર આક્રમણ કર્યું અને ભોજને હરાવ્યો. ભોજ ધાર નગરી છોડ઼ વા માટે મજબુર થયો. આ જ સમયમાં ગુજરાતના ચાલુક્યો અને ત્રિપુરીના કલચુરિઓ તેમના વિરૂદ્ધ એક સંઘ બનાવ્યો અને ભીમ પ્રથમના નેતૃત્વમાં માળવા પર આક્રમણ કર્યું. આ સમયે ભોજ બિમાર થઈ ગયો અને યુદ્ધ દરમ્યાન જ તેનું મૃત્યુ થયું હતું. ભોજ એક મહાન નિર્માતા, કલાપ્રેમી અને પોતે વિદ્વાન હતો. તેને ભોજપુર નગરની સ્થાપના કરી, ભોજસર તળાવનું નિર્માણ કરાવ્યું, ધારમાં કેટલાંક મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. તે કાવ્ય, ધર્મ, તત્વજ્ઞાન, જ્યોતિષ, ચિકિત્સશાસ્ત્ર, કલા, વ્યાકરણ, રાજનીતિનો તજજ્ઞ હતો. ભોજે સમરાંગણસૂત્રધાર, સરસ્વતીકણ્ઠાભરણ, સિદ્ધાન્તસંગ્રહ, રાજમાર્તણ્ડ, યોગસૂત્રવૃત્તિ, વિદ્યાવિનોદ, યુક્તિકલ્પતરૂ, ચારૂચર્યા, આદિત્યપ્રતાપસિદ્ધાન્ત, આયુર્વેદસર્વસ્વ, શુંગારપ્રકાશ, પ્રાકૃતવ્યાકરણ, કૂર્મશતક, શુંગારમંજરી, ભોજચમ્પૂ, શબ્દાનુશાસન, રાજમૃગાંક વગેરે ગ્રન્થોની રચના કરી હતી.

### 5. જયસિંહ પ્રથમ અને અન્ય શાસકો -

ભોજના મૃત્યુ પછી તેનો પુત્ર જયસિંહ ગાદીએ આવ્યો. તેણે શત્રુઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું અને માળવા પર કલચુરી કર્ણ અને ચાલુક્ય ભીમનો અધિકાર હતાં. જયસિંહ પ્રથમે કલ્યાણી નરેશ વિક્રમાદિત્યની સહાયથી ધાર પુનઃ મેળવ્યું પરંતુ વિક્રમાદિત્ય પછી કલ્યાણીના શાસક સોમેશ્વર બીજાએ પુનઃ ધાર પર આક્રમણ કર્યું અને આ યુદ્ધમાં જયસિંહ પ્રથમનું મૃત્યુ થયું. જયસિંહ પછી ઉદયાદિત્ય, લક્ષ્મણદેવ, નરવર્મા, યશોવર્મા, જયવર્મન, વિન્ધ્યવર્મન, સુભટવર્મન, અર્જુનવર્મન, દેવપાલ, જૈતુગિદેવ, જયવર્મન બીજો વગેરેનાં નામો મળે છે. અન્તે ઈ.સ. 1305માં અલાઉદ્દીન ખિલજીએ માળવામાં મુસ્લિમ સત્તાની સ્થાપના કરી હતી.

- **તમારી પ્રગતિ જાતે ચકાસો.**

1. ગુપ્ત શાસકોના પતન પછી ઉત્તર ભારતમાં થયેલ રાજકીય વિકેન્દ્રીકરણની ચર્ચા કરો.
2. કન્નૌજ માટે થયેલા ત્રિરાષ્ટ્ર સંઘર્ષની ચર્ચા કરો.
3. ગૂર્જર-પ્રતિહારો અને રાષ્ટ્રકૂટો વચ્ચે થયેલ સંઘર્ષની ચર્ચા કરો.

4. *રાજપૂત યુગ દરમ્યાન ઉત્તર ભારત પર થયેલ મુસ્લિમ આક્રમણોની ચર્ચા કરો.*

- **સ્વાધ્યાય –**

1. *રાષ્ટ્રકૂટ વંશનો ઈતિહાસ જાણવાનાં સાધનો જણાવો.*
2. *ગુજરાતના ચાલુક્ય વંશના શાસકોની સિદ્ધિઓ જણાવો.*
3. *રાષ્ટ્રકૂટોની ઉત્પત્તિના સંબંધમાં ઈતિહાસકારોના વિભિન્ન મંતવ્યો વિશે ચર્ચા કરો.*
4. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટ સંઘર્ષની ચર્ચા કરો.*
5. *માળવાના પરમાર શાસકોના સામ્રાજ્ય વિસ્તારની ચર્ચા કરો.*

## 3.6 સારાંશ

*ઉત્તરી ભારતનાં રાજપૂત રાજ્યોના પરસ્પર સંઘર્ષના લીધે સમસ્ત ભારતમાં રાજકીય સત્તા નબળી પડી હતી. પોતાના રાજ્યના પ્રસાર માટે દરેક શાસકે જે જોડ઼ તોડ઼ કર્યા અને તેના લીધે સતત સંઘર્ષમય વાતાવરણ રહ્યું હતું, તેના પરિણામસ્વરૂપે જ્યારે પશ્ચિમી ભારત તરફથી વિદેશી આક્રમણો થયાં ત્યારે વિદેશીઓએ સરળતાથી ભારતીય શાસકોને પરાજિત કર્યા અને છેલ્લે ભારતમાં પોતાની સ્થાયી સત્તાની સ્થાપના કરી. ઉત્તર ભારતનો રાજપૂત યુગ પરસ્પર સંઘર્ષનો યુગ છે. હર્ષવર્ધનના મૃત્યુ પછી ઉત્તર ભારતમાં ગૂર્જર-પ્રતિહારોએ સંપૂર્ણ ઉત્તર ભારતમા રાજકીય એકતા સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ રાષ્ટ્રકૂટો અને પાલો સાથે સતત સંઘર્ષના કારણે તેઓ પોતે કમજોર પડ્યા અને છેલ્લે તેમના સામન્તો અને અધીન રાજ્યોએ સ્વતંત્ર સત્તાઓની સ્થાપના કરી. એવી જ રીતે પશ્ચિમમાં ગુજરાતના ચાલુક્યો, મધ્યમાં માળવાના પરમારો અને દખ્ખનમાં રાષ્ટ્રકૂટોએ આ સમયની પ્રમુખ સત્તાઓ હતી.*

## 3.7 શબ્દાવલી

1. *હૂણ – હૂણ એક વિદેશી આક્રમણકારી પ્રજાતિ હતી.*
2. *મ્લેચ્છ – મ્લેચ્છ શબ્દનો પ્રયોગ અનાર્ય પ્રજાતિઓ માટે કરવામાં આવે છે. કાલાન્તરે વિદેશીઓ માટે પણ મ્લેચ્છ શબ્દનો ઉપયોગ થયો છે.*
3. *ગૌડ઼ પ્રદેશ – વર્તમાન બંગાળમાં સાતમી સદીમાં શશાંક દ્વારા સ્થાપિત રાજ્યને ગૌડ઼ રાજ્ય કહેવામાં આવે છે. બંગાળના વિસ્તારને ગૌડ઼ પ્રદેશ કહેવામાં આવે છે.*
4. *સામન્ત – સ્વતંત્ર શાસકોને અધિન પ્રદેશાધ્યક્ષ અથવા તો અધિન રાજાઓને સામન્ત કહેવામાં આવે છે. સામન્તોનો સંબંધ સૈન્ય સેવા અને ભૂ-દાન દ્વારા મેળવેલી સત્તાઓ સાથે છે.*
5. *યૂ-ચી – ઈ.સ. પૂર્વે બીજી સદીની પશ્ચિમી ચાઈનાની એક વિચરતી પ્રજાતિ. જેના વંશજો કૃષ્ણ શાસકો હતાં.*
6. *બ્રહ્મક્ષત્રકુલીન – બ્રાહ્મણ અને ક્ષત્રીય કુલના વંશજ.*

## 3.8 સંદર્ભ


1. *પાણ્ડેય વિમલચંદ્ર, પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-૨, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 *(પંચમ સંશોધિત સંસ્કરણ)*
2. *મજૂમદાર રમેશચન્દ્ર, પ્રાચીન ભારત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995
3. *ત્રિપાઠી, રમાશંકર, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 *(છઠા સંસ્કરણ)*
4. *શ્રીવાસ્તવ કે.સી., પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ,* 1990
5. *ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ભારતીય ઈતિહાસ કોશ, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ,* 2004 *(ચતુર્થ સંસ્કરણ)*
6. *ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001
7. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), મધ્યકાલીન ભારત ભાગ-*1 (750-1540), *હિંદી માધ્યમ કાર્યાનિવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.
8. *દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહત ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ,* 2004.
9. *શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના,* 1972.
10. *ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર,* 2011
11. *પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રન્થ -૪, શેઠ ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ,* 2005 *(દ્વિતીય સંસ્કરણ)*

## એકમ – 4 રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ

### રૂપરેખાઃ

**4.0 ઉદ્દેશ્યો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ભારતીય સામન્તવાદ**

**4.3રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક સ્થિતિ**

- **4.3.1 વર્ણવ્યવસ્થા**
- **4.3.2 જ્ઞાતિ વ્યવસ્થા**
- **4.3.3 સ્ત્રીઓની દશા**
- **4.3.4 દાસ પ્રથા**

**4.4રાજપૂત શાસન કાલ દરમિયાન આર્થિક સ્થિતિ**

- **4.4.1 કૃષિ-પશુપાલન**
- **4.4.2 ઉદ્યોગ**
- **4.4.3 વેપાર**
- **4.4.4 વ્યાપારીક માર્ગ**
- **4.4.5 શ્રેણી સંગઠન**

**4.5 રાજપૂત શાસન કાલ દરમિયાન ધાર્મિક સ્થિતિ**

- **4.5.1 બ્રાહ્મણ ધર્મ**
- **4.5.2 વૈષ્ણવ**
- **4.5.3 શૈવ**
- **4.5.4 શાક્ત**
- **4.5.5 જૈન ધર્મ**
- **4.5.6 બૌદ્ધ ધર્મ**

**તમારી જાતે ચકાસો**

**4.6 સારાંશ**

**4.7શબ્દાવલી**

**સ્વાધ્યાય**

**4.8 સંદર્ભ સૂચિ**

## 4.0 ઉદ્દેશ્યો

આ એકમના ઉદ્દેશ્યમાં રાજપૂત કાલ દરમિયાનની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ અંગેનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે -

- રાજપૂત કાલ દરમિયાનની સામાજિક સ્થિતિમાં વર્ણવ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, પરિવાર, સ્ત્રીઓની દશા અને શિક્ષણવ્યવસ્થા અંગેની માહિતી કેળવાશે.
- રાજપૂત કાલ દરમિયાનની આર્થિક સ્થિતિમાં કૃષિ, વૈપાર, ઉદ્યોગો અને શ્રેણી સંગઠન વિશે માહિતગાર થશે.
- રાજપૂત કાલ દરમિયાન ધાર્મિક સ્થિતિમાં બ્રાહ્મણ ધર્મના વિવિધ સંપ્રદાયો, જૈન અને બૌદ્ધ ધર્મની સ્થિતિ અંગે માહિતગાર થશે.

## 4.1 પ્રસ્તાવના

ભારતીય ઈતિહાસમાં ઈ.સ. સાતમી સદીથી તેરમી સદી સુધીનો સમય રાજપૂત કાલ તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન સંપૂર્ણ ભારતમાં નવીન રાજ્યોનો ઉદય થયો અને તેમાં અધિકાંશમાં ક્ષત્રીય કુલના હતા. આ રાજવંશોના ઉત્તરાધિકારીઓને રાજપુત્ર કહેવામાં આવ્યો. આ સમય દરમિયાન એવા અનેક સ્વતંત્ર અને અર્ધ સ્વતંત્ર રાજ્યોનું પ્રભુત્વ રહ્યું હતું એટલે કેટલાંક ઈતિહાસકારો આ યુગને રાજપૂત યુગ તરીકે પણ વર્ણવે છે. ઈતિહાસકારો આ સમયને ભારતના ઈતિહાસમાં પ્રાચીનકાલના અંત અને મધ્યકાલની શરૂઆતનો સમય પણ માને છે. જુદા-જુદા ઈતિહાસકારો પોતાના મત, તર્ક અને વિશ્લેષણ પ્રમાણે ઈતિહાસની રાજનીતિક અને સામાજિક ઘટનાઓના આધારે આ યુગ પરિવર્તનની અવધારણા પ્રસ્તુત કરે છે. યુગ પરિવર્તનની વિવિધ ચર્ચાઓમાં આ યુગની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિના લીધે એક સ્વતંત્ર ઓળખાણ છે. આ ઓળખાણને રાજકીય ઈતિહાસના આધારે વિશ્લેષણ કરનાર ઈતિહાસકારો રાજપૂત યુગ કહે છે અને સામાજિક-આર્થિક ઈતિહાસના આધારે વિશ્લેષણ કરનાર ઈતિહાસકારો સામન્તવાદી યુગ કહે છે. ગુપ્તોના પતન પછી અને હર્ષવર્ધનના મૃત્યુ પછી ઉત્તર અને દક્ષિણ ભારતમાં સમય સમય પર નવીન રાજવંશોનો ઉદય થયો જેનાથી એક નવીન રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિનો નિર્માણ થયો હતો. આ અધ્યાયમાં આ યુગ દરમિયાનની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિનો પરિચય આપવામાં આવશે.

## 4.2 ભારતીય સામન્તવાદ

આરમ્ભિક મધ્યયુગીન ભારતમાં થયેલા સામાજિક પરિવર્તનોને આર્થિક ઘટનાઓના સંદર્ભમાં જોવાનું ઉપક્રમ કેટલાક માર્ક્સવાદી ઈતિહાસકારો કરે છે અને તેમાં ઈતિહાસકાર રામશરણ શર્માનું મહત્ત્વનું યોગદાન છે. ભારતીય ઈતિહાસમાં સામન્તવાદી યુગ વિશેની ચર્ચા મુખ્યત્વે રામશરણ શર્માએ કરેલી અને આરંભિક મધ્યયુગીન ભારતમાં થયેલા આર્થિક પરિવર્તનોના આધારે જે નવીન સામાજિક-રાજકીય પરિસ્થિતિ ઊભી થઈ

*તેને યુરોપીય સામન્તવાદના અનુરૂપ ભારતીય સામન્તવાદ ગણાવે છે. તેઓ કહે છે કે આ યુગનું સૌથી મહત્ત્વનું પરિવર્તન હતું, જમીન-મહેસૂલ અને જમીનની ગૈર-રાજ્યીય અને ધાર્મિક આધારે શાસકો દ્વારા તેમના અધીનોની વહેંચણી. તેઓ કહે છે કે સામન્તવાદ મુખ્યત્વે કૃષિ-અર્થતન્ત્રમાં વિકસિત થાય છે. આ પ્રણાલીમાં ભૂ-સ્વામિઓ ગૈર-આર્થિક રીતિથી અધિશેષ પર નિયંત્રણ કરે છે. એ ગૈર-આર્થિક રીતિઓ મુખ્યત્વે સામાજિક, રાજકીય અને ધાર્મિક હોય છે. આ રીતિઓના કારણે સામાજિક અને ધાર્મિક સ્થિતિમાં પર્યાપ્ત પરિવર્તન જોવા મળે છે જે આ યુગની વિશેષતાઓ છે. આ નવીન પરિસ્થિતિને જ સામન્તીવાદી વ્યવસ્થા તરીકે જોઈ શકાય છે. કેટલાંક ઈતિહાસકારોએરામશરણ શર્માના આ વિચારની આલોચના પણ કરી છે અને ભારતીય સામન્તવાદના તેમનાં વિચારને પડકાર પણ આપ્યો છે. પરંતુ આ યુગ દરમિયાન થયેલા સામાજિક, આર્થિક પરિવર્તનોના લીધે જે નવીન વ્યવસ્થા ઉભી થઈ તેને અને આ આધારે રામશરણ શર્માના વિશ્લેષણને તો સ્વીકારે છે. રામશરણ શર્માની યુરોપીય સામન્તવાદના આધારે ભારતીય સામન્તવાદની વ્યાખ્યાને હરબંસ મુખિયા જેવા ઈતિહાસકારો સ્વીકાર નથી કરતા પરંતુ આ યુગ દરમિયાન જે એક વ્યવસ્થાગત પરિવર્તન થયું તેને લગભગ ઈતિહાસકારો સ્વીકાર કરે છે.*

## 4.3 રાજપૂત શાસનકાલ દરમિયાન સામાજિક સ્થિતિ

*પ્રાચીન કાલના ભારતીય સમાજની જેમ જ પૂર્વમધ્યકાલીન સમાજમાં પણ વર્ણ-વ્યવસ્થા, પરિવાર, લગ્નપ્રથાઓ વગેરે સામાજિક બાબતો મહત્ત્વની હતી.પરંતુ તેમાં ઘણો બધો ફેરફાર જોવા મળે છે. પૂર્વમધ્યકાલ અથવા રાજપૂત કાલની સામાજિક સ્થિતિને નીચેના મુદ્દાઓમાં સમજી શકાય છે.*

### 4.3.1 વર્ણવ્યવસ્થા

*વર્ણવ્યવસ્થાની વિકાસ યાત્રા ઋગ્વેદકાળથી સતત પરિવર્તનો સાથે ચાલતી આવી હતી. રાજપૂતકાલમાં પણ વર્ણવ્યવસ્થાની હયાતીના ઉલ્લેખો મળે છે. આ યુગના અભિલેખોમાં શાસકો વર્ણવ્યવસ્થાના રક્ષકો તરીકે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વર્ણવ્યવસ્થામાં સમાજને ચાર વર્ણોમાં વહેંચવામાં આવતું હતું. રાજપૂત કાળ દરમિયાન પણ સમાજમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. પરંતુ બ્રાહ્મણોનાં કાર્યો અને સ્થિતિમાં કંઈક ફેરફાર પણ જોવા મળે છે. રાજકીય વિખંડન, સામાજિક અને આર્થિક સ્થિતિના લીધે બ્રાહ્મણો સામે આજીવિકાના પ્રશ્નો ઊભા થયા હતા એટલે તેમણે અન્ય કાર્ય કરવાનું શરૂ કર્યું હતું. બ્રાહ્મણો આ યુગમાં સૈન્યકાર્ય કરતા જોવા મળે છે. કૃષિ કાર્ય અને આપત્તિકાલમાં વેપાર-વ્યવસાય પણ બ્રાહ્મણો કરતા હતા. સ્મૃતિઓમાં આ અંગેનો ઉલ્લેખ પણ મળે છે. આ યુગમાં બ્રાહ્મણો પછી ક્ષત્રીય વર્ણ પ્રમુખ હતો. કેટલાંક પ્રસંગોમાં તો એ પણ જોવા મળે છે કે ક્ષત્રીયો કદાચ બ્રાહ્મણો કરતા વધારે મહત્ત્વના હતા. ખરેખર આ યુગ ક્ષત્રીય વર્ણની પ્રભુતાનો વર્ગ પણ હતો એટલા માટે જ આ યુગને ક્ષત્રીય વર્ણના રાજપૂતોના નામે*

રાજપૂતકાલના રીતે પણ ઓળખવામાં આવે છે. ક્ષત્રીય વર્ણનો કાર્ય રાજ્ય સંબંધી કાર્યોનું સંચાલન, યુદ્ધ કરવાનું, રક્ષા કરવાની વગેરે હતું. વિવિધ રાજવંશોએ આ યુગમાં સ્વતંત્ર રાજ્યો સ્થાપિત કર્યા જેમ કે ગૂર્જર-પ્રતિહાર, પરમાર, રાષ્ટ્રકૂટ, સોલંકી, ચાલુક્ય, ચોલ વગેરે, આ રાજવંશો ક્ષત્રીય વર્ણના ગણવામાં આવતા હતા. પરંતુ એવા પણ ઉદારહણો મળે છે કે જેમાં ક્ષત્રીય વર્ણ કરતા બીજા વર્ણના શાસકો પણ હતા. રાજપૂત કાલમાં વૈશ્ય વર્ણે પોતાની સ્થિતિમાં સુધારો કર્યો હતો. તેઓ કૃષિ-પશુપાલન કરતા વૈપાર-વ્યવસાય પર વધારે ભાર મૂકતા હતા. પ્રાચીન કાલમાં વૈશ્યોને શૂદ્રોના નજીક માનવામાં આવતા હતા. આ યુગમાં વૈશ્યોઓ સમાજના ઉત્પાદનમાં પોતાનો ફાળો વધાર્યો હતો એટલે એવું પણ જોવા મળે છે કે વૈશ્યો વધારે પ્રભાવશાળી થઈ ગયા હતા.પરંતુ આ સ્થિતિ દરેક જગ્યાએ ન હતી. આ અંગેના ઉદાહરણો બહુ ઓછાં જોવાં મળે છે. સોલંકી યુગમાં સમૃદ્ધ વેપારીઓનો પ્રભાવ હતો અને તેઓને સામન્તો પણ બનાવવામાં આવ્યા હતા. બંગાળના સેન રાજવંશમાં પણ વૈશ્યોના પ્રભાવના ઉલ્લેખ મળે છે. પરંતુ સામાન્યતઃ તો વૈશ્ય કર્મને ઉચ્ચ ગણવામાં આવતું ન હતું. અલબેરૂની વૈશ્યોની સ્થિતિનોઉલ્લેખ કરે છે જેમાં વૈશ્યો અને શૂદ્રોમાં વધારે અંતર કરતો નથી. રાજપૂત કાલ દરમિયાન જૈન, બૌદ્ધ અને વૈષ્ણવ ધર્મના વિકાસમાં વૈશ્યોનો મહત્ત્વનો યોગદાન રહ્યો હતો. શૂદ્ર સમાજનો ચોથો વર્ણ હતો. આ સમયમાં શૂદ્રોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં પ્રાચીન કાલની તુલનામાં સુધાર જોવા મળે છે. આ યુગ સૌથી વધારે કૃષિ આધારિત અર્થવ્યવસ્થાનો યુગ હતો અને કૃષિ ઉત્પાદનમાં શૂદ્રોની મહત્ત્વની ભૂમિકા હતી. અન્ય બીજા વ્યવસાયોમાં પણ ઉત્પાદનમાં શૂદ્રોની ભૂમિકા મહત્ત્વની હતી એટલે શૂદ્રો અર્થવ્યવસ્થાના પાયાના અંગ હતા. આ યુગમાં શૂદ્રોને દ્વિજ જ્ઞાતિઓની જ સેવા કરવાની માન્યતાથી મુક્તિ મળવા લાગી હતી. તેઓ હવે પોતાની આજીવિકા માટે બીજાં કાર્યો પણ કરી શકતા હતા. બીજા વ્યવસાયોના પાયાના કામોમાં જોડાઈ શકતા હતા. છતાં પણ સામન્તી વ્યવસ્થાના અંતર્ગત જે સ્થાનીય અર્થવ્યવસ્થા અથવા બંદ અર્થવ્યવસ્થાનો ઉદ્ભવ થયો તેનાથી શૂદ્રોની ગતિશીલતા અને તેમની ઉત્પાદન ક્ષમતા પર પણ અસર થયી હતી. નવમી સદીના વિદ્વાન મેધાતિથિ શૂદ્રોની પોતાના સ્વામીઓ પર નિર્ભરતા પર વધારે ભાર આપે છે. આ યુગમાં શૂદ્રોની ધાર્મિક સ્થિતિમાં સુધારો જોવા મળે છે. શૂદ્રોને બે વર્ગોમાં વહેંચવામાં આવ્યા સત્ અને અસત્. સત્ શૂદ્રોને ધાર્મિક સંસ્કારોમાંથી કેટલાંક સંસ્કારો અને ધાર્મિક કાર્યો કરવાનો અધિકાર હતો. તીર્થયાત્રા, દાનકર્મ જેવા કાર્યો પણ શૂદ્રો કરી શકતા હતા. એ વધારે સંભવ છે કે શૂદ્રોની આર્થિક સ્થિતિમાં સુધારાના લીધે તેમની ધાર્મિક સ્થિતિમાં સુધારો થયો હતો.

### 4.3.2 જ્ઞાતિ વ્યવસ્થા

વૈદિક સાહિત્યમાં જ્ઞાતિનો કોઈ ઉલ્લેખ નથી. વસ્તુતઃ વર્ણવ્યવસ્થાને જ જ્ઞાતિ વ્યવસ્થાનો મૂળ માનવામાં આવે છે. રાજપૂત યુગમાં વર્ણવ્યવસ્થા કમજોર પડી પરંતુ સમાજ વધારે રૂઢિચુસ્ત થયો હતો. અનુલોમ-પ્રતિલોમ લગ્નો, વિવિધ વ્યવસાયોનો વિકાસ, વિવિધ ધાર્મિક સંપ્રદાયોનો ઉદય, વિદેશી આક્રમણોનો સામાજિક પ્રભાવ વગેરે કારણોસર સમાજમાં એક નવીન વ્યવસ્થા આ યુગમાં જોવા મળે છે. યદ્યપિ જ્ઞાતિ વ્યવસ્થાનો ઉદય મહાકાવ્ય અને સ્મૃતિકાલમાં માનવામાં આવે છે પરંતુ રાજપૂત યુગમાં આ વ્યવસ્થા વધારે સ્પષ્ટ થઈ. જ્ઞાતિ વ્યવસ્થા પ્રાચીન વર્ણવ્યવસ્થાનું જ એક વિકસિત સ્વરૂપ જેમ આ યુગમાં જોવા મળે છે. અંતર્વર્ણીય લગ્નોના કારણે અનેક જ્ઞાતિઓનો ઉદય થયો. બ્રાહ્મણ પિતા અને વૈશ્ય માતાનું સંતાન અમ્બષ્ઠ, ક્ષત્રીય પિતા અને બ્રાહ્મણ માતાનું સંતાન સૂત વગેરે ઘણા બધા ઉદાહરણો જોવા મળે છે. વ્યવસાય અને કાર્યોના આધારે પણ જ્ઞાતિઓનો વિકાસ થયો. માળી, તેલી, બઢઈ, લુહાર વગેરે. ક્ષેત્રીયતાના આધારે પણ જ્ઞાતિઓ બની હતી, માગધ, કનૌજિયા, સારસ્વત વગેરે. આ યુગમાં દરેક વર્ણમાં પણ જ્ઞાતિઓ અને ઉપજ્ઞાતિઓનો વિકાસ થયો હતો. એટલે સમાજમાં હવે જટિલતા વધવા લાગી હતી. રાજપૂત કાળમાં કાયસ્થ જાતિનો પ્રભાવ વધ્યો હતો. કાયસ્થોનું મુખ્ય કામ ચોપડા લખવાનું હતું. આ યુગમાં ગ્રામીણ અર્થવ્યવસ્થામાં કૃષિ-મહેસૂલ પર વધારે આધારિત હતી. એવી પરિસ્થિતિમાં મહેસૂલ અને તેના સંબંધિત વિવરણોના દફતરી કામ કરવા માટે કાયસ્થોની ભૂમિકા મહત્ત્વની થઈ હતી. કાયસ્થોનો પ્રભાવ વધવાથી બ્રાહ્મણોનો પ્રભાવ ઓછો થયો. જ્ઞાનના ક્ષેત્રે બ્રાહ્મણોનું વર્ચસ્વ હતો. પરંતુ કાયસ્થોએ જ્ઞાનના આ ક્ષેત્રમાં ગણિત અને દસ્તાવેજીકરણના મુદ્દા પર બ્રાહ્મણોની જેમ જ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું.

### 4.3.3 સ્ત્રીઓની દશા

રાજપૂત કાલમાં સ્ત્રીઓની દશા પહેલા કરતા વધારે ખરાબ થઈ હતી. સમાજમાં હવે પુરુષના વર્ચસ્વમાં વૃદ્ધિ થઈ અને પરિવારમાં પણ પુરુષનો વર્ચસ્વ વધ્યું. એટલે સ્ત્રીની શિક્ષા, તેમના અધિકારો, તેમની સામાજિક સ્થિતિમાં નિરંતર ઘટાડો જોવા મળે છે. આ યુગમાં સ્ત્રીઓના સંપત્તિના અધિકારોમાં વૃદ્ધિ જોવા મળે છે પરંતુ તેમની સ્થિતિ વધારે ખરાબ થઈ. આ યુગના સાહિત્યમાં કન્યા જન્મ પર દુખ અને પુત્ર જન્મ પર હર્ષ પ્રકટ કરવામાં આવ્યો છે. આ યુગમાં બાલ-લગ્નની પ્રથા વધારે મજબૂતથઈ. આ યુગની સ્મૃતિઓના અનુસાર સ્ત્રીના લગ્નની વય ૮ થી ૧૦ વર્ષ ની હોવી જોઈએ. આઠ વર્ષની વયમાં તેમને ગૌરી અને દસ વર્ષની વયમાં તેમને કન્યા કહેવામાં આવતું હતું. વિધવા-વિવાહ અથવા તો પુનર્લગ્નને ખરાબ ગણવામાં આવતું હતું. આદિપુરાણ અને લઘુઆશ્વલાયન સ્મૃતિમાં વિધવા-વિવાહને નિષેધ ગણવામાં આવ્યું છે. વિધવાઓ માટે કઠોર નિયમો હતા. આ યુગમાં સતી-પ્રથામાં વધારો જોવા મળે છે. વિધવાઓની ખરાબ સ્થિતિ, વિધવા-વિવાહ નિષેધ, સંપત્તિમાં સ્ત્રીઓના અધિકારો સંબંધી સમસ્યાઓ વગેરેના લીધે સતી-પ્રથામાં વધારો જોવા મળે છે. બાણભટ્ટ અને મેધાતિથિ સતી-પ્રથાનો વિરોધ કરે છે પરંતુ અંગિરસ, હારીતિ જેવી સ્મૃતિઓમાં સતી-પ્રથાની પ્રશંસા કરવામાં આવી છે.

સ્ત્રીઓના બાહ્યજીવન પર કેટલાંક પ્રતિબંધો આ યુગમાં જોવા મળે છે. સામન્તી વ્યવસ્થાના કારણે ઉત્પન્ન બંધ અર્થવ્યવસ્થા અને બંધ-સામાજિક વ્યવસ્થાના કારણે સ્ત્રીઓની દશા વધારે વિપરીત બને છે.

### 4.3.4 દાસ પ્રથા

રાજપૂત કાલમાં દાસપ્રથાના ઉલ્લેખો જોવા મળે છે. ધર્મશાસ્ત્રો, જૈન અને બૌદ્ધ ગ્રન્થો, અભિલેખો, વિદેશી યાત્રીઓના વિવરણોમાં આ યુગમાં દાસોની સ્થિતિ અંગે જાણવા મળે છે. મિતાક્ષરામાં ૧૫ પ્રકારના દાસોનો ઉલ્લેખ છે. આર્થિક ઋણ પણ દાસ-પ્રથા માટે જવાબાદાર સ્થિતિ હતી. પ્રબન્ધચિન્તામણીમાં દાસપ્રથા અંગેની કથાઓ છે. દાસ-વૈપારના ઉલ્લેખો પણ કેટલાંક ગ્રન્થોમાં મળે છે. દરિયાઈ વેપારમાં દાસોના વેપારનો ઉલ્લેખ પણ છે. ધાર્મિક સ્થળોમાં દાસ દાન સ્વરૂપમાં આપવામાં આવતા હતા. ઘરેલું કાર્યો માટે પણ દાસો રાખવામાં આવતા હતા. પરંતુ ભૂ-સ્વામિઓ દ્વારા કૃષિ કાર્ય માટે વધારે દાસ રાખવાનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. પરંતુ અન્ય દેશોમાં પ્રચલિત દાસ-પ્રથાની તુલનામાં ભારતમાં દાસ-પ્રથામાં દાસોની સ્થિતિ સારી હતી. દાસત્વથી મુક્તિના પણ કેટલાંક નિયમો હતા જે નારદ સ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં જોવા મળે છે.

## 4.4 રાજપૂત શાસન કાલ દરમિયાન આર્થિક સ્થિતિ

રાજપૂત કાલમાં થયેલ આર્થિક પરિવર્તનોને સ્વતંત્ર રીતે જોઈ શકાય એમ નથી. હર્ષવર્ધનનાં મૃત્યુ પછી ઊભી થયેલ રાજકીય પરિસ્થિતિની પણ આર્થિક પરિવર્તનોમાં મહત્ત્વની ભૂમિકા છે. રાજપૂત કાળ દરમિયાનની આર્થિક સ્થિતિને નીચે મુજબ જોઈ શકાય છે.

### 4.4.1 કૃષિ-પશુપાલન

રાજપૂત કાલમાં અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર કૃષિ હતો. કૃષિ કાર્ય મુખ્યત્વે શૂદ્રોનું કાર્ય હતું. બ્રાહ્મણો અને ક્ષત્રીયો તો પહેલાથી જ કૃષિ કાર્યકરતા ન હતા પરંતુ આ યુગમાં વૈશ્યો પણ કૃષિ કાર્ય ઓછો કરવા મંડ્યા અને વેપાર-વ્યવસાય વધારે કરવાનું શરૂ કર્યું હતું. તેનાથી કૃષિનો ભાર વધારે શૂદ્ર વર્ણ ઉપર જ હતો. કૃષિની સ્થિતિ આ યુગમાં સારી હતી. જમીનની સારી ઉત્પાદકતાનાં પ્રમાણો મળે છે. ઉત્પાદકતાના આધારે જમીન વર્ગીકૃત હતી. વાહીત, અકૃષ્ટ, ઊસર કૃષિ ભૂમિના પ્રકારો હતા. કૃષિમાં ખાતરના રૂપમાં છાણનો પ્રયોગ કરવાના ઉલ્લેખો પણ મળે છે. કૃષિના ઉપકરણોમાં લોખંડનો ઉપયોગ થતો હતો. અન્ય ઉપકરણોમાં હળ, પાવડો, દાંતરડી વગેરે વધારે ઉપયોગમાં આવતા હતા. કૃષિ માટે સિંચાઈની સગવડ઼ોનો વિશેષ ધ્યાન રાખવામાં આવતું હતું. સિંચાઈ માટે તળાવો, નહરો, વાવ વગેરેના નિર્માણના ઘણા બધા ઉલ્લેખો મળે છે. રાજતરંગિણીમાં ઝેલમ નદી પર ડેમ બનાવવા માટેના કર્મચારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરમાર શાસક મુંજે મુંજ સાગરનું નિર્માણ કરાવ્યું હતું. સિંચાઈ માટે સગવડો કરવાનો કાર્ય રાજાનું પ્રમુખ કર્તવ્ય ગણાતું હતું. સામન્તી વ્યવસ્થાના લીધે કૃષકોની સ્થિતિ વિશે ઈતિહાસકારોમાં મતભેદ

*છે. છતા ભૂમિની ફળદ્રુપતા અને સિંચાઈની સગવડોના કારણે કૃષિકર્મીઓમાં સંતોષ જોવા મળે છે.*

**4.4.2 ઉદ્યોગ**

*રાજપૂત કાલમાં શિલ્પ ઉદ્યોગોનો સ્થાનિક સ્તર પર વિકાસ જોવા મળે છે. આ યુગમાં થયેલ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વર્ધકિ, કર્માર, સ્વર્ણકાર, ચર્મકાર, તન્તુવાય, દન્તકાર, મણિકાર, ગન્ધિક વગેરેનો ઉલ્લેખ થયો છે. ઉદ્યોગો મુખ્યત્વે વેશ્યોના હાથમાં હતા પરંતુ શિલ્પનો કામ મુખ્યત્વે શૂદ્રોનો હતો. આ યુગમાં મુખ્યત્ત્વે વસ્ત્ર ઉદ્યોગ અને ધાતુ ઉદ્યોગ પ્રમુખ હતા. વસ્ત્ર ઉદ્યોગમાં સૂતી અને રેશન મુખ્ય હતા. રાજપૂત કાળમાં મુલ્તાન, અણહિલવાડ઼ , માલવા, ભૃગુકચ્છ, મદુરૈ, કલિંગ વસ્ત્ર ઉદ્યોગના પ્રમુખ કેંદ્રો હતા. ધાતુ ઉદ્યોગમાં તામ્ર, કાંસ્ય, પિત્તળનાં વાસણો, મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. લોખંડના હથિયારોનો ઉદ્યોગ પણ વિકસિત હતો.અલ્બેરૂની સ્ટીલના બનેલા અસ્ત્રો અને કવચનો ઉલ્લેખ કરે છે. સુવર્ણ અને ચાંદીની મૂર્તિઓનો ઉદ્યોગ પણ વિકસિત હતો. સામાન્ય જનતા માટે અને દૈનિક કાર્યો માટે ઉપયોગમાં આવતી વસ્તુઓના નિર્માણનો ઉદ્યોગ પણ વિકસિત હતો.*

**4.4.3 વેપાર**

*રાજપૂત કાલમાં સામન્તી વ્યવસ્થાના કારણે સ્થાનિક અર્થવ્યવસ્થા અને અધિશેષ પર સામન્તોના અધિકારના કારણે એમ મનાય છે કે વેપાર-વાણિજયમાં ઘટાડો થયો હતો. પરંતુ સાહિત્યિક સ્રતો અને અભિલેખોથી જાણવા મળે છે કે વૈપાર-વાણિજ્ય પ્રગતિ પર હતો. રાજ્યોના વચ્ચે દૈનિક જરૂરિયાતની વસ્તુઓ, ઉચ્ચ વર્ગ માટે વિલાસની વસ્તુઓ, શિલ્પ ઉદ્યોગ માટેનો કાચો માલ વગેરેનો વેપાર થતો હતો. વેપારી માટે વ્યવહારક શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. બંગાળથી મલમલ, પાન, સુપારી વગેરે દેશના બીજા વિસ્તારોમાં જતા હતા. એવી જ રીતે માળવાથી અફીણનો વૈપાર થતો હતો. દ્વારકાથી શંખ અને છીપનો વેપાર થતો હતો. પશ્ચિમી દરિયાઈ તટ પર ખંભાત, ભૃગુકચ્છ અને સોમનાથ મુખ્ય બંદરો હતા. એવી જ રીતે પૂર્વી તટ પર તામ્રલિપ્રી મુખ્ય બંદર હતા. ભારતના વિવિધ વિસ્તારોમાં થયેલ કાચા માલ અને અન્ય ઉત્પાદિત વસ્તુઓ વિદેશના વૈપાર માટે આ બંદરો પર આવતી હતી અને ત્યાંથી વિદેશમાં વેપાર થતો હતો. વિદેશથી પણ આ બંદરો પર વસ્તુઓ આવતી હતી અને પછી દેશના વિવિધ વિસ્તારોના બાજારોમાં લઈ જવામાં આવતી હતી. વેપારીઓના સમૂહ અને સમ્મેલનોનો ઉલ્લેખ પણ અભિલેખોમાં જોવા મળે છે. આહાર અભિલેખમાં એવા જ એક સમ્મેલનનો ઉલ્લેખ છે. ભારતનો વિદેશી વ્યાપાર મુખ્યત્વે ચીન અને પશ્ચિમી એશિયા સાથે થયો હતો. આરબો સાથેનાં સંપર્કના લીધે ભારતના પશ્ચિમ એશિયા સાથેના વૈપારમાં પ્રગતિ થઈ હતી. વિદેશી વેપારમાં સૌથી મહત્ત્વનો ફાળો ગુજરાત, બંગાળ અને દક્ષિણી રાજ્યોનો હતો.*

**4.4.4 વ્યાપારીક માર્ગ**

પૂર્વ મધ્યકાલમાં ભારતનાં નગરો નાના મોટા રાજમાર્ગોથી જોડાયેલા હતા. અલ્બેરૂની ભારતના વેપારીક માર્ગોની વિસ્તારથી ચર્ચા કરે છે. રાજપૂત કાળમાં કન્નૌજ ઉત્તર ભારતમાં રાજકીય ઘટનાઓનું જ નહીં પણ વેપાર માટે પણ કેંદ્ર સ્થળ હતું. કન્નૌજથી લગભગ દરેક દિશાઓમાં વેપારિક માર્ગો જતા હતા. કન્નૌજથી તામ્રલિપ્ત થઈ કાંચી સુધી, કન્નૌજથી નેપાલ અને તિબેટ સુધીનો માર્ગ, કન્નૌજથી પશ્ચિમમાં કાબુલ અને ગજની સુધીનો માર્ગ પ્રમુખ વેપારિક માર્ગો હતા. મધ્ય ભારતમાં પ્રમુખ નગરી ધાર હતી. ત્યાંથી ગુજરાત અને બંગાળના બંદરો સુધી માર્ગો જતા હતા. આંતરરાજ્ય વેપાર માટેના માર્ગોની સુરક્ષાની જવાબદારી સંબંધિત રાજ્યોની હતી. આ વેપારી માર્ગોની સુરક્ષા કરનાર રાજ્યો માર્ગ કર પણ લેતા હતા અને તેને સમારકામ પણ કરાવતા હતા.

### 4.4.5 શ્રેણી સંગઠન

શ્રેણીનો સંબંધ ઉત્પાદકો અને વ્યવસાયિકોના સમૂહથી છે. ઉત્પાદન અને વ્યવસાય જેવી આર્થિક ગતિવિધિઓમાં સંકળાએલા લોકોના પોતાના વ્યવસાયના વિકાસ અને સુરક્ષા માટે સમૂહોની રચના કરતા હતા. સૌથી પહેલા શ્રેણીનો ઉલ્લેખ ઉત્તર વૈદિક યુગમાં મળે છે. અક જ વ્યવસાય કરનાર લોકોના સંગઠનને શ્રેણી કહેવામાં આવતું હતું. ગુપ્તકાલ સુધી શ્રેણીઓના સંગઠનોનો પર્યાપ્ત વિકાસ થયો હતો. પરંતુ પૂર્વ મધ્યકાલમાં સામન્તવાદના વિકાસ અને મુસ્લિમ આક્રમણોના કારણે ઉત્તર ભારતમાં શ્રેણીઓનું મહત્ત્વ ઓછું થયું હતું. આ યુગમા અધિશેષ પર સામન્તોનો અને ધાર્મિક સ્થળોનો અધિકાર વધારે થયો એટલે શ્રેણિઓનો મહત્ત્વ ઓછો થયો. ઉત્પાદકોની પણ શ્રેણીઓનો ઉલ્લેખ મળે છે.શ્રેણીઓનું મુખ્ય કાર્ય બજાર પર નિયંત્રણ, વસ્તુઓના ક્રય-વિક્રયની વ્યવસ્થા, વ્યાજ પર ધનની વ્યવસ્થા વગેરે હતા. શ્રેણીઓ બેંકનું પણ કામ કરતી હતી.

## 4.5 રાજપૂત શાસન કાલ દરમિયાન ધાર્મિક સ્થિતિ

રાજપૂત કાલમાં બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ધર્મ પ્રમુખ ધર્મો હતા. આ યુગમાં ધાર્મિક સ્વતંત્રતા હતી. આ યુગની ધાર્મિક સ્થિતિમાં સૌથી મહત્ત્વની બાબત મંદિરોનું નિર્માણ હતું. બ્રાહ્મણ ધર્મમાં પણ વૈષ્ણવ, જૈન, શાક્ત જેવા સંપ્રદાયોનો પર્યાપ્ત વિકાસ થયો. તાંત્રિક ધર્મનો પણ પ્રભાવ વધ્યો. રાજપૂત કાળની ધાર્મિક સ્થિતિ નીચે મુજબ હતી.

### 4.5.1 બ્રાહ્મણ ધર્મ

બ્રાહ્મણ ધર્મના પ્રમુખ દેવો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ હતા. પરંતુ આ યુગમાં તેના સિવાય પણ કેટલાંક નામો ઉલ્લેખનીય છે જેમાં સૂર્ય, વિનાયક, કાર્તિકેય, ઈંદ્ર, અગ્નિ, યમ, વરુણ આદિ. શક્તિના રૂપમાં દેવીઓની પૂજા કરવામાં આવતી હતી. આ યુગમાં બ્રાહ્મણ ધર્મમાં મુખ્યત્વે વૈષ્ણવ, શૈવ અને શાક્ત સંપ્રદાયો પ્રમુખ હતા. કુમારિલભટ્ટ અને શંકરાચાર્યના પ્રયત્નોથી આ ધર્મનો પ્રચાર-પ્રસાર સંપૂર્ણ ભારતમાં થયો. કુમારિલના વૈદિક

*કર્મકાંડ, શંકરાચાર્યના અદ્વૈતવાદ અને રામાનુજના વિશિષ્ટદ્વૈતવાદનું યોગદાન બ્રાહ્મણ ધર્મની દાર્શનિક વ્યાખ્યા અને તેના વિકાસ માટે મહત્ત્વનું હતું.*

**4.5.2 વૈષ્ણવ**

*ત્રણ પ્રમુખ દેવોમાં વિષ્ણુ અને તેના અવતારોને માનનાર સંપ્રદાય વૈષ્ણવ સંપ્રદાય હતો. ગુપ્તયુગમાં વૈષ્ણવ સંપ્રદાયનો પર્યાપ્ત વિકાસ થયો હતો. આ યુગમાં અવતારવાદના સિદ્ધાન્તનો વિકાસ થયો હતો. જેમાં માનવામાં આવતું હતું કે વિષ્ણુ દુષ્ટોના નાશ માટે અવતાર લે છે અને ભક્તોને બચાવે છે. વિષ્ણુના અવતારોમાં વરાહ, કૃષ્ણ, રામ સૌથી લોકપ્રિય હતા. વિષ્ણુના વાસુદેવ, ચક્રધર, ગોવિન્દ, નારાયણ, ગદાધર, માધવ, જનાર્દન વગેરે નામો હતા. રાજપૂત કાળના અનેક રાજવંશો વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતાં. ઉત્તર ભારતના બંગાલના સેન વંશ, ગૂર્જર-પ્રતિહારો, ચૌહાણ વંશના કેટલાંક શાસકો વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતા. દક્ષિણ ભારતમાં વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ આલવાર કહેવાતા હતાં. તિરૂમંગાઈ, પેરિય અલવાર અંદાલ આ સંપ્રદાયના પ્રમુખ સંતો હતા. દક્ષિણ ભારતમાં બનાવવામાં આવેલ વૈષ્ણવ મંદિર આ સંપ્રદાયના વિકાસના પ્રતીક છે.*

**4.5.3 શૈવ**

*ભગવાન શિવથી સંબંધિત સંપ્રદાય શૈવ કહેવાતા હતા.રાજપૂત કાલમાં ઘણા બધા વંશના શાસકો શૈવ હતા. શંભુ, મહાદેવ, પશુપતિ, શૂલપણિ, મહેશ્વર, પિનાકિન , ત્રિપુરાંતક વગેરે શિવનાં નામો હતાં. બનારસ શૈવ સંપ્રદાયનું પ્રમુખ કેન્દ્ર હતું. ત્યાં શિવ મંદિરોનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. શૈવ સંપ્રદાય હિંદુ ધર્મના બીજા સંપ્રદાયો કરતા વધારે પ્રસિદ્ધ હતો. શૈવ લોકો સંધ્યા, પૂજા, જપ, પ્રાણાયામ, મનન, સમાધિ, તપ અને પ્રાયશ્ચિત જેવી પ્રવૃત્તિને મહત્ત્વ આપતા હતા. શૈવ સંપ્રદાયના પણ કેટલાંક પેટા સંપ્રદાયો હતા. પાશુપત જમાં મુખ્ય હતો. લકુલીશ પાશુપત સંપ્રદાયનો પ્રવર્તક હતો.શૈવોના બીજા અન્ય સંપ્રદાયોમાં કાપાલિક અને કાલમુખ પ્રમુખ હતા. જે વિવિધ તાંત્રિક ક્રિયાઓમાં માનતા હતા અને તેનું પાલન કરતા હતા. દક્ષિણ ભારતમાં વૈષ્ણવ આલવારોની જેમ જ શૈવ સંપ્રદાયના અનુયાયીઓને નયનાર કહેવામાં આવતું હતું. નયનારોના પ્રમુખ સંત અપ્પાર, નાન સબંદર અને સુંદર મૂર્તિ હતા. દક્ષિણમાં શૈવ સંપ્રદાયમાં જ વીર શૈવ મતનો ઉદ્દભવ આ યુગમાં થયો હતો, જેના પ્રવર્તક વાસવરાજ હતા. વીર શૈવ મતના અનુયાયીઓને લિંગાયત કહેવામાં આવતું હતું.*

**4.5.4 શાક્ત**

*શક્તિને ઈષ્ટદેવી માનનાર અને તેમની પૂજા કરનાર લોકોના સંપ્રદાયને શાક્ત સંપ્રદાય કહેવામાં આવે છે. શાક્ત સંપ્રદાયનો શૈવ સંપ્રદાય સાથે નજીકનો સંબંધ છે. રાજપૂત કાળમાં શાક્ત પૂજા વધારે લોકપ્રિય થઈ. આ યુગમાં દેવીના અધિકાંશ મંદિરોનો નિર્માણ આ યુગમાં થયો હતો. જબલપુર નજીક ભેડાઘાટમાં ચોસઠ યોગિની મંદિર છે.*

ખજૂરાહો અને સંભલપુર, કાલાહાંડી અને લલિતપુરમાં પણ ચોસઠ યોગિની મંદિર છે. આદિવાસીઓમાં પણ શાક્ત પૂજાનું પ્રચલન હતું. શબરી, પર્ણેશ્વરી, વિન્ધ્યવાસિની, શાકમ્ભરી, ગૌરી, પાર્વતી, દુર્ગા, ઉમા, ભૈરવી, કાલી, ચંડિકા વગેરે નામ શક્તિ સ્વરૂપા દેવીઓના હતા જે આ યુગમાં પ્રચલનમાં હતા.

### 4.5.5 જૈન ધર્મ

રાજપૂત કાળમાં સંપૂર્ણ ઉત્તર ભારતમાં જૈન ધર્મનો પ્રભાવ ન હતો પરંતુ પશ્ચિમ ભારતમાં રાજસ્થાન, માલવા અને ગુજરાતના રાજવંશોએ જૈન ધર્મને સંરક્ષણ આપ્યું હતું. આ સમયમાં રાજસ્થાનમાં અનેક જૈન મંદિરોનું નિર્માણ થયું. ઓસિયાઁ, મંડોર, આબુ વગેરેમાં બનેલાં જૈન મંદિરો મહત્ત્વના છે. જૈન ધર્મને સૌથી વધારે પ્રોત્સાહન ગુજરાતના ચાલુક્ય નરેશ કુમારપાળના સમયમાં મળ્યું હતું. આ સમયમાં જૈન ધર્મમાં મૂર્તિપૂજા અને મંદિરોનું પ્રચલન શરૂ થયું. આ યુગમાં જૈન ધર્મના વિકાસ માટે જૈન આચાર્ય હરિભદ્ર સૂરિનું યોગદાન મહત્ત્વનું છે. દક્ષિણ ભારતમાં પણ જૈન ધર્મનો પર્યાપ્ત વિકાસ થયો હતો. રાષ્ટ્રકૂટ નરેશ અમોઘવર્ષ જૈન ધર્મનો અનુયાયી હતો. રાષ્ટ્રકૂટો પછી દક્ષિણમાં આલવાર અને નયનારોના પ્રભાવના કારણે જૈન ધર્મનો પ્રભાવ ઘટ્યો પરંતુ પશ્ચિમી ચાલુક્યો અને હોયસલો જૈન ધર્મના સંરક્ષક હતા.

### 4.5.6 બૌદ્ધ ધર્મ

રાજપૂત કાલ બૌદ્ધ ધર્મ માટે પતનનો કાળ હતો. હર્ષવર્ધન પછી બૌદ્ધ ધર્મમાં નિરંતર હ્રાસ જોવા મળે છે. હૂણોના અને મુસ્લિમ આક્રમણોના કારણે મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમમાં બૌદ્ધ ધર્મને નુકસાન થયું હતું. કુમારિલભટ્ટ અને શંકરાચાર્યના બ્રાહ્મણ ધર્મના પુનરુત્થાન માટેના પ્રયત્નો, દક્ષિણમાં આલવાર અને નયનાર સંપ્રદાયના પ્રભાવના કારણસર પણ બૌદ્ધ ધર્મનો હ્રાસ આ યુગમાં જોવા મળે છે. આ યુગમાં બૌદ્ધ ધર્મના વજ્રયાન સંપ્રદાયનો ઉદય થયો હતો જેમાં તંત્રની પ્રધાનતા અને હઠયોગનું વધારે મહત્ત્વ હતું. એને સહજયાન પણ કહેવામાં આવતું હતું. બૌદ્ધ ધર્મના આ તાંત્રિક સ્વરૂપના ઉદય અને વિકાસના કારણે બૌદ્ધોના પતન વધારે તીવ્ર ગતિથી થયો. રાજપૂત કાલમાં બૌદ્ધ ધર્મને સૌથી વધારે સંરક્ષણ બંગાલના પાલ શાસકોના સમયમાં મળ્યો હતો.

- **તમારી જાતે ચકાસો**

1. ભારતીય ઈતિહાસના કાલ વિભાજનમાં પ્રાચીન અને મધ્યકાલના નિર્ધારણ અંગેની ઈતિહાસકારોની ચર્ચાઓને તપાસો.
2. ભારતીય ઈતિહાસમાં સામન્તીયુગની અવધારણા અંગેની વિવિધ ચર્ચાઓને તપાસો.
3. રાજૂપત યુગ દરમિયાન થયેલ સામાજિક પરિવર્તનોની આર્થિક ભૂમિકાને તપાસો.

- **સ્વાધ્યાય**

1. રાજૂપતકાલ દરમિયાન વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિ-વ્યવસ્થા અંગે માહિતી આપો.
2. રાજપૂત કાલ દરમિયાન શિક્ષણના વિકાસ અંગે ચર્ચા કરો.

3. *રાજપૂત કાલ દરમિયાન થયેલ વેપારીક વિકાસ અને શ્રેણી સંગઠનોની ચર્ચા કરો.*
4. *રાજૂપત કાલ દરમિયાન જૈન અને બૌદ્ધ ધર્મની સ્થિતિ અંગે ચર્ચા કરો.*
5. *રાજપૂત કાલ દરમિયાન વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોની ચર્ચા કરો.*

## 4.6 સારાંશ

*ભારતીય ઈતિહાસમાં જે યુગને રાજપૂત યુગ તરીકે ઓળખવામાં આવે છે તે યુગ રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોમાં પરિવર્તનનો યુગ રહેલો છે. રાજકીય વિકેન્દ્રીકરણ યુગમાં પરિવર્તિત આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં કેટલીક નવીન અવધારણાઓનો વિકાસ થયો. સામ્રાજ્યોનાં પતન, નવીન રાજ્યોનાં ઉદય અને ભૂ-અનુદાનમાં વૃદ્ધિના કારણે સમાજમાં એક નવા સામન્ત વર્ગનો ઉદ્ભવ થયો. આ વર્ગના ઉદ્ભવના પરિમાણ સ્વરૂપ સંપૂર્ણ સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિમાં વ્યાપક પરિવર્તન જોવાં મળે છે. સમાજમાં વર્ણવ્યવસ્થાનું પ્રચલન તો હતું પરંતુ હવે તેમાં વ્યાપક પરિવર્તનો જોવાં મળે છે. અનુલોમ-પ્રતિલોમ લગ્નો, વિદેશી આક્રમણો, વિભિન્ન નવીન વ્યવસાયો આદિના લીધે જ્ઞાતિ પ્રથા હવે એક નવી સામાજિક સ્થિતિના સ્વરૂપમાં જોવાં મળે છે. આર્થિક સ્થિતમાં કૃષિમાં મુખ્ય વ્યવસાય હતો. ફળદ્રુપ જમીનના કારણસર કૃષિકાર્ય કરનારની સ્થિતિ કઈંક સુધરેલી હતી. આર્થિક સ્થિતમાં વૈપાર-વાણિજ્ય સામાન્ય સ્તરે હતો. વેપારિક માર્ગો દેશના વિવિધ નગરોને જોડતા હતા અને તેના લીધે આર્થિક ગતિવિધિઓ ચલિત અવસ્થામાં હતી. શ્રેણી સંગઠનો પૂર્વકાળની જેમ વિકસિત ન હતા પરંતુ વ્યવસાયિક ગતિવિધિઓમાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી. રાજપૂતકાળ દરમિયાન બ્રાહ્મણ ધર્મનું પુનરુત્થાન થયું હતું. બ્રાહ્મણ ધર્મના આ પુનરોદયમાં તેમા નવીન સંપ્રદાયોનો વિકાસ ઉત્તર અને દક્ષિણ ભારતમાં થતો. મંદિરોનો વિકાસ આ યુગની સૌથી પ્રમુખ ધાર્મિક બાબત હતી. બૌદ્ધ ધર્મનો હ્રાસ અને જૈન ધર્મની પ્રગતિ આ યુગમાં મહત્ત્વની ધાર્મિક બાબત ગણી શકાય.*

## 4.7 શબ્દાવલી

1. *માર્ક્સવાદી ઈતિહાસકાર – જર્મન વિચારક કાર્લ માર્ક્સના વિચારોના આધારે ઈતિહાસની વ્યાખ્યા કરનાર ઈતિહાસકારો.*
2. *વાહીત – વાવેતર કરેલી જમીન*
3. *અકૃષ્ટ – એવી જમીન કે જેમાં કોઈ કૃષિ થઈ નથી.*
4. *વજ્રયાન – બૌદ્ધ ધર્મનો એક સંપ્રદાય*

## 4.8 સંદર્ભ સૂચિ

1. *પાણ્ડેય વિમલચંદ્ર, પ્રાચીન ભારત કા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-2, સેંટ્રલ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ,* 2001 (*પંચમ સંશોધિત સંસ્કરણ*)

2. *મજૂમદાર રમેશચન્દ્ર, પ્રાચીન ભારત, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1995
3. *ત્રિપાઠી, રમાશંકર, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, દિલ્હી,* 1971 (*છઠા સંસ્કરણ)*
4. *શ્રીવાસ્તવ કે.સી., પ્રાચીન ભારત કા ઈતિહાસ તથા સંસ્કૃતિ,* 1990.
5. *ભટ્ટાચાર્ય સચ્ચિદાનન્દ, ભારતીય ઈતિહાસ કોશ, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ,* 2004 (*ચતુર્થ સંસ્કરણ)*
6. *ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગેઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001.
7. *દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહદ્ ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ,* 2004.
8. *શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના,* 1972.
9. *ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર,* 2011
10. *લુણિયા બી.એન., પૂર્વ મધ્યકાલીન ભારત કા રાજનીતિક એવં સાંસ્કૃતિક ઈતિહાસ, કમલ પ્રકાશન, ઈન્દૌર,* 1975 (*દ્વિતીય સંસ્કરણ)*
11. *શર્મા રામશરણ, પ્રારંભિક ભારત કા આર્થિક ઔર સામાજિક ઈતિહાસ, હિંદી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય દિલ્હી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્હી,* 2008 (*તૃતીય સંશોધિત સંસ્કરણ)*
12. *શર્મા રામશરણ, ભારતીય ઈતિહાસ એક પુનર્વિચાર, હિંદી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્હી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્હી,* 2011.
13. *શ્રીવાસ્તવ પંકજ લતા, પ્રાચીન ભારત, એક્સી*

| એકમ – 5 | દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની ભારતની રાજકીય સ્થિતિ |
|---|---|

રૂપરેખા :


5.0 ઉદ્દેશ્યો

5.1 પ્રસ્તાવના

5.2 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ભારતમાં થયેલ મુસ્લિમ આક્રમણો

5.2.1 આરબ આક્રમણ

5.2.2 મહમદ ગઝનીના આક્રમણ

5.2.3મહમ્મદ ઘોરીના આક્રમણ

5.3 દિલ્હી સલ્તનતની સ્થાપના ભારતના પ્રમુખ રાજ્યો

5.3.1 કાશ્મીર

5.3.2પંજાબ

5.3.3 સિંધ અને મુલ્તાન

5.3.4 દિલ્હી અને અજમેર

5.3.5 કન્નૌજ

5.3.6 જેજાકભુક્તિ

5.3.7 ત્રિપુરી

5.3.8 ગ્વાલિયર

5.3.9 નાડોલ અને જાલોર

5.3.10 મેવાડ઼

5.3.11ગુજરાત

5.3.12 માળવા

5.3.13બંગાળ

5.3.14બયાના

5.3.15કલિંગ

5.4 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ દક્ષિણ ભારતના પ્રમુખ રાજ્યો

5.4.1 ચાલુક્ય

5.4.2 દેવ ગિરિના યાદવ

5.4.3 બનવાસી

5.4.4 વારંગલ

5.4.5 દ્વારસમુદ્ર
5.4.6 મદુરૈ
5.4.7તંજૌર
5.4.8 શિલાહાર વંશ
5.4.9 ચેર
• તમારી જાતે ચકાસો
5.5 સારાંશ
5.6 શબ્દાવલી
5.7 સંદર્ભ સૂચિ

## 5.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વે ભારતની રાજકીય સ્થિતિ અંગેનો અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે –*

- *દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ભારતમાં થયેલ વિદેશી આક્રમણો અંગે માહિતગાર થશે.*
- *દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ઉત્તર ભારતની રાજકીય સ્થિતિ અંગે માહિતગાર થશે.*
- *દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિ અંગે માહિતગાર થશે.*

## 5.1 પ્રસ્તાવના

*ભારતીય ઈતિહાસમાં દિલ્હી સલ્તનતની સ્થાપના એક મહત્વપૂર્ણ ઘટના હતી. પ્રાચીન કાલમાં પણ વિદેશી આક્રમણો થયા હતા અન વિદેશિઓએ પોતાની સત્તાઓની સ્થાપના કરી હતી. કુષાણો, શકો, હિન્દ-યુનાની શાસકો, હિન્દ-પહ્લવ શાસકોએ પશ્ચિમી વિસ્તારથી પ્રવેશ્યા અને પોતાની સત્તાઓનો પ્રસાર પૂર્વી ભારત સુધી કર્યો. ભારતમાં આઠમી સદીના પ્રારમ્ભથી આરબોના આક્રમણ શરૂ થયા. શરૂઆતમાં સિંન્ધ અને પંજાબમાં અને પછી આગળ વધીને ઉત્તર ભારતના રાજ્યો પર પણ આ આક્રમણોની અસર થઈ. અગિયારમી સદીની શરૂઆતમાં તુર્કોના આક્રમણો શરૂ થયા. મહમ્મદ ગઝનીએ તો લગભગ દરેક વર્ષે ભારત પર આક્રમણ કરતો હતો. તેણે ઉત્તરમાં કન્નૌજ સુધી આક્રમણઓ કર્યા. આરબોના આક્રમણો અને તુર્કોના આક્રમણોમાં ફેર દેખાય છે. આરબોના આક્રમણોનું જે પ્રતિરોધ થયું તે છેલ્લે તે સફળ રહ્યું હતું પરંતુ તુર્કોનું પ્રતિરોધ છેલ્લે અસફળ રહ્યું અને ભારતમાં તુર્કોની સત્તાનો પ્રારંભ થયો. આ અધ્યાયમાં આરબ અને તુર્કી આક્રમણો અંગે ટુંકમાં જણાવીને દસમીથી બારમી સદી સુધી ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવશે. ખાસ કરીને આ સમય દરમિયાન*

*ઉત્તર અને દક્ષિણ ભારતમાં જે રાજ્યો અસ્તિત્વમાં હતા તેમણો પરિચય આપવામાં આવશે.*

## 5.2 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ ભારતમાં થયેલ મુસ્લિમ આક્રમણો

*દિલ્હીમાં તુર્કી સલ્તનતની સ્થાપના ઈ.સ. ૧૨૦૬માં થઈ હતી. પરંતુ ભારતમાં પશ્ચિમ તરફથી થયેલ મુસ્લિમ આક્રમણોની શરૂઆત સાતમી સદીથી થઈ ગઈ હતી. સર્વપ્રથમ આરબ શાસકો દ્વારા આક્રમણો થયા અને સિન્ધ,પંજાબ સુધી તેઓ સફળ પણ થયા હતા પરંતુ અંતે તેમનો રાજ્ય સ્થાપી નથી શક્યા. તેના પછી દસમી સદીના અંતમાં ભારતમાં તુર્કી શાસકોના આક્રમણ શરૂ થયા જેમણે પરિણામે તેરમી સદીની શુરૂઆતમાં દિલ્હીમાં સલ્તનતની સ્થાપના થઈ.*

### 5.2.1 આરબ આક્રમણ

*ભારતમાં સર્વપ્રથમ ઈ.સ. ૬૩૬-૩૭માં આરબોએ પશ્ચિમી તટ પર આક્રમણ કર્યું. પરંતુ તેઓ અસફળ રહ્યા અને પરત ફર્યા. આરબ લોકોનો બીજું આક્રમણ ખલીફા ઉસ્માનના સમયમાં ઈ.સ. 644માં આ વખ્તે સ્થળ માર્ગથી થયું. કિરમાન અને સિસ્તાન વિજય કર્યા પછી તેઓ મકરાન તરફ વળ્યા ત્યાં સિંધ અને મકરાનના શાસકોએ વિરોધ કર્યો પણ અસફળ રહ્યા અને આરબોનો વિજય થયો. તેઓ ભારતમા આગળ વધવાના હતા પરંતુ ખલિફાએ તેની મંજુરી આપી નહી એટલે પરત ફર્યા. આરબોનું ત્રીજું આક્રમણ ભારતમાં ઈ.સ. 711માં થયું હતું. ખલિફાની મંજૂરીથી અલહજ્જાજે એક વિશાળ સેના તૈયાર કરી અને સિંધ પર આક્રમણ કરવા માટે સેનાપતિ ઉપેદુલ્લાહના નેતૃત્વમાં સૈના મોકલી. પરંતુ તેમની પરાજય થઈ. અલ હજ્જાજે બીજી વખત બુદૈલના નેતૃત્વમાં સૈના મોકલી પરંતુ સિંધના શાસક દાહિરે આ સેનાને પણ પરાસ્ત કરી અને બુદૈલનો વધ કર્યો. ત્રીજી વખત અલ હજ્જાજે પોતાના ભત્રીજા અને જમાઈ મહમ્મદ બિન કાસિમના નેતૃત્વમાં સિંધ પર આક્રમણ માટે સૈના મોકલી. મહમ્મદ બિન કાસિમ આ અભિયાનમાં સફળ રહ્યો. સૌથી પહેલો તેણે સિંધના દેવલ પર આક્રમણ કર્યું અને દેવલ નગરની લૂંટ કરી. ત્યાર પછી તેઓ નીરૂન પર આક્રમણ કર્યું.જ્યાં રાજા દાહિરનો પુત્ર જયસિંહ હતો. નીરૂન પર પણ કાસિમે અધિકાર જમાવ્યો. ત્યાંથી સેહવાન ગયો જ્યાં દાહિરનો ભાઈ શાસક હતો. કિલ્લો છોડીને ભાગી ગયો અને સેહવાન પર કાસિમનો અધિકાર થઈ ગયો ત્યાંથી કાસિમ સીસમ તરફ આગળ વધ્યો. સીસમના શાસકે કાસિમનો પ્રતિરોધ કર્યો પરંતુ કાસિમે સીસમને પણ વિજય કર્યો. ત્યાર પછી કાસીમ બ્રાહ્મણાબાદ નગર તરફ આગળ વધ્યો ત્યાં રાજા દાહિર પોતાની સૈના આક્રમણ માટે તૈયાર કરી અને રાઓરમાં ઈ.સ. ૭૧૨માં બન્ને સૈનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયો. આ યુદ્ધમાં દાહિરની પરાજય થયો , રાજા દાહિર યુદ્ધમાં માર્યો ગયો અને કાસિમે દાહિરની બે પુત્રીઓને પકડીને ખલીફાને ભેંટ સ્વરૂપ મોકલી દીધી. ત્યાંથી મુલ્તાન તરફ વધ્યો અને મુલ્તાનના પણ પરાજિત કર અધિકાર જમાવ્યો. સિંધ અને મુલ્તાનની વિજય પછી તેમની યોજના કન્નૌજ સુધી જવાની હતી પરંતુ મૃત્યુ*

પામ્યો હતો. કાસિમ પછી સિંધમાં ખલિફા તરફથી જુનૈદ અને તમિન નામક રાજ્યપાલોની નિયુક્તિ કરવામાં આવી હતી. આરબોએ સિંધ પ્રાપ્ત કર્યા પછી પશ્ચિમી ભારતના સૌરાષ્ટ્ર, ગુજરાત, લાટ વગેરે વિસ્તારોમાં આક્રમણો કર્યા. અને પોતાનો પ્રભાવ વિકસિત કરવાના પ્રયાસો કર્યા.પરંતુ તેઓ નિષ્ફળ નિવડ્યા. ખાસ કરીને ચાલુક્ય શાસકો અને ગૂર્જર પ્રતિહાર શાસકોના મજબૂત સૈન્ય અને પ્રતિરોધના લીધે તેમને કોઈ પણ રીતની સફળતા આ વિસ્તારમાં નથી મળી. આઠમી અને નવમી સદીમાં ગૂર્જર-પ્રતિહાર શાસકો સાથે આરબોના નાના-મોટા ઘણા સંઘર્ષો થયા અને આરબોએ સફળતા પ્રાપ્ત કરી શક્યા નથી એટલે આરબોનું શાસન ભારતમાં સ્થાઈત્વ પામી શક્યું નથી.

### 5.2.2 મહમદ ગઝનીના આક્રમણ

અબ્બાસી ખલિફાઓના સમયમાં ઈ.સ. 911માં બુખારામાં સમન-વંશી તુર્કી રાજ્યની સ્થાપના થઈ. આ રાજ્યના પતન કાલ દરમ્યાન ઈ.સ. ૯૬૨માં અફઘાનસ્તાનના ગજનીમાં સમન રાજ્યના એક અધિકારી અલપ્તગીને એક નાના તુર્કી રાજ્યની સ્થાપના કરી. અલપ્તગીનનું મૃત્યુ ઈ.સ. 969માં થયુ. તેમના પછી તેમના બે નિર્બળ ઉત્તરાધિકારીઓ આવ્યા પરંતુ ઈ.સ.677માં તેમના જ એક તુર્કી દાસ સુબુક્તગીને ગજની રાજ્યની સત્તા પોતાના હાથમાં લીધી અને એક નવીન રાજવંશની સ્થાપના કરી. આ સમયમાં ભારતના પંજાબમાં હિન્દુકુશ પર્વતથી ચિનાબ નદી સુધી ઉત્તર-પશ્ચિમ સીમાન્ત ક્ષેત્રમાં હિન્દુશાહી વંશના શાસક જયપાલનો રાજ્ય હતું. તુર્કો સાથે સૌથી પહલો સંઘર્ષ આ જ રાજ્યને કરવો પડ્યો હતો. ઈ.સ. ૯૮૬માં સુબુક્તગીને જયપાલના રાજ્યની સીમાઓ પર આક્રમણ કર્યું.અને કેટલાંક વિસ્તારો પર અધિકાર મેળવી લીધો. જયપાલે એક વિશાળ સેના તૈયારી કરી અને સુબુક્તગીનના ગજની રાજ્ય પર આક્રમણ કર્યો. ભૌગોલિક પરિસ્થિતિના લીધે જયપાલને સફળતા ન મળી. જયપાલ દ્વારા સંધિનો પ્રસ્તાવ મુકવામાં આવ્યું. સુબુક્તગીન સંધિ સ્વીકારી અને પોતાના બે અધિકારિઓને જયપાલના દરબારમાં મોકલ્યા પરંતુ જયપાલે તેઓને કેદ કર્યા. જયપાલના આ કૃત્યના કારણે સુબુક્તગીને જયપાલના રાજ્યની સીમાઓ પર ફરીથી આક્રમણ કરીને સીમાઓ પર અધિકાર મેળવી લીધો. જયપાલે પણ કાલિંજર, કન્નૌજ, અજમેરના શાસકોની સહાયતાથી સુબુક્તગીન પર આક્રમણ કર્યું. પરંતુ તેઓ ફરીથી પરાજિત થયો. સુબુક્તગીનની આ વિજયના લીધે ખૈબર અને પેશાવર પર સુબુક્ગીનનો અધિકાર થઈ ગયો. સુબુક્તગીન પછી ઈ.સ. ૯૯૭માં તેમનો પુત્ર મહમ્મદ ગજનીનો શાસક બન્યો. તેણે ઈ.સ. 1000 થી 1026 સુધી ભારત પર 17 આક્રમણો કર્યા. ઈ.સ. 1000માં જયપાલના રાજ્યના સીમાન્ત ક્ષેત્ર પર આક્રમણ, ઈ.સ. 1001મા જયપાલના રાજ્ય પર આક્રમણ, ઈ.સ. 1003માં ઝેલમ નદીના કિનારે ભેરા પર આક્રમણ, ઈ.સ. 1004-04માં મુલ્તાન પર આક્રમણ, ઈ.સ. 1005માં ભટિંડા પર આક્રમણ, ઈ.સ. 1008માં મુલ્તાન પર બીજું આક્રમણ, ઈ.સ. 1008માં આનંદપાલ પર આક્રમણ અને નાગરકોટની લૂંટ, ઈ.સ 1009માં રાજસ્થાનના અલવર જિલ્લાના નારાયણપુર પર આક્રમણ, ઈ.સ 1010માં મુલ્તાન પર ત્રીજું આક્રમણ, ઈ.સ. 1013-14માં શાહી નરેશ ત્રિલોચનપાલ પર આક્રમણ, ઈ.સ.

1014માં થાનેશ્વર પર આક્રમણ, ઈ.સ. 1015માં કાશ્મીર પર આક્રમણ, ઈ.સ. 1018-19માં મથુરા અને કન્નૌજ પર આક્રમણ, ઈ.સ. 1019માં કલિંજર પર આક્રમણ, ઈ.સ. 1020માં પંજાબ પર આક્રમણ, ઈ.સ. 1022માં ગ્વાલિયર અને કાલિંજર પર આક્રમણ, ઈ.સ. 1025-26માં સોમનાથ પર આક્રમણ અને ઈ.સ. 1027માં જાટ અને ખોખરો પર આક્રમણ. જાટો અને ખોખરો પર આક્રમણ એ મહમ્મદનું ભારત પર છેલ્લું આક્રમણ હતું. મહમ્મદને આ દરેક આક્રમણમાં સફળતા મળી હતી. મહમ્મદ પછી ગજનીનો શાસક મસૂદ બન્યો. તેણે ઈ.સ. 1037માં પંજાબના હાઁસી અને હરીયાણાના સોનીપત પર આક્રમણ કર્યું. મસૂદ સલ્જુક તુર્ક સુલ્તાન તુગરિલબેગથી પરાજિત થયો અને તેણે પંજાબમાં શરણું લીધું. મસૂદ પછી અરસલન, બહરામ અને ખુસરો મલિક ગજનીના સુલ્તાન બન્યા પરંતુ તેઓ પોતાની સત્તાને ટકાવી શક્યા નથી અને ગૌર શાસક ગયાસુદ્દીન બિનસામે ગજની પર અધિકાર જમાવી ઘોરી વંશની સ્થાપના કરી.

### 5.1.3 મહમ્મદ ઘોરીના આક્રમણ

ગયાસુદ્દીને પોતાના ભાઈ મુઈજુદ્દીન મહમ્મદ બિન સામને ગજનીની સત્તા સૌંપી. ગયાસુદ્દીનના મૃત્યુ પછી મહમ્મદ ઘોરીએ ઘોર અને ગજનીને એક જ રાજ્યમા સંગઠિત કર્યો અને ત્યાંનો શાસક બન્યો. મહમ્મદ ઘોરીએ પણ ભારત પર સતત આક્રમણો કર્યા હતા. ઈ.સ. 1175માં મુલ્તાન અને સિંધ પર આક્રમણ, ઈ.સ. 1178માં ગુજરાત પર આક્રમણ, ઈ.સ. 1179માં પેશાવર પર આક્રમણ, ઈ.સ. 1181માં પંજાબ પર આક્રમણ, 1191 અને 1192માં તરાઈનના યુદ્ધો, ઈ.સ. 1194માં કન્નૌજ પર આક્રમણ, ઈ.સ. ૧૧૯૫-૯૬માં બયાના અને ગ્વાલિયર પર આક્રમણ. મહમ્મદ ઘોરીના આક્રમણોના પરિણામ મહમ્મદ ગઝનની જેમ નથી રહ્યા. શરૂઆતના આક્રમણોમાં મહમ્મદ ઘોરીને પરાજિત પણ થવું પડ્યું હતું. દાખલા તરીકે ગુજરાતના આક્રમણમાં ગુજરાતના શાસક મૂલરાજની સેનાએ ઘોરીને ભયંકર પરાજય આપ્યો. તરાઈનના પ્રથમ યુદ્ધમાં પણ ઘોરીની ભયંકર પરાજય થયો હતો. પરંતુ તરાઈનના વિજય પછી ઘોરીએ જીતેલા પ્રદેશોમાં પોતાના પ્રતિનિધિઓની નિમણુક કરી જેમાં કુતુબુદ્દીન ઐબકને ભારતના પોતાના જીતેલા પ્રદેશોનો પ્રતિનિધિ બનાવ્યો. ઈ.સ. 1192થી 1206 સુધી ઐબકે ભારતમાં મહમ્મદ ઘોરીના પ્રતિનિધિ તરીકે રહ્યો અને અનેક રીતે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. ઈ.સ. 1206માં મહમ્મદ ઘોરીની મૃત્યુ પછી ઐબકે ઘોરીના ભારતીયમાં જીતેલા પ્રદેશોનો સ્વતન્ત્ર સુલ્તાન બન્યો અને દિલ્હીને પાટનગર બનાવીને ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના કરી. દિલ્હી સલ્તનતની સ્થાપના ભારતીય ઇતિહાસ માટે એક નવા યુગની શરૂઆત હતી.

## 5.3 દિલ્હી સલ્તનતની સ્થાપના ભારતના પ્રમુખ રાજ્યો

ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના ઈ.સ. 1206માં થઈ હતી પરંતુ તુર્કોના આક્રમણોની શરૂઆત દસમી સદીના છેલ્લા તબક્કામા થઈ ગઈ હતી. દસમી સદીથી બારમી સદી સુધીના સમયગાળા દરમ્યાન ઉત્તર ભારતમાં રાજકીય વિખંડન જોવા મળે છે. ઉત્તર

*ભારતમાં અનેક રાજકીય સત્તાઓ આ સમય દરમ્યાન એક બીજા સાથે સંઘર્ષમાં રહેતી હતી અને આ પરિસ્થિતિના લીધે તેઓ ક્યારેય બાહ્ય આક્રમણોના વિરૂદ્ધ એક સશક્ત પ્રતિરોધ કરી શક્યા નહીં અને છેલ્લે બાહ્ય તાકતોનો વિજય થયો. આ બે સદીઓમાં ઉત્તર ભારતમાં નીચે મુજબની પ્રમુખ રાજકીય સત્તાઓ જોવા મળે છે.*

### 5.3.1 કાશ્મીર

*નવમી સદીમાં કાશ્મીરમાં કર્કોટક વંશની સત્તાના પતન પછી ઉત્પલ વંશ (ઈ.સ.* 855-949) *અને પૂર્વગુપ્ત વંશ (ઈ.સ.* 949-1003*)ની સત્તા હતી. અગિયારમી સદીની શરૂઆતમાં જ કાશ્મીરમાં લોહાર વંશની સત્તા સ્થપાઈ. પૂર્વગુપ્ત વંશની અંતિમ શાસક રાની દિદ્દાએ પોતાના ભાઈ લોહર રાજા વિગ્રહરાજના પુત્ર સંગ્રામરાજને કાશ્મીરનું રાજ્ય સોંપી દીધું હતું. મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે કાશ્મીર પર સંગ્રામરાજનું શાસન હતું. કવિ કલ્હણ આ વંશના શાસક જયસિંહના સમકાલીન હતા. ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના સમયે કાશ્મીરમાં લોહાર વંશનું શાસન હતું.*

### 5.3.2 પંજાબ

*ભારતના ઉત્તર પશ્ચિમી ક્ષેત્ર અને પંજાબમાં નવમી સદીથી અગિયારમી સદી સુધી હિન્દુશાહી વંશનું શાસન હતું. સુબુક્તગીન અને મહમ્મદ ગઝનીના આક્રમણો સમયે ત્યાંનો શાસક જયપાલ હતો. જયપાલ પછી આનન્દપાલ, ત્રિલોચનપાલ અને ભીમપાલ શાસક થયા. ભીમપાલ પછી હિન્દુશાહી વંશનો અંત થયો અને પંજાબનો આ વિસ્તાર ગજની રાજ્યનું અંગ બની ગયું. મહમ્મદ ઘોરીના આક્રમણના સમયે પંજાબમાં ખુસરો મલિક શાસક હતો. મહમ્મદના આક્રમણોના કારણે ખુસરો મલિકની સત્તા કમજોર થઈ ગઈ હતી અને છેલ્લે ઈ.સ.* 1192*માં ખુસરો મલિકની હત્યા કરી ઘોરીએ પંજાબના રાજ્યમાં પોતાનું આધિપત્યમાં મેળવી લીધું.*

### 5.3.3 સિંધ અને મુલ્તાન

*મુલ્તાનથી નીચેના દરિયાકાંઠા સુધીનો પ્રદેશ સિન્ધ પ્રદેશ રીતે ઓળખાતો હતો. પશ્ચિમમાં બલુચિસ્તાન સુધી અને પૂર્વમાં ભારતીય રણક્ષેત્ર સુધી આ રાજ્યનો વિસ્તાર હતો. શરૂઆતના આરબ આક્રમણો સિંધ પર જ થયા હતા અને ત્યારે ત્યાં બ્રાહ્મણ શાસક દાહિરનું શાસન હતું. દાહિરે શરૂઆતમાં આરબોના આક્રમણોના સફળ પ્રતિરોધ કર્યો પરંતુ છેલ્લે આરબોએ સફળતા મેળવી અને સિંધ પર તેમનો અધિકાર થઈ ગયો. અગિયારમી સદીના મહમ્મદ ગઝનીએ આ પ્રદેશને આરબોના અધિકારથી મુક્ત કરાવ્યો અને પોતાના સામ્રાજ્યમાં મેળવી લીધો પરંતુ તેમનો પ્રભાવ ઉત્તરી સિંધમાં જ રહ્યો. દક્ષિણી સિંધમાં સુમર નામક હિન્દુ વંશની સત્તા સ્થપાઈ જે દિલ્હીમાં સલ્તનતની સ્થાપના સમયે પણ હતી. ઉત્તરી સિન્ધમાં સુન્ની જાતિના મુસલમાન શાસકો હતા અને મુલ્તાનમાં કરમાથી મુસલમાનોની સત્તા હતી. એ બન્ને રાજ્યો શિયા સંપ્રદાયના હતા.*

### 5.3.4 દિલ્હી અને અજમેર

*મહમદ ગઝનીના આક્રમણ સમયે દિલ્હીમાં તોમર વંશની સત્તા હતી. ગઝનીએ ઈ.સ. ૧૦૧૪માં થાનેશ્વર પર આક્રમણ કર્યું. હતું. દિલ્લી પર શાકમ્ભરીના ચૌહાણ નજર રહેતી. શાકમ્ભરીન ચૌહાન શાસક વિગ્રહરાજ વિસલદેવે બારમી સદીના મધ્યમાં તોમરો પાસેથી દિલ્હી જીતી લીધું. ઈ.સ. ૧૧૭૭માં પૃથ્વીરાજ ગાદીએ આવ્યો. પૃથ્વીરાજ સાથે મહમ્મદ ઘોરીના બે યુદ્ધો થયા જે તરાઈનના પ્રથમ અને બીજા યુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે. બીજા યુદ્ધમાં પૃથ્વીરાજની પરાજય થઈ અને એ રાજ્ય મહમ્મદ ઘોરીના પ્રભુત્વમાં એક રાજ્ય તરીકે રહી ગયું હતું.*

### 5.3.5 કન્નૌજ

*મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે કન્નૌજમાં પ્રતિહાર વંશનો શાસક રાજ્યપાલ રાજ કરતો હતો. આ આક્રમણ પછી કન્નૌજમાં અરાજકતા પ્રવર્તી. ઈ.સ.* 1080*માં ત્યાં ગહડવાલ વંશની સત્તાની પ્રતિષ્ઠા થઈ.  ગહડ઼ વાલ વંશના શાસકોએ સમય સમયપર મુસ્લિમ આક્રમણોનો પ્રતિરોધ કરતા રહ્યા. આ વંશમાં ચન્દ્રદેવ, ગોવિન્દચન્દ્ર, વિજયચન્દ્ર અને જયચન્દ્ર નામક શાસકો થયા. મહમ્મદ ઘોરીના આક્રમણો સમયે ત્યાં જયચન્દ્ર નામક શાસક રાજ કરતો હતો. ઈ.સ.* 1194*ના ચંદાવરના યુદ્ધમાં જયચન્દ્રની પરાજય થાય છે. તેના પછી મહમ્મદ ઘોરીએ જયચન્દ્રના પુત્ર હરિશચન્દ્રને કન્નૌજની સત્તા સોંપી છે. ઈ.સ.* 1226 *સુધી આ વિસ્તારમાં*

### 5.3.6 જેજાકભુક્તિ

*નવમી સદીમાં નન્નુકના નેતૃત્વમાં બુંદેલખંડમાં ચંદેલ શક્તિનો ઉદ્ભવ થયો. નન્નુકના પૌત્ર જેજા અથવા જયશક્તિના નામે આ રાજ્યનું નામ જેજાકભુક્તિ થયું. હર્ષદેવ ચન્દેલ, યશોવર્ધન, ંગ ચંદેલો પ્રારંભિક પ્રમુખ શાસકો થયા. મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે ચંદેલ શાસક ગંડ હતો. છેલ્લે તેણે મહમદ સમક્ષ આત્મસમર્પણ કર્યું. અને મહમ્મદે વિજિત પ્રદેશો પરત કર્યા. તેના પછી કીર્તિવર્ધન અને મદનવર્ધન શાસકો થયા. બારમી સદીના છેલ્લા તબક્કામાં ચંદેલોનો શાસક પરમર્દીદેવ થયો. ઈ.સ. ૧૧૮૨-૮૩માં ચૌહાણ શાસક પૃથ્વીરાજ ચૌહાણ સાથે પરમર્દીદેવનો સંઘર્ષ થયો જેમાં પરમર્દીદેવની પરાજય થયો. ઈ.સ.* 1203*માં કુતુબુદ્દીન ઐબક સાથે થયેલ સંઘર્ષમાં પરમર્દીદેવના રાજ્યનો અંત આવ્યો અને ત્યાં મુસ્લિમ સત્તાની શરૂઆત થઈ.*

### 5.3.7 ત્રિપુરી

*ત્રિપુરી વર્તમાનનાં મધ્યપ્રદેશના જબલપુર પાસે તેંવર નામક સ્થળ છે. ત્યાં કલચુરી અથવા ચેદી વંશનો રાજ્ય હતું. તેઓ કાર્તવીર્ય અર્જુનના વંશજો કહેવામાં આવે છે. નવમી સદીમાં ત્યાં કોક્કલ નામક વિખ્યાત શાસક થયો. તેના પછી અગિયારમી સદીની શરૂઆતમાં ત્યાં ગાંગેયદેવ નામક પ્રસિદ્ધ શાસક થયો જેમણે કલચુરિઓની સત્તાનો પ્રસાર કર્યો. તેના પછી લક્ષ્મીકર્ણ શાસક થયો. કલચુરિઓનો સતત સંઘર્ષ પડોસી*

*રાજ્યો સાથે થતો રહ્યો. બારમી સદીમાં ચંદેલો સાથેના સંઘર્ષમાં કલચુરી રાજ્યનો અંત આવ્યો.*

**5.3.8 ગ્વાલિયર**

*ગ્વાલિયરમાં દસમી સદીમાં કચ્છપઘાત વંશનું શાસન હતું. મહમ્મદ ગઝનીએ ગ્વાલિયર પર આક્રમણ કર્યું અને વિજય મેળવ્યો. મહમ્મદ ઘોરીના આક્રમણના સમયે ગ્વાલિયરમાં પ્રતિહાર વંશનું રાજ્ય હતું. ઐબકના ગ્વાલિયરના વિજય પછી વિગ્રહરાજે ગ્વાલિયર પુનઃ મેળવ્યું પરંતુ ઈ.સ. ૧૨૩૫માં ઇલ્તુતમિશે પુનઃ ગ્વાલિયર પર અધિકાર કર્યું.*

**5.3.9 નાડોલ અને જાલોર**

*રાજપુત યુગમાં નાડોલ અને જાલોરમાં ચાહમાન વંશની સત્તા હતી. શાકમ્ભરીના ચાહમાન શાસક વાકપતિરાજના પુત્ર લક્ષમણના સમયમાં નાડોલમાં ચાહમાન સત્તાનો ઉદય થયો. આ જ વંશના શાસકોએ જાબાલિપુર (જાલોર)માં ચાહમાન સત્તાની સ્થાપના કરી. ભારતમાં મહમ્મદ ઘોરીના આક્રમણના સમયમાં નાડોલ અને જાલોરમાં ચાહમાન વંશની સત્તા હતી.*

**5.3.10 મેવાડ઼**

*છઠ્ઠી સદીમાં મેવાડ઼ માં ગુહાદિત્યે ગોહિલ વંશની સ્થાપના કરી હતી. પરંતુ બપ્પા રાવલને આ રાજ્યનો વાસ્તવિક સંસ્થાપક માનવામાં આવે છે. ભારતમાં મહમ્મદ ગઝની અને મહમ્મદ ઘોરી ના આક્રમણો સમયે દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનના વિસ્તારમાં, ગુજરાત અને માળવાના માર્ગમાં ગોહિલ શાસકોની સત્તા હતી.*

**5.3.11 ગુજરાત**

*પશ્ચિમી ભારતમાં ગુજરાતમાં દસમી સદીમાં સોલંકી વંશનું શાસન હતું. મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે ગુજરાતમાં ભીમ પ્રથમનો શાસન હતો. ભીમ પછી કર્ણ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ જેવા શાસકો થયા જેમણે સોલંકીઓના રાજ્યને ઉત્તર ભારતમા પ્રભુત્વ અપાવ્યું. સોલંકીઓના પછી ગુજરાતમાં વાઘેલા વંશની સત્તા આવી. - દિલ્હી સલ્તનતની સ્થાપનાના સમયે ગુજરાતમાં સોલંકી વંશના શાસક ભીમદેવ બીજાનું (ઈ.સ.* 1178-1242*) શાસન હતો.*

**5.3.12 માળવા**

*નવમી સદીમાં મધ્યભારતના માળવા પ્રાંતમાં પરમારોની સત્તાની શરૂઆત થઈ હતી. સીયક, મુંજ, સિન્ધુરાજ, ભોજ જેવા શક્તિશાળી શાસકોના આધારે પરમારો એક સમયમાં મધ્ય અને ઉત્તર ભારતની પ્રમુખ શક્તિ હતા. આસપાસના બીજા રાજ્યો જેમ કે ગુજરાતના સોલંકીઓ, ત્રિપુરીના કલચુરીઓ, કલ્યાણીના ચાલુક્યો, જેજાકભુક્તિના*

*ચંદેલો સાથે તેમનો સતત સંઘર્ષ જારી રહ્યો. ગઝની અને ઘોરીના આક્રમણો સમયે માળવામાં પરમાર વંશની સત્તા હતી.*

### 5.3.13 બંગાળ

*ભારતના પૂર્વી વિસ્તારમાં આવેલા બંગાળમાં ગુપ્તોત્તર કાલમાં ગૌડ઼ વંશનો શાસન હતું. આઠમી સદીના ઉત્તરાર્ધમાં બંગાળમાં એક નવા પાલ વંશનો ઉદય થયો. ગોપાલ, ધર્મપાલ, દેવપાલ, નારાયણપાલ જેવા શાસકોને અધીન પાલ વંશ ઉત્તર અને પૂર્વી ભારતની એક પ્રમુખ સત્તા બની ગઈ હતી. ગઝનીના આક્રમણના સમયે નહીં પાલ વંશની સત્તા હતી. પૂર્વી અને સૂદૂર વિસ્તાર થવાના લીધે ગજનવી અહીં સુધી આવી શક્યો નહીં. બારમી સદીના અંત આવતા પાલોની સત્તા પણ સમાપ્ત થઈ અને આ વિસ્તારમાં સેન વંશની પ્રભુસત્તા (ઈ.સ. 1095-1199) સ્થપાઈ. સેન વંશના શાસકોમાં વિજયસેન, બલ્લાલસેન, લક્ષ્મણસેન પ્રમુખ હતા. લક્ષ્મણસેનના સમયમાં ઈ.સ. ૧૧૯૯માં મહમ્મદબિન બખ્તયાર ખિલજીએ બંગાળ પર આક્રમણ કર્યું હતું અને બંગાળ પર અધિકાર મેળવ્યો હતો.*

### 5.3.14 બયાના

*પૂર્વી રાજસ્થાનમાં શ્રીપથ રાજ્યમાં યદુવંશીઓનું રાજ્ય હતું. અગિયારમી સદીમાં જૈતપાલ અને વિજયપાલ નામના શાસકો થયા. ઈ.સ. ૧૧૯૬માં જ્યારે કુંવરપાલ બયાનાનો શાસક હતો ત્યારે મહમ્મદ ઘોરીએ હુમલો કર્યો હતો અને બયાનાને વિજયી કર્યો હતો. તેરમી સદીના અંત સુધી ત્યાં યદુવંશી શાસકો શાસન કરતા હતા.*

### 5.3.15 કલિંગ

*પૂર્વી સમુદ્રી તટ પર મહાનદીથી ગોદાવરી વચ્ચેનો વિસ્તાર કલિંગ રાજ્ય હતો. કલિંગમાં આઠમી સદીના આરંભમાં પૂર્વી ગંગ વંશની સત્તા સ્થપાઈ. આ વંશનો સૌથી પ્રતાપી શાસક અનન્તવર્મન હતો. દિલ્હીથી સલ્તનતની સ્થાપના પછી કલિંગ પર સતત આક્રમણો થતા રહ્યા.*

## 5.4 દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વ દક્ષિણ ભારતના પ્રમુખ રાજ્યો

*દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વે દક્ષિણ ભારતમાં અનેક સત્તાઓ પોતાના અધિપત્ય માટે સંઘર્ષરત હતી. ઉત્તરી ભારતમાં જે વિદેશી આક્રમણો થયા તેવી રીતેના આક્રમણોથી દક્ષિણ ભારતના રાજ્યો દૂર જ રહ્યા. તેમણે આવા આક્રમણોનો સામનો નથી કરવો પડ્યો. પરંતુ દક્ષિણના રાજ્યો પરસ્પર રાજકીય વર્ચસ્વ માટે સતત સંઘર્ષરત તો રહ્યા જ. - દિલ્હીમાં સલ્તનતની સ્થાપના પછી પણ કેટલાંક સમય સુધી દક્ષિણના રાજ્યો અને વિશેષ કરીને સુદૂર દક્ષિણના રાજ્યો પર દિલ્હીના સુલ્તાનોનું કોઈ આક્રમણ નથી થયો. સૌથી પહેલા અલાઉદ્દીન ખિલજી દક્ષિણના રાજ્યો તરફ જુવે છે અને દક્ષિણના*

કેટલૉક રાજ્યો પર આક્રમણ કરીને પરાસ્ત કરે છે. અગિયારમી સદીથી તેરમી સદીના પ્રથમ દાયકામાં દક્ષિણ ભારતમાં નીચે મુજબની રાજકીય સત્તાઓ રહી હતી.

### 5.4.1 ચાલુક્ય

દસમી સદીના અંતિમ તબક્કામાં રાષ્ટ્રકૂટોના પતન પછી કલ્યાણીમાં ચાલુક્ય વંશની સત્તાનો ઉદય થયો. તે કલ્યાણીના ચાલુક્યોના નામે ઓળખાયા. કલ્યાણીના ચાલુક્યોનો સંઘર્ષ ઉત્તર અને દક્ષિણ ભારતની રાજનીતિક શક્તિઓ સાથે સતત થતો રહ્યો. તૈલ બીજો, સત્યાશ્રય, જયસિંહ બીજો, સોમેશ્વર બીજો, વિક્રમાદિત્ય ચોથો આ વંશના પ્રમુખ શાસકો થયા. બારમી સદીના અંતિમ તબક્કામાં તેમને અંતિમ શાસક સોમેશ્વર ચોથો (ઇ.સ. 1181-1186) હતો. તેના સમયમાં દક્ષિણ કર્ણાટકમાં હોયસલો અને ઉત્તરી કર્ણાટકમાં યાદવો તેમનાથી સ્વતંત્ર થયા. કાકતીયો પણ સોમેશ્વર ચોથાના સમયમાં સ્વતંત્ર થયા હતા.

### 5.4.2 દેવ ગિરિના યાદવ

જ્યારે દખ્ખનમાં રાષ્ટ્રકૂટોની અને દક્ષિણમાં કલ્યાણીના ચાલુક્યોની સત્તા હતી ત્યારે દેવગિરિના યાદવો તેમના અધિનસ્થ રાજ્ય તરીકે રાજ કરતા હતા. કલ્યાણીના ચાલુક્ય શાસક સોમેશ્વર ચોથાના સમયમાં ઈ.સ. ૧૧૮૭માં કૃષ્ણા નદીના ઉત્તરના વિસ્તારો યાદવોના શાસક ભિલ્લમ પાઁચમાંના નેતૃત્વમાં સ્વતંત્ર થઈ ગયા. ભિલ્લમે પોતાના રાજ્યની રાજધાની દેવગિરિમાં સ્થાપિત કરી. વારંગલના હોયસલ શાસક વીર બલ્લાલ સાથે સંઘર્ષમાં ભિલ્લમ માર્યો ગયો અને તેના પછી જૈતુગી શાસક બન્યો. જૈતુગી પછી સિંઘણ (ઈ.સ. 1210-1247) શાસક બન્યો.

### 5.4.3 બનવાસી

બનવાસી કર્ણાટકનો વિસ્તાર છે ત્યાં કદમ્બ વંશના શાસકોની સત્તા હતી. પલ્લવોના સમયમાં કદમ્બ વંશની સત્તાની સ્થાપના થઈ હતી પરંતુ બાદામીના ચાલુક્યોના પ્રભાવના લીધે કદમ્બો પોતાની સ્વતંત્ર સત્તા ગુમાવી. રાષ્ટ્રકૂટોના પતન પછી દસમી સદીમાં કદંબ સત્તા પુનઃ જીવિત થઈ. કલ્યાણીના ચાલુક્યો, ચોલો, હોયસલો સાથે તેમનો સંઘર્ષ સતત રહ્યો. ઉત્તર ભારતના રાજવંશો સાથે કદમ્બોના સંબંધો હતા. દસમી સદીમાં કદમ્બોનો બીજા રાજ્ય અસ્તિત્વમાં આવ્યા જેમનું પાટનગર ચંદ્રપુરમાં હતું. જયકેશી પહેલાએ ગપકપત્તન (ગોવા)ને પોતાનો પાટનગર બનાવ્યું. દિલ્હીમાં સલ્તનતની સ્થાપનાના સમયે ત્યાં જયકેશી ત્રીજાનું શાસન હતું.

### 5.4.4 વારંગલ

કલ્યાણીના ચાલુક્યોના પતન પછી તેલંગાણાના વિસ્તારમાં કાકતીય વંશની સત્તા પ્રવર્તિ. કાકતીયોનું પ્રારમ્ભિક સત્તાનું કેંદ્ર હનુમકોંડ હતું. પરંતુ પછીથી તેમની રાજધાની વારંગલ થઈ હતી. તેથી તેઓ વારંગલના કાકતીય રીતે ઓળખાય છે. આ વંશના પ્રમુખ

શાસક પ્રોલરાજ, રૂદ્ર, મહાદેવ અને ગણપતિ હતા. દિલ્હી સલ્તનતની સ્થાપનાના સમયમા હોયસેલ શાસક ગણપતિ હતો.

**5.4.5 દ્વારસમુદ્ર**

હોયસલોના અભિલેખોમાં યાદવકુલતિલક અથવા ચંદ્રવંશીય ક્ષત્રિય લખેલુ મળે છે. કર્ણાટકના મૈસુરના એક નાના વિસ્તાર પર આ વંશનું શાસન હતું અને તેઓ ચોલોં અને કલ્યાણીના ચાલુક્યોના આધીન રાજ્ય હતા. વિનયાદિત્ય (ઈ.સ. ૧૦૪૫)ના સમયમાં હોયસલાએ પોતાની સત્તાનો પ્રસાર કર્યો. બિટ્ટિગ વિષ્ણુવર્ધનના સમયમાં હોયસલાએ દક્ષિણમાં પોતાની સત્તામાં વધારો કર્યો અને પાટનગર દ્વારસમુદ્ર બનાવ્યો. આ વંશનો સૌથી પ્રતાપી શાસક વીર બલ્લાલ (૧૧૭૨-૧૨૧૫) હતો જે વિષ્ણુવર્ધનનો પૌત્ર હતો.

**5.4.6 મદુરૈ**

મદુરૈમાં પાણ્ડ્ય રાજ્યની સત્તા હતી. પાણ્ડ્યો પણ ચોલ અને ચેરોની જેમ પ્રાચીન રાજવંશ હતો. સુદૂર દક્ષિણમાં પૂર્વી તટ પર પાણ્ડ્યોની સત્તા હતી. ચોલોની જેમ જ પાણ્ડ્યોનો ઈતિહાસ પણ સંગમયુગ પછી અંધકારમય છે. સાતમી સદીમી પાણ્ડ્યોએ પોતાના સ્વતન્ત્ર રાજ્યની સ્થાપના કરી છે. પરંતુ ચોલ શાસક પરાન્તક પ્રથમના સમયમાં પાણ્ડ્ય રાજ્ય પોતાની સ્વતંત્ર સત્તા ગુમાવી દીધી. ઈ.સ. 1190માં જટાવર્ધન કુલશેખરના સમયમાં પાણ્ડ્યોએ ફરીથી પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી. દિલ્હીમાં સલ્તનત સ્થાપનાના સમયે પાણ્ડ્ય શાસક જટાવર્ધન કુલશેખર (ઈ.સ. 1190-1216) હતો.

**5.4.7 તંજૌર**

દક્ષિણમાં તંજૌરના ચોલ સૌથી પ્રમુખ રાજ્ય હતા. દક્ષિણ ભારતના ત્રણ પ્રમુખ પ્રાચીન વંશોમાનો ચોલ એક છે. પરંતુ નવમી સદીમાં દક્ષિણ ભારતમાં જે ચોલ વંશની સત્તા હતી તેમને પરવર્તી ચોલ કહેવામાં આવે છે કેમ કે સંગમયુગીન ચોલ વંશ અને પરવર્તી ચોલવંશ વચ્ચે લગભગ છઃ સદીઓનું અંતર છે. નવમી સદીથી તેરમી સદીના અંત સુધી દક્ષિણ ભારતમાં પરવર્તી ચોલોનું પ્રભુત્વ રહ્યું હતું. દસમી સદીની શરૂઆતમાં ચોલ દક્ષિણ ભારતની એક પ્રમુખ સત્તા બની જાય છે જે તેરમી સદીના અંત સુધી તંજોર પર રાજ કરે છે. દિલ્હીમાં સલ્તનતની સ્થાપનાના સમયે ચોલ શાસક કુલોત્તુંગ ત્રીજો (ઈ.સ. 1178-1218) હતો.

**5.4.8 શિલાહાર વંશ**

શિલાહાર વંશની કુલ ત્રણ શાખાઓ હતી. પ્રથમ શાખા આઠમી સદીથી અગિયારમી સદી સુધી રાજ કર્યું જેમનું પાટનગર ગોવા હતું અને પછી પતન થયું. બીજી શાખા ઉત્તરી કોંકણમાં હતી. જે નવમી સદીથી તેરમી સદી સુધી થાણા અને રત્નાગિરીના વિસ્તારમા શાસન કર્યું. ત્રીજી શાખા કોલ્હાપુર અને સતારાની હતી જે અગિયારમી

સદીમા સત્તામાં આવી હતી. શિલાહારો મૂળ રૂપે રાષ્ટ્રકૂટો, ચાલુક્યો અને યાદવોના આધીન રાજ્યની જેમ જ રાજ કર્યું હતું.

### 5.4.9 ચેર

ચેર વંશની ગણતરી દક્ષિણ ભારતના પ્રાચીનતમ રાજવંશમાં કરવામાં આવે છે. અગિયારમીથી તેરમી સદી સુધી ચેર રાજ્યના સંઘર્ષ ચોલો અને પાંડ્યો સાથે થતા રહ્યા અને તેઓ ચોલોના અધિનસ્થ રાજ્યની જેમ પણ રહ્યા. તેરમી સદીના અંતમાં આ વંશ ફરીથી રવિવર્ધન કુલશેખરના નેતૃત્વમાં પોતાની સત્તાનો પ્રસાર કર્યો પરંતુ તેમના પછી ચેર વંશનું પતન થઈ ગયું.

**તમારી જાતે ચકાસો**

1. ઉત્તર ભારતમાં થયેલ આરબ આક્રમણો વિશે ચર્ચા કરો.
2. ભારતમાં આરબ આક્રમણોના પ્રભાવ અંગે ચર્ચા કરો.
3. ઉત્તર ભારતના રાજ્યોના આપસી સંબંધો ચકાસો.
4. ઉત્તર અને દક્ષિણ ભારતના ક્યા રાજ્યો પરસ્પર સંઘર્ષરત રહ્યા હતા તે ચકાસો.

## 5.5 સારાંશ

ભારતના ઈતિહાસમાં અગિયારમીથી તેરમી સદીનો સમય અત્યંત મહત્વપૂર્ણ સમય છે. આ સમય દરમ્યાન ભારતમાં પશ્ચિમી ક્ષેત્રથી વિદેશી આક્રમણો થયા હતા. આ આક્રમણોનો તત્કાલિક પ્રભાવ તો હતો જ પરંતુ દીર્ઘકાલીન પ્રભાવ વધારે પડ્યો. પ્રાચીન કાળથી પશ્ચિમ તરફથી સતત આક્રમણો થતા રહ્યા છે પરંતુ આ સમય દરમ્યાન થયેલા આક્રમણોએ ભારતનો આખો ઈતિહાસ જ ફેરવી નાખ્યો હતો. આ પહેલા જે આક્રમણો થયા તેમાં આક્રમણકારીઓએ પોતાની સત્તાઓની સ્થાપના પણ કરી હતી પરંતુ તે ભારતમાં સમિશ્રિત થઈ ગયા હતા. ભારતીય ધર્મ, સંસ્કૃતિ, વિચાર, દર્શન વગેરેને અપનાવ્યો અને તે પ્રમાણે જ રહ્યા. તેમણે ભારતીય શાસકો પર આક્રમણો કર્યા પરંતુ ભારતીય જનમાનસને પ્રભાવિત કરવાના પ્રયાસો નહીંવત કર્યા હતા. પરંતુ આ સમયમાં થયેલા આક્રમણો ભારતીય જનમાનસને પ્રભાવિત કરનાર હતા. તે આક્રમણો ફક્ત રાજકીય સત્તા પ્રાપ્ત કરવા માટે નહી પરંતુ આર્થિક,ધાર્મિક અને સાંસ્કૃતિક કારણોસર પણ થયા હતા. તેરમી સદીની શરૂઆતમાં ભારતમાં વિધિવત રૂપે મુસ્લિમ સત્તાની સ્થાપના દિલ્હીમાં થઈ હતી જેણે સલ્તનત તરીકે ઓળખવામાં આવે છે. દિલ્હીમાં એક વિદેશી સત્તાની સ્થાપના અને તેમનો વિકાસ કોઈ અચાનક થએલી ઘટના નથી પરંતુ ભારતમાં છેલ્લી પાઁચ સદીઓથી જે રાજકીય વિકેન્દ્રીકરણ થયું અને તેનો દુષ્પ્રભાવ ભારતીય પ્રતિરોધ ક્ષમતા પર પડ્યો તે મહત્વનું હતું. ઉત્તર અને દક્ષિણ ભારતમાં કોઈ પણ એવી સત્તા ન હતી જે વિદેશી આક્રમણોનો સફળતાપૂર્વક સામનો કરી શકે. પરિણામસ્વરૂપે

*દિલ્હીમાં સ્થપાએલી સલ્તનત આવનાર ત્રણ સદીઓમાં સંપૂર્ણ ભારત પર પ્રસરી અને ભારતીય રાજનીતિને બદલી નાખી.*

## 5.6 શબ્દાવલી

1. *ખલિફા – પૈગમ્બર મહમ્મદ સાહબના પ્રતિનિધિ અથવા ઉત્તરાધિકારીને ખલિફા કહેવામાં આવે છે. ઈસ્લામી રાજ્યોના રાજકીય પ્રમુખ તરીકે ખલિફાઓ હતા.*
2. *સલ્તનત – ખલિફાના રાજ્યને ખિલાફત કહેવામાં આવે છે અને સલ્તનતને ખિલાફતનો જ એક ભાગ માનવામાં આવે છે.*
3. *સંગમયુગ – તમિલ ભાષાના પ્રાચીન સાહિત્યની રચના જે સંમેલનોમાં થઈ તેમને સંગમ કહેવામાં આવે છે. આ સાહિત્યને સંગમ સાહિત્ય કહેવામાં આવે છે અને આ સાહિત્યમાં જે યુગનો વર્ણન છે તે યુગને સંગમયુગ કહેવામાં આવે છે.*

- **સ્વાધ્યાય**

1. *આઠમી સદીથી બારમી સદા સુધી ભારતમાં થયેલા વિદેશી આક્રમણોની ચર્ચા કરો.*
2. *તેરમી સદીના પ્રારંભમાં ઉત્તર ભારતની રાજકીય સ્થિતિની ચર્ચા કરો.*
3. *તેરમી સદીના પ્રારંભમાં દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિની ચર્ચા કરો.*
4. *મુસ્લિમ આક્રમણો દ્વારા નષ્ટ પામેલી ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય સત્તાઓની ચર્ચા કરો.*

## 5.7 સંદર્ભ સૂચિ


1. पाएडेय विमलचंद्र, प्राचीन भारत का राजनीतिक तथा सांस्कृतिक इतिहास भाग-2, सेंट्रल पब्लिकेशिंग हाउस,इलाहाबाद, 2001(पंचम संशोधित संस्करण)
2. मजूमदार रमेशचंद्र, प्राचीन भारत, मोतीलाल बनारसीदास प्रकाशन, दिल्ही,1995
3. त्रिपाठी, रमाशंकर, प्राचीन भारत का इतिहास, मोतीलाल बनारसीदास प्रकाशन, दिल्ही,1971 (छठ्ठा संस्करण)
4. श्रीवास्तव के.सी. प्राचीन भारत का इतिहास तथा संस्कृति, 1990
5. भट्टाचार्य सच्चिदानन्द, भारतीय इतिहास कोश, उत्तर प्रदेश हिदी संस्थान, लखनऊ,2004 (चतुर्थ संस्करण)
6. *ચોપરા પી.એન. (સંપા.), ભારતનું ગઝેટિયર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2001
7. *વર્મા હરીશચન્દ્ર (સંપા.), મધ્યકાલીન ભારત ભાગ-*1 (750-1540), *હિંદી માધ્યમ કાર્યાનવ્ય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય, નઈ દિલ્લી,* 2011.

8. દુબે હરિ નારાયણ, દક્ષિણ ભારત કા બૃહત્ ઈતિહાસ, શારદા પુસ્તક ભવન, ઈલાહાબાદ, 2004.
9. શાસ્ત્રી નીલકણ્ઠ, દક્ષિણ ભારત કા ઈતિહાસ, પટના, 1972.
10. ભાર્ગવ વી.એસ., પ્રાચીન ભારતીય ઈતિહાસ, રિસર્ચ પબ્લિકેશન, જયપુર, 2011
11. લુણિયા બી.એન., પૂર્વ મધ્યકાલીન ભારત કા રાજનીતિક એવં સાંસ્કૃતિક ઈતિહાસ, કમલ પ્રકાશન, ઈન્દૌર, 1975 (દ્વિતીય સંસ્કરણ)
12. પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રન્થ-4, શેઠ ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, 2005 (દ્વિતીય સંસ્કરણ)
13. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, પ્રાચીન ભારત ભાગ – 2, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ ગુજરાત, અમદાવાદ, 2018 (તૃતીય આવૃત્તિ)

x